# યશાયા

1 આમોસના પુત્ર યશાયાએ યહૂદામાં ઉઝિઝયા, યોથામ,
આહાઝ અને હિઝિક્યા રાજાઓના અમલ દરમ્યાન સંદર્શનો જોયાં.
તે સંદર્શનોમાંથી તેને સંદેશા મળ્યા. આ સંદેશાઓમાં યહોવાએ
યરૂશાલેમ અને યહૂદામાં આવનાર દિવસોમાં શું બનવાનું હતું તે
તેને બતાવ્યું.

### બંડખોર પ્રજાને યહોવાનો સંદેશ

2 હે આકાશ અને પૃથ્વી! સાંભળો, કારણ, યહોવા બોલે છે:

"જે બાળકોને મેં ઉછેરીને મોટાં કર્યા છે,
તેઓએ મારી વિરુદ્ધ બંડ કર્યું છે.
3 બળદ જેમ પોતાના ધણીને ઓળખે છે
અને ગધેડો પોતાના ધણીની ગભાણને ઓળખે છે;
પણ ઇસ્રાએલને ડહાપણ
અને સમજણ નથી."

4 ઓહ! પાપી પ્રજા, હે અપરાધોથી લદાયેલા લોકો, હે
કુકમીર્ઓ, હે વંઠી ગયેલાઁ છોકરાં! તમે યહોવાનો ત્યાગ કર્યો છે.
તમે ઇસ્રાએલના પવિત્ર દેવને તિરસ્કાર્યા છે. અને તેમનાથી તમે
અજાણ્યાની જેમ વિમુખ થઇ ગયા છો.
5 દેવ કહે છે, "હે મારા લોકો, શું હજુ તમારે વધારે માર ખાવો
છે? તે આમ બળવા ઉપર બળવો કર્યા કરો છો? તમારું માથું
રોગિષ્ઠ છે અને તમારાં હૃદય અને મન અશુદ્ધ છે.
6 પગના તળિયાથી માંડીને તે માથા સુધી કોઇ અંગ સાજુ નથી;
ફકત ઘા, ઉઝરડા અને દૂઝતા ઘા છે; નથી તમે તમારા ઘા સાફ
કર્યા કે નથી પાટા બાંધ્યા, નથી તેના પર તેલ ચોપડવામાં આવ્યું.
7 "તમારો દેશ ઉજ્જડ થઇ ગયો છે, તમારાં નગરો આગમાં
ભસ્મ થઇ ગયાં છે; તમારી નજર આગળ પરદેશીઓ તમને લૂંટે
છે, અને તેઓની નજરે જે પડે છે તેનો નાશ કરે છે.

8 “સિયોન નગર બધી વસ્તુઓથી વંચિત થઇ ગયું છે જેમકે
દ્રાક્ષની વાડીઓમાં આશ્રય અથવા કાકડીના ખેતર તે ઘેરાબંધ
શહેર જેવું છે.
9 જો સૈન્યોના દેવ યહોવાએ આપણામાંના થોડાકને બાકી રહેવા
ન દીધા હોત, તો આપણે સદોમ અને ગમોરાના જેવા નામશેષ
થઇ ગયા હોત.”
10 હે યરૂશાલેમના રાજકર્તાઓ અને પ્રજાજનો, તમે સદોમના
અને ગમોરાના રાજકર્તાઓ અને પ્રજાજનો જેવા થઇ ગયા છો.
તમે યહોવાની વાણી સાંભળો, આપણા દેવના નિયમશાસ્ત્ર પ્રત્યે
કાને ધરો.
11 યહોવા કહે છે, તમારા અસંખ્ય યજ્ઞો મારી આગળ તમે
કર્યા છે છતાં તે મારે કોઇ કામના નથી. તમારા પુષ્ટ ઘેટાંની મારે
જરૂર નથી. તમારાં અર્પણો, ગોધા, હલવાન તથા બકરાનું લોહી
મને ભાવતું નથી.
12 તમને મારા માટે અર્પણો લાવવા કોણે કહ્યું હતું? મારા
મંદિરના આંગણાને હવે જરાપણ કચડો નહિ.
13 “તમારા નકામા ખાદ્યાર્પણો લાવશો નહિ, ધૂપ તો મને
તિરસ્કારરૂપ લાગે છે; ચંદ્રદર્શન, સાબ્બાથ દિવસો અને ધર્મમેળો
એમાં કેવળ પાપીઓ જ ભેગા થાય છે.
14 તમારાઁ ચદ્રદર્શનને અને તમારા પર્વોને હું ધિક્કારું છું. હું તે
સહન કરી શકતો નથી.
15 “પણ જો તમે મારી સામે તમારો હાથ ઉગામશો, ત્યારે હું
મારી આંખો ફેરવી લઇશ. હવે વધારે હું તમારી પ્રાર્થનાઓને નહિ
સાંભળું, કેમકે તમારો હાથ લોહીથી ખરડાયેલો છે.
16 “સ્નાન કરીને શુદ્ધ થાઓ. મારી આંખ આગળ દુષ્કૃત્યો
કરવાનું બંધ કરો, ભૂંડા કામ કરવાના છોડી દો. અને ભલું કરતાં
શીખો.
17 ન્યાયને માગેર્ ચાલો, જેમના પર ત્રાસ થાય છે તેમને બચાવો,
અનાથનું રક્ષણ કરો, વિધવાઓ અને ગરીબોને મદદ કરો, તેમના
પ્રત્યે માયાળુ બનો.”

18 યહોવા કહે છે, "આવો, આપણે એક સમજૂતી પર આવીએ.
તમારાં પાપના ડાઘ ગમે તેટલા ઘેરા હશે, તો પણ હું તેને દૂર
કરીશ. અને તમને તાજાં વરસેલાં હિમ જેવા; ને ઊન જેવા શ્વેત
બનાવીશ.
19 "જો તમે રાજીખુશીથી આજ્ઞા પ્રમાણે વર્તશો, ને કામ કરશો
તો તમે ધરતીનો મબલખ પાક ભોગવવા પામશો.
20 પણ જો તમે મારી આજ્ઞાઓનું ઉલ્લંઘન કરશો તો તમે
તરવારના ભોગ થઇ પડશો."
આ યહોવાના મુખનાં વચનો છે.

## યરૂશાલેમ દેવ પ્રત્યે વિશ્વાસ યોગ્ય નથી

21 જે નગર દેવને વફાદાર હતું અને સંપૂર્ણ ન્યાયથી વર્તતુ હતું.
તે આજે કેવું ષ્ટ બની ગયું છે! ત્યાં ધર્મનિષ્ઠાનો વાસ હતો, પણ
આજે તો ત્યાં ખૂનીઓ વસે છે.
22 હે યરૂશાલેમ, તું ચાંદીની હતી તે કલાઇની થઇ ગઇ છે; તું
શુદ્ધ રહી નથી, તમારા દ્રાક્ષારસમાં પાણી મિશ્રિત કરવામાં આવ્યું
છે, અગાઉ તમે શુદ્ધ ચાંદી અને શુદ્ધ દ્રાક્ષારસ જેવા હતા.
23 તારા રાજકર્તાઓ જ બળવાખોર અને ચોરોના સાથીઓ
થઇ ગયા છે. તેઓ લાંચના લાલચુ છે, ને નજરાણાં માટે વલખાં
મારે છે. તેઓ અનાથનું રક્ષણ કરતાં નથી, અને વિધવાઓની
દાદ તેઓ સાંભળતા નથી.
24 તેથી, સૈન્યોના દેવ યહોવા, ઇસ્રાએલના સૈન્યોનો દેવ, કહે
છે! "તમે મારા શત્રુ બન્યા છો. તમારા ઉપર વૈર વાળીને હું
સંતોષ પામીશ.
25 હું પોતે તમારા પર હાથ ઉગામીશ, તમને અગ્નિની ભઠ્ઠીમાં
ગાળીશ અને શુદ્ધ કરીશ.
26 આદિકાળની જેમ હું તારા ન્યાયાધીશોને, અને પૂર્વકાળની
જેમ તારા મંત્રીઓને પાછા લાવીશ; ત્યાર પછી તારું નામ
'ન્યાયનગર, ધર્મપુરી કહેવાશે.' "
27 જેઓ ન્યાયી અને ભલા છે તેઓ યહોવા તરફ પાછા ફરશે,
સિયોનને અને તેના પશ્ચાતાપ કરનારા વતનીઓનો ઉદ્ધાર થશે.

28 પણ ગુનેગારો અને પાપીઓનો એક સાથે નાશ કરવામાં
આવશે. અને જેઓ યહોવાનો ત્યાગ કરશે તેઓ હતા ન હતા
થઇ જશે.
29 તમે એલોન વૃક્ષોની પૂજા કરતા હતા; ને ઉપવનોને ઉપાસના
સ્થાન માની બેઠા હતા તેથી તમારે શરમાવું પડશે,
30 તમારી દશા પાણી વગરના બગીચા જેવી અને કરમાએલાં
પાંદડાવાળાં વૃક્ષો જેવી થશે.
31 તૃણ જેમ તણખાથી બળી જાય તેમ બળવાન માણસો પણ
પોતાના દુષ્કૃત્યોથી બળી જશે. અને કોઇ હોલાવવા નહિ આવે.

# 2

### યહોવાના પ્રકાશમાં ચાલો

1 એક બીજો સંદેશ જેની ભવિષ્યવાણી આમોસના પુત્ર
યશાયાએ યહૂદા અને યરૂશાલેમ માટે કરી, તે આ પ્રમાણે છે.

2 છેલ્લા કાળમાં, યહોવાના મંદિરનો પર્વતના શિખરો પર સ્થાપન
થશે.
અને બીજા બધા શિખરોથી ઉંચો જશે.
દેશવિદેશનાં અસંખ્ય લોકોનો પ્રવાહ
ત્યાં પગે ચાલતો આવશે.
3 દરેક જણ કહેશે,
“ચાલો, આપણે યહોવાના પર્વત પાસે,
યાકૂબના દેવના મંદિર પાસે, ચઢી જઇએ;
જેથી તે આપણને પોતાનો જીવનમાર્ગ બતાવે
અને આપણે તેના માગેર્ ચાલીએ.”

કારણ, યહોવા નિયમશાસ્ત્ર સિયોનનગરીમાંથી અને યરૂશાલેમમાંથી
પોતાનાં વચન આપનાર છે,
અને તેની વાણી ત્યાંથી પ્રગટ થનાર છે.
4 તે વિદેશીઓમાં ન્યાય કરશે.
તે અસંખ્ય પ્રજાઓનો ન્યાય કરશે.
ત્યારે લોકો તરવારને ટીપીને હળનાં ફળાં બનાવશે
તથા ભાલાઓનાઁ દાંતરડાં બનાવશે;

પ્રજાઓ એકબીજા સામે તરવાર નહિ
ઉગામે કે કદી યુદ્ધની તાલીમ નહિ લે.

5 હે યાકૂબના વંશજો, ચાલો, આપણે યહોવાના પ્રકાશમાં
ચાલીએ.
6 હે યાકૂબના કુળો, તમે તમારા લોકોને છોડી દીધા છે. તેઓ
પૂર્વ દેશોના અને પલિસ્તીના ધંતરમંતર કામણટૂમણ ને વહેમોમાં
તથા વિદેશીઓના રસ્તા અને રીતરિવાજોને અનુસરે છે.
7 વળી તેમનો દેશ સોનાચાંદીથી ભરપૂર છે. તેમના ભંડારનો
કોઇ પાર નથી. તેમનો દેશ ઘોડાઓથી ભરાઇ ગયો છે. તેમના
રથોનો કોઇ પાર નથી.
8 તેમનો દેશ મૂર્તિઓથી ભરાઇ ગયો છે, તેઓ પોતાને હાથે
ઘડેલી વસ્તુને પૂજે છે.
9 સૌ કોઇને નીચા પાડવામાં આવશે. સૌને નીચા નમાવવામાં
આવશે. તું એમને માફ કરીશ નહિ.

10 પોતાને યહોવાની મહાનતા અને તેમની ભવ્યતાના મહિમાંથી
બચવા ખડકોમાં શરણ શોધો, જમીનમાં સંતાઇ જાઓ.

11 તે દિવસે માણસના ગર્વને નીચો નમાવવામાં આવશે. અને
પુરુષોનું અભિમાન ઉતારવામાં આવશે અને ફકત યહોવાનો જ
મહિમા કરવામાં આવશે.
12 કારણ, સૈન્યોનો દેવ યહોવાએ જે કઇં ગવિર્ષ્ઠ અને
અભિમાની છે, જે કઇં ઊંચુ છે તે બધાને નમાવવા માટે એક
દિવસ નક્કી કરેલો છે.
13 લબાનોનનાં ઊંચાં દેવદાર અને બાશાનનાં મજબૂત
એલોનવૃક્ષોને નીચાં નમાવવામાં આવશે.
14 સર્વ ઊંચા ઊંચા પર્વતોને, ડુંગરોને ભોંયભેગા કરવામાં
આવશે.
15 સર્વ ઊંચા મિનારાને અને બધા જ કિલ્લાના કોટોને ભોંયભેગા
કરવામાં આવશે.
16 તાશીર્શનાં ભવ્ય વહાણોને ડૂબાડી દેવામાં આવશે.

17 તે દિવસે, માણસનો ગર્વ નીચો નમાવવામાં આવશે. અને
તેનું અભિમાન ઉતારી નાખવામાં આવશે. અને માત્ર યહોવા
એકલાનો જ મહિમા કરવામાં આવશે,
18 અને બીજી મૂર્તિઓ તો બિલકુલ સમાપ્ત થઇ જશે.
19 યહોવા પૃથ્વીને ધ્રુજાવવા આવે ત્યારે લોકો તેના રોષથી અને
તેના પ્રતાપના તેજથી બચવા પર્વતોની ગુફાઓમાં અને જમીનની
ફાંટોમાં ભરાઇ જશે.
20 તે દિવસે માણસ પોતે બનાવેલી સોનાચાંદીની મૂર્તિઓને ફેંકી
દેશે. તેઓ એ બધી મૂર્તિઓને છછૂંદર અને ચામાચિડિયા માટે
ફગાવી દેશે.
21 જ્યારે યહોવા પૃથ્વીને ૂજાવવા માટે આવે ત્યારે તેના રોષથી,
અને તેના પ્રતાપના તેજથી બચવા લોકો પર્વતોની ફાંટોમાં અને
ખડકોની તિરાડોમાં ભરાઇ જશે.
22 હવે માણસને ભરોસે રહેશો નહિ, કારણ એની શી વિસાત
છે? જેનો શ્વાસ તેના નસકોરાંમાં જ છે.

# 3

## યરૂશાલેમમાં ન્યાયશાસન વિષે ચેતવણી

1 જુઓ, સૈન્યોનો પ્રભુ યહોવા યરૂશાલેમમાંથી તથા યહૂદામાંથી
ટેકો તથા રોટલી અને પાણીનો સર્વ આધાર લઇ લેનાર છે;
2 તેમના વીરપુરુષો અને તેમના યોદ્ધાઓ, તેમના ન્યાયાધીશો
અને તેમના પ્રબોધકો, તથા વડીલો;
3 સેનાનાં સેનાપતિઓ, સરકારના નેતા, સલાહકાર અને કુશળ
કારીગરો તેમજ જાદુગરો એ બધાને તે લઇ લેનાર છે.
4 "તે છોકરાઓને તેમના અધિકારીઓ ઠરાવશે, અને નાના
બાળકો તેમના પર શાસન કરશે.
5 પડોશીઓ એકબીજા પર જુલમ કરશે. જુવાનો વૃદ્ધોની સામે
વિદ્રોહ કરશે. ઉતરતી કક્ષાના લોકો માણસોની અવગણના કરશે."
6 એવો સમય આવશે જ્યારે માણસ પોતાના પિતાના ઘરમાં
પોતાના ભાઇને પકડીને કહેશે કે, "તારી પાસે તો વસ્ત્ર પણ છે;

ચાલ, તું અમારો આગેવાન થા અને આ ખંડેરના ઢગલા ઉપર
રાજ્ય કર."
7 ત્યારે તે બોલી ઊઠશે, "હું તો સુધારનાર થવાનો નથી; વળી
મારા ઘરમાં નથી ખાવાનું કે નથી પહેરવાનું; તમે મને લોકોનો
આગેવાન ન બનાવશો."
8 યરૂશાલેમ ચોક્કસ રીતે નાશ પામશે કારણ કે યહૂદાના લોકો
પોતાની વાણીથી અને કરણીથી યહોવાની વિરુદ્ધ બોલ્યા છે. અને
તેમને માન આપતા નથી; તેઓ તેની પવિત્ર હાજરી છતાં વિદ્રોહી
બન્યા છે.
9 તેઓના ચહેરા જ તેમની વિરુદ્ધ સાક્ષી પૂરે છે; તેઓ સદોમના
લોકોની જેમ પોતાના પાપનું પ્રદર્શન કરે છે. તેઓ પાપને છુપાવતાં
નથી; તેમનું ભવિષ્ય ભયંકર છે અફસોસ! તેમણે પોતે જ આફત
વહોરી લીધી છે.
10 ન્યાયીને માટે સર્વ સારું થશે. માટે તેને કહે કે, "તારું ભલું
થશે. તને તારા સારા સુકૃત્યોનો બદલો મળશે જ!"
11 પણ દુષ્ટ માણસને કહે; "દુષ્કૃત્યોના કરનારા દુ:ખી થશે, તેમનું
અકલ્યાણ થશે, તેઓ તેમના હાથે કરેલાં કૃત્યોનું ફળ ભોગવશે."
12 મારા લોકો પર બાળકો અન્યાય કરે છે અને સ્ત્રીઓ તેમના
પર રાજ્ય કરે છે.
અરે મારા લોકો, તમારા આગેવાનો તમને ખોટે માગેર્ દોરે છે,
જેથી તમને ખબર પડતી નથી કે કયે રસ્તે જવું.

## પોતાના લોકો માટે દેવનો નિર્ણય

13 યહોવા અદાલત ભરવાને તૈયાર થયા છે;
14 અને પ્રજાઓનો ન્યાય તોળવા ઊભા છે. સૌ પ્રથમ તે
વડીલો તથા રાજાઓ પર ગુસ્સો ઠાલવશે. કારણ કે તેઓએ
ગરીબો વિરુદ્ધ લાંચ લીધી છે.
"તેઓએ ગરીબ ખેડૂતોને લૂંટીને પોતાના ભંડારો ભર્યા છે.
15 મારા લોકોને કચડી નાખવાનો અને ગરીબોના ચહેરાને ધૂળમાં
રગદોળવાનો તમને શો અધિકાર છે?" આ યહોવા મારા માલિક
સૈન્યોના દેવનાં વચન છે.

16 વળી યહોવા કહે છે, "સિયોનની પુત્રીઓ ઘમંડી થઇ ગઇ
છે! તેઓ ઊંચી ડોક કરીને, રમતિયાળ આંખોથી ચારેબાજુ જોતી
અને રણકતા ઝાંઝરને ઝમકાવતી લયમાં ચાલે છે."
17 તેથી મારા માલિક યહોવા સિયોનની પુત્રીઓના માથાને
ઊંદરીવાળાઁ કરી નાખશે. તેઓના માથા બોડાં કરી દેશે, અને
તેઓના પાપ ઉઘાડાં પાડશે.
18 પછી માલિક તેઓના માથાં, પગ, તથા ગળા ફરતે પહેરવાના
સર્વ આભૂષણો લઇ લેશે;
19 ગળામાં તથા હાથ પર પહેરવાનાં ઘરેણાં, બુટ્ટી, પોંચી, દુપટ્ટા;
20 માથા પરના રૂમાલ, બાજુબંધ પગનાં ઝાંઝર, રેશમી કમરપટ્ટા,
સુગંધી દ્રવ્યો, માદળિયાં,
21 વીંટીઓ, વાળીઓ,
22 સુંદર વસ્ત્રો, ઝભ્ભાઓ, ટોપીઓ, અને બુરખાઓ, અલંકૃત
પર્સ,
23 કિંનારવાળા કપડાં, મલમલના કપડાં.
24 પછી સુગંધને બદલે દુર્ગંધ, કમરબંધને બદલે દોરડું, સુંદર
અંબોડાને બદલે તાલ, કીંમતી વસ્ત્રને બદલે ચીંથરો, અને સુંદરતાને
બદલે કુરુપતા રહેશે.
25 સિયોનનગરીના પુરુષો તરવારનો ભોગ થઇ પડશે. એના
વીર યોદ્ધાઓ રણમાં ખપી જશે.
26 પછી એના દરવાજા પણ આક્રંદ કરશે અને મરશિયા ગાશે;
અને એ નગરીની દશા સર્વસ્વ ગુમાવીને ભોંય પર બેઠેલી સ્ત્રીના
જેવી થશે.

# 4

## લોકોનું શુદ્ધિકરણ

1 તે દિવસે સાત સ્ત્રીઓ એક પુરુષને પકડીને કહેશે કે, "અમે
અમારો પોતાનો રોટલો ખાઇશું અને અમારાઁ પોતાનાં વસ્ત્રો પહેરીશું.
પણ તું અમને તારે નામે ઓળખાવા દે, જેથી અમારું કુવારાંપણાનું
મહેણું ટળે."

2 તે દિવસે યહોવા ઇસ્રાએલનાઁ વૃક્ષો અને ખેતરોને સુંદર અને
મબલખ પાકથી ભરી દેશે. અને જમીનની પેદાશ ઇસ્રાએલના
બચી ગયેલા માણસો માટે અભિમાન અને ગૌરવનો વિષય બની
રહેશે.
3 સિયોનમાં તથા યરૂશાલેમમાં જેઓ બાકી રહ્યા હશે, જીવવા
નિર્માયા હશે તેઓ પવિત્ર કહેવાશે.
4 જ્યારે માલિકે, ન્યાયના પાવક અગ્નિ વડે સિયોનની પુત્રીઓના
ગંદવાડને ધોઇ નાખ્યો હશે, અને યરૂશાલેમનું રકત ન્યાયના તથા
દહનના આત્માથકી તેનામાંથી નિર્મળ કરી નાખ્યું હશે,
5 યહોવા સિયોનના પર્વતને અને ત્યાં ભેગા થયેલા લોકો ને
દિવસ દરમ્યાન વાદળ દ્વારા અને રાત દરમ્યાન જ્યોતિ અને
ધુમાડાથી ભરી દેશે.
6 દિવસ દરમ્યાન તાપથી છાયા તરીકે, ને તોફાન તથા વરસાદથી
રક્ષણ તથા આશ્રયસ્થાન તરીકે યહોવાનો મહિમા ચંદરવાની જેમ
છવાઇ જશે.

# 5

## દેવની દ્રાક્ષવાટિકા

1 હવે હું મારા પ્રિયતમ અને જેને હું સ્નેહ કરું છું તેની સમક્ષ
તેની દ્રાક્ષવાટિકા વિષે ગીત ગાઉં છું.

ફળદ્રુપ ટેકરી પર મારા પ્રિયતમની
એક દ્રાક્ષની વાડી હતી.
2 તેણે તેને ખેડી અને પથ્થર વીણી કાઢયા.
અને અતિ ઉત્તમ દ્રાક્ષીના વેલા રોપ્યા,
તેણે તેની વચ્ચે ચોકી કરવાની છાપરી બાંધી
અને દ્રાક્ષને પીલવા કુંડ ખોદી કાઢયો. એમાં
મીઠી દ્રાક્ષ થશે એવી તેને આશા હતી.
પણ થઇ ત્યારે તેવી મીઠી દ્રાક્ષ બિલકુલ નહોતી.

3 દેવે કહ્યું કે, “હે યરૂશાલેમ તથા યહૂદાના લોકો તમે આ કિસ્સો
સાંભળ્યો છે?

તમે ન્યાય કરો!
4 આથી વિશેષ હું શું કરી શક્યો હોત?
મારી દ્રાક્ષવાટિકાએ
મને મીઠી દ્રાક્ષને બદલે ખાટી દ્રાક્ષ
શા માટે આપી?

5 "માટે હવે સાંભળો,
મારી દ્રાક્ષનીવાડીનું હું શું કરીશ તે તમને કહું છું:
હું એના વાડાઓ કાઢી
અને તેનો નાશ થવા દઇશ,
હું એના વાડાઓ તોડી નાખીશ,
તેને પગ નીચે કચડાવી દઇશ.
6 અને હું તેને ઉજ્જડ રહેવા દઇશ,
કોઇ એને કાપશે નહિ અને કોઇ એને ખેડશે નહિ,
એમાં કાંટા ઝાંખરા ઊગી નીકળશે.
હું વાદળોને આજ્ઞા કરીશ
કે એમાં કોઇ વરસાદ ન વરસાવો."

7 ઇસ્રાએલી લોકો તે સૈન્યોના દેવ યહોવાની દ્રાક્ષવાટિકા છે.
યહૂદાના માણસો અને છોડવાઓ જેને પ્રેમથી ઉછેર્યા છે.

તેણે ન્યાયની આશા રાખી હતી.
પણ બદલો મળ્યો અન્યાય નો!
તેમણે આશા રાખી હતી સદાચારની પણ,
જે બધું તેણે સાંભળ્યું તે મદદ માટેની બૂમો હતી!

8 તમે માલમિલકતમાં ખેતરો અને મકાનો ખરીદીને ભેગાં કર્યા
જાઓ છો, એટલી હદ સુધી કે દેશમાં તમે એકલા જ રહી જાઓ
છો ને બીજા કોઇ માટે જગા જ રહેતી નથી તેમને અફસોસ.
9 પરંતુ સૈન્યોનો દેવ યહોવાએ વચન આપ્યું છે કે, "તમે
અણધારી આપત્તિઓ વેઠશો. મારા પોતાના કાનોથી મેં તેમને
આમ બોલતા સાંભળ્યાં છે. ઘણાં સુંદર ઘરો ઉજ્જડ પડ્યાં

રહેશે, કારણ કે તેના માલિકો કાંતો માર્યા જશે અથવા ઘર છોડીને
જતાં રહેશે.
10 દશ એકરની દ્રાક્ષની વાડીઓમાંથી ફક્ત છ ગેલન દ્રાક્ષરસ*
ઊપજશે એક ઓમેર† બી વાવ્યાં પછી પણ ફક્ત એક એફાહ
અનાજ ઊપજશે."
11 જેઓ સવારમાં વહેલા ઊઠીને દ્રાક્ષારસ જ પીયા કરો છો.
અને છાકટા થાઓ ત્યાં સુધી સાંજે મોડે સુધી જાગનારાઓ, હવે
તમારું આવી બન્યું છે એમ સમજો.
12 તમારી ઉજવણીઓમાં હંમેશા સારંગી અને વીણા, ખંજરી
અને વાંસળી, તથા દ્રાક્ષારસના પાન સાથે મોજમજા સંકળાયેલી
હોય છે. પણ યહોવા જે કરી રહ્યા છે તેની તેઓને ખબર નથી.
13 પરિણામે મારા લોકો અજ્ઞાનતાને કારણે દેશનિકાલ થયા છે,
અને તેમના પ્રતિષ્ઠિત પુરુષો ભૂખ્યા થયા છે, ને તેમના સામાન્ય
લોકો તરસથી મરશે.
14 એથી શેઓલે અત્યંત ક્ષુધાથી પોતાનું મોં પહોળું કર્યુ છે,
તેમાં કુલીન લોકો અને સામાન્ય લોકોનાં ખુશીથી કોલાહલ કરતાં
ટોળાં હોમાઇ જશે.
15 સૌને નીચા પાડવામાં આવશે, સૌનું ગુમાન ઉતારવામાં
આવશે. સૌને નીચા નમાવવામાં આવશે.
16 પરંતુ સૈન્યોના દેવ યહોવા નિષ્ઠાપૂર્વક ન્યાય કરશે અને
આમ કરીને પોતાની મહાનતા પ્રગટ કરશે. પરમ પવિત્ર દેવ ન્યાયી
આચરણ કરીને બતાવશે કે તે પવિત્ર છે.
17 હલવાનો જાણે પોતાના બીડમાં ચરતાં હોય તેમ ચરશે, ને
ધનાઢયોના પાયમાલ થયેલાં સ્થાનોને પારકાઓ ખાઇ જશે.
18 જેઓ અન્યાયને અને પાપના બંધનને વળગી રહે છે, અને
તેને છોડી શકતા નથી, તેઓને અફસોસ!
19 તમે કહો છો કે, "દેવે ઉતાવળ કરવી જોઇએ. તેને તેનું
કામ ઝડપથી સ્થપાવા દો, જેથી અમે જોઇ શકીએ છીએ! ભલે

* **5:10: છ ગેલન દ્રાક્ષરસ** એક બાથ, એક બાથ એટલે લગભગ છ ગેલન.
† **5:10: એક ઓમેર** એટલે લગભગ 65 ગેલત બી વાવ્યા પછી એક એફાહ-એટલે
કે લગભગ 6 ગેલન અનાજ ઉપજશે.

ઇસ્રાએલના પવિત્ર દેવ જે કરવા માગે છે તે ઝડપથી કરશે, અમે
તે જાણીશું!”

20 જે લોકો પાપને પુણ્ય અને પુણ્યને પાપ કહે છે. અંધકારને
પ્રકાશમાં અને પ્રકાશને અંધકારમાં ફેરવી નાખે છે, કડવાનું મીઠું
અને મીઠાનું કડવું કરી નાખે છે તેઓને અફસોસ!
21 જે લોકો પોતાની ષ્ટિમાં બુદ્ધિમાન, ને પોતાની નજરમાં ડાહ્યા
છે, તેઓને પણ અફસોસ!
22 તે લોકો દ્રાક્ષારસ પીવામાં શૂરા છે અને મધોનું મિશ્રણ
કરવામાં બહાદુર છે. તેઓને અફસોસ!
23 તે લોકો લાંચ લઇને ગુનેગારને નિદોર્ષ ઠરાવે છે અને નિદોર્ષને
ગુનેગાર ઠરાવે છે.
24 તેથી હવે જેમ વરાળ અને સૂકું ઘાસ અગ્નિમાં બળીને
ભસ્મિભૂત થઇ જાય છે, તેમ તમારાં મૂળ સડી જશે અને તમારાં
ફૂલ ચીમળાઇને ખરી પડશે.

કારણ તમે સૈન્યોનો દેવ યહોવાના ઇસ્રાએલના પરમ પવિત્ર
દેવના વચનોનો અનાદર કર્યો છે.
25 માટે યહોવા પોતાના લોકો ઉપર ખૂબ ગુસ્સે થયા છે; અને
તેઓને કચડી નાખવા માટે તેમણે પોતાનો હાથ લંબાવ્યો છે.
ટેકરીઓ ૂજશે, અને તેના લોકોના મડદાં શેરીઓમાં કચરાની જેમ
ફેંકી દેવામાં આવશે. તેમ છતાં તેમનો ક્રોધ શાંત થયો નથી; હજી
તેમના લોકો પર તેમનો હાથ ઉગામેલો જ છે.

## ઇસાએલને સજા કરવા માટે દેવ સૈન્ય લાવશે

26 આથી યહોવા દૂરથી લોકોને નિશાની કરે છે, પૃથ્વીને છેડેથી
તેમને સૌને બોલાવવા માટે તે સીટી વગાડે છે અને જુઓ, તેઓ
વેગથી સત્વરે આવી રહ્યા છે!

27 કોઇને થાક લાગતો નથી, કે કોઇ ઠોકર ખાતો નથી. નથી
કોઇ ઝોકાં ખાતો કે નથી કોઇ ઊંઘતો. કોઇ કમરબંધ ઢીલો કરતો
નથી કે કોઇ પગરખાંની દોરી છોડતો નથી.

28 તેમનાં બાણ ધારદાર કરેલા છે, અને ધનુષ્યો નમાવીને ખેંચેલા
છે. તેમના ઘોડાની ખરીઓ વજ્ર જેવી છે, અને તેમના રથના
ચક્રો વંટોળિયા જેવા છે.
29 તેમની ગર્જના સિંહની ગર્જના જેવી છે! તેઓ સિંહની જેમ
ઘૂરકાટ કરીને તેમનો ભક્ષ્ય પકડે છે. અને તેને ખૂબ દૂર લઇ જાય
છે, અને તેને બચાવવા ત્યાં કોઇ નથી.
30 તેઓ તે દિવસે તેમના શિકાર બનેલા ઇસ્રાએલીઓ સામે
સાગરના ઘૂઘવાટ જેવી ગર્જના કરશે. અને જો કોઇ ધરતી ઉપર
ધારીને જોશે તો તેને અંધકાર અને આફત દેખાશે, પ્રકાશ વાદળાંથી
ઘેરાતો દેખાશે.

# 6

## યશાયાને સેવાની સોંપણી

1 રાજા ઉઝિઝયા જ્યારે મૃત્યુ પામ્યા તે વર્ષે મેં મારા માલિકને
ઊંચા અને ઉન્નત આસન પર બેઠેલા જોયા. તેમના ઝભ્ભાની
કિનારોથી મંદિર ભરાઇ ગયું હતું.
2 સરાફ દેવદૂતો તેમની પાસે ઘુમરાતાં હતા તેમને દરેકને છ
પાંખો હતી. બે પાંખો વડે તેઓ તેમના ચહેરા ઢાંકતા હતાં, બીજી
બે પાંખો વડે તેમણે તેમના પગ ઢાંક્યાં હતાં અને બાકીની બે
પાંખોનો તેઓ ઉડવા માટે ઉપયોગ કરતાં હતાં.
3 તેઓ સામસામે એકબીજાને પોકારીને કહેતા, “સૈન્યોનો દેવ
યહોવા પવિત્ર છે, પવિત્ર છે, પવિત્ર છે! આખી પૃથ્વીમાં તેમનું
ગૌરવ વ્યાપી ગયું છે!”
4 તેમના પોકારોથી બારસાખ પાયા સુધી હચમચી ઊઠી અને
મંદિર ધુમાડાથી ભરાઇ ગયું.
5 ત્યારે હું પોકારી ઉઠયો, “અરેરે! મને શાપ દેવામાં આવશે!
કારણ કે હું મેલા હોઠનો માણસ છું. અને મેલા હોઠના લોકો
વચ્ચે વસું છું. છતાં મેં મારી આ આંખો દ્વારા રાજાધિરાજ
સૈન્યોના દેવ યહોવાને નિહાળ્યાં છે.”
6 પછી એક સરાફ દેવદૂત, વેદીમાંથી બળતો અંગારો લઇને
સાણસીમાં પકડીને, મારી પાસે ઊડતો ઊડતો આવ્યો.

7 અને મારા મોંને અંગારો અડાડીને બોલ્યો; "જો, આ તારા
હોઠને અડ્યો છે; તારો દોષ દૂર કરાયો છે, અને તારા પાપો દૂર
કરવામાં આવ્યા છે."
8 પછી મેં યહોવાને એવું બોલતા સાંભળ્યાં કે, "હું કોને મોકલું?
કોણ મારા સંદેશા લઇ જશે?"
એટલે મેં કહ્યું, "આ હું હાજર છું, મને મોકલો."
9 ત્યારે યહોવાએ કહ્યું, "જા, ને આ લોકોને કહે કે, 'સાંભળ્યા
કરો, પણ ન સમજો; જોયા કરો, પણ ન જાણો.'
10 એ લોકોની બુદ્ધિ મંદ થઇ ગઇ છે, એમના કાન બહેરા થઇ
ગયા છે, અને આંખ આંધળી થઇ ગઇ છે. આથી તેઓ આંખે
જોઇ શકતા નથી કે કાને સાંભળી શકતા નથી. તેમજ બુદ્ધિથી
સમજી શકતા નથી, એટલે તેઓ મારી પાસે પાછા ફરતા નથી
અને સાજા થતા નથી."
11 પછી મેં પૂછયું, "તે ક્યાં સુધી આમ ચાલ્યા કરશે, હે
માલિક?"
તેણે કહ્યું, "શહેરો ખંડેર અને વેરાન બની જાય અને ઘરો માનવ
વસ્તી વગરનાં બની જાય. અને ધરતી વેરાન અને ઉજ્જડ બની
જાય ત્યાં સુધી."
12 હું એ લોકોને દૂર દૂર મોકલી દઉં અને આખો દેશ વિશાળ
વેરાનવગડો બની જાય ત્યાં સુધી.
13 તે છતાં જો તેનો દશમો ભાગ પણ બચી જાય, તો તેને
ફરીથી બાળી નાખવામાં આવશે. જ્યારે મોટું ઝાડ કાપી નાખવામાં
આવે છે ત્યારે ઠૂંઠા બાકી બચે છે. ઇસ્રાએલના બાકી રહેલા
લોકો તે ઠૂંઠા જેવા હશે.

# 7

## યશાયા દેવનો સંદેશાવાહક

1 તે સમયે ઉઝિઝયાનો પૌત્ર અને યોથામનો પુત્ર આહાઝ
યહૂદામા શાસન કરતો હતો ત્યારે અરામના રાજા રસીને તથા
ઇસ્રાએલના રાજા રમાલ્યાના પુત્ર પેકાહ સાથે યરૂશાલેમ ઉપર
ચઢાઇ કરી, પણ તેને કબજે ન કરી શક્યો.

2 જ્યારે યહૂદાના રાજાને એ સમાચાર મળ્યા કે, “અરામીઓએ
એફ્રાઇમ લોકો સાથે જોડાણ કર્યું છે.” ત્યારે રાજા અને પ્રજાના
હૈયા વનનાં વૃક્ષો પવનથી ધ્રુજે એમ ૂજવા લાગ્યાં.

3 ત્યારબાદ યહોવાએ યશાયાને કહ્યું, “જા, તારા પુત્ર શઆર-
યાશૂબને લઇને ધોબીઘાટને રસ્તે આવતા ઉપલા કુંડના નાળાના
છેડે આહાઝને મળવા જાઓ.
4 “અને તેને કહે કે, ‘મક્કમ રહેજે. ગભરાઇશ નહિ અને હિંમત
હારીશ નહિ અરામી રસીન અને રમાલ્યાનો પુત્ર તો ઓલવાઇ જતી
મશાલ જેવા છે, તેમના ગુસ્સાથી તમે ડરશો નહિ.
5 અરામીઓએ ઇસ્રાએલીઓ સાથે અને તેમના રાજા જે
રમાલ્યાના પુત્ર છે તેની સાથે હાથ મિલાવીને તારી વિરુદ્ધ કાવત્રું
રચ્યું છે.
6 તેઓ કહે છે, અમે યહૂદા પર ચઢાઇ કરીશું અને તેને કબજે
કરીશું. પછી અમે યરૂશાલેમ પર ચઢાઇ કરીશું અને ટાબએલના
પુત્રને તેઓનો રાજા બનાવીશું.’ ”
7 પણ યહોવા મારા દેવ કહે છે, “આ યોજના સફળ થશે
નહિ.
8 કારણ કે દમસ્ક, અરામની રાજધાની છે. અને રસીન દમસ્કનો
નેતા છે. અને પાંસઠ વર્ષમાં એફ્રાઇમ પણ નાશ પામશે.
9 સમરૂન એફ્રાઇમ ની રાજધાની છે. અને પેકાહ સમરૂનનો
નેતા છે. શું તમે મારા શબ્દોને માનશો નહિ? હું તમારુ રક્ષણ
કરું તેવું તમે ઇચ્છતા હો તો તમે, હું જે કહું તે વાતમાં વિશ્વાસ
રાખવાનું જરુર શીખો.”

## ઈમ્માનુએલ – દેવ આપણી સાથે છે

10 થોડા વખતમાં આહાઝ રાજા ઉપર યહોવાએ બીજો સંદેશો
મોકલ્યો:
11 “યહોવાને, તારા દેવને એંધાણી બતાવવા કહે; પછી ભલે
એ નીચામાં નીચા પાતાળમાંથી કે, ઊંચામાં ઊંચા આકાશમાંથી
બતાવે.”

12 પરંતુ આહાઝે કહ્યું, "ના, મારે એંધાણીની માંગણી કરી
યહોવાની કસોટી કરવી નથી."
13 ત્યારે યશાયાએ જવાબ આપ્યો, "સાંભળ, દાઉદના વંશજ.
તું માણસોને વાજ આણીને ધરાયો નથી? તારે મારા દેવને પણ
વાજ આણવો છે?"
14 એટલે યહોવા પોતે તમને એંધાણી બતાવશે:

જુઓ, એક કુમારીને ગર્ભ રહ્યો છે,
અને તે એક પુત્રને જન્મ આપશે.
અને તેનું નામ "ઇમ્માનુએલ" એટલે કે આપણી સાથે દેવ
એવું પડશે.

15 તે સારાસારનો વિવેક કરતો થાય,
ત્યાં સુધીમાં તો તે દહીં અને મધ ખાતો થઇ ગયો હશે.

16 એ બાળક નરસાનો ત્યાગ કરી, સારાને પસંદ કરતા શીખશે.
તે પહેલાઁ તું જેનાથી ભયભીત થાય છે તે બે રાજાઓના
દેશો ઉજ્જડ થઇ જશે.

17 "એફ્રાઇમ યહૂદાથી જુદો પડ્યો ત્યાર પછી આવ્યા નહોતા
એવા દિવસો યહોવા તારા પર, તારી પ્રજા પર તથા તારા બાપના
કુટુંબ પર લાવશે. તે આશ્શૂરના રાજાને બોલાવી લાવશે.
18 "તે દિવસે યહોવા મિસરની નદીની દૂરની શાખાઓમાંથી સીટી
મારીને માખીઓને અને આશ્શૂરમાંથી મધમાખીઓને બોલાવશે.
19 તે બધી આવીને, કરાડોની બખોલમાં અને ખડકોની ફાંટોમાં
વાસો કરશે, ઝાંખરાં અને બીડો તેમનાથી ઢંકાઇ જશે.
20 તે દિવસે યહોવા નદીને સામે કાંઠેથી ભાડે લાવેલા અસ્ત્રા
વડે તમારું માથું અને પગોના મૂંડી નાખશે, અને તમારી દાઢી પણ
છોલી નાખશે.
21 "તે દિવસે પ્રત્યેક માણસ એક વાછરડું અને બે ઘેટાં પાળી
શકશે.

22 અને તે તેઓથી દૂધ મેળવશે જે ફક્ત દહીં ખાવા જેટલું જ
પૂરતું થશે. અને જે બધા પ્રદેશમાં બાકી રહી ગયા હશે તે બધાં
દહીં અને મધ ખાશે.
23 તે દિવસે જે જે જગાએ 1,000 ચાંદીના ટુકડાના મૂલના
1,000 દ્રાક્ષના વેલાઓ હતા ત્યાં ત્યાં કાંટા અને ઝાંખરા ઊગશે.
24 માણસ, ધનુષબાણ લઇને ત્યાં ફક્ત શિકાર કરવા જશે,
કારણ, કાંટા અને ઝાંખરાંથી બધો પ્રદેશ છવાઇ ગયો હશે.
25 પહેલાં જે ટેકરાઓ ઉપર કોદાળી વડે ખેતી થતી હતી, ત્યાં
કાટાં અને ઝાંખરાની બીકથી કોઇ પગ સુદ્ધાં મૂકશે નહિ, ત્યાં
બળદોને છૂટા મૂકવામાં આવશે અને બકરા ચરશે."

# 8

## એંધાણી રૂપ યશાયાનો પુત્ર

1 યહોવાએ મને કહ્યું, "એક મોટું ટીપણું લઇને તેના પર 'માહેર-
શાલાલ-હાશ-બાઝ'* એમ બધા વાંચી શકે તે પ્રમાણે મોટા અક્ષરે
સાદી ભાષામાં લખ."
2 અને યાજક ઊરિયાને અને બેરેખ્યાના પુત્ર ઝર્ખાયાને તે લખાય
તે દરમ્યાન સાક્ષી તરીકે રહેવાનું મેં પૂછયું, કારણ કે તેઓ વિશ્વાસુ
માણસો છે.
3 પછી મેં પ્રબોધિકા સાથે ગયો, તેને ગર્ભ રહ્યો અને પુત્ર
અવતર્યો. પછી યહોવાએ મને કહ્યું, "તું એનું નામ 'માહેર-
શાલાલ-હાશ-બાઝ' રાખ.
4 કારણ કે એ 'બા' કે 'બાપા' બોલતો થાય તે પહેલાં દમસ્કની
સંપત્તિ અને સમરૂનની લૂંટ ઉપાડીને આશ્શૂરના રાજા સમક્ષ લઇ
જવામાં આવશે."
5 ફરી વાર યહોવા મારા દેવે મારી સાથે વાત કરી અને કહ્યું,

---

* **8:1: માહેર-શાલાલ-હાશ-બાઝ** ઇસાઈઆહનાં પુત્રોમાંના એકનું નામ છે જેનો અર્થ થાય છે, "લૂંટારો પોતાનો લૂંટનો માલ લેવા ઝડપથી આવે છે."

6 "કારણ કે યરૂશાલેમના લોકો મદદ માટે મારા પર આધાર
રાખતા નથી જે શિલોઆહના સ્થિર પાણી જેમ છે. ઉલ્ટાનું,
તેઓ રસીન અને રમાલ્યાના પુત્રથી ડરેલા છે."
7 તેથી હું યહોવા યહૂદા પર ફ્રાત નદીના ધસમસતાં અને વેગીલા
જળપ્રવાહને લઇને આવીશ, હું આશ્શૂરના રાજા તથા તેના સમગ્ર
બળવાન સૈન્ય સાથે આવીશ. જળપ્રવાહ ઉભરાઇ જશે અને
સમગ્ર તટ પ્રદેશને સપાટામાં લઇ લેશે.
8 તે યહૂદામાં ધસી જશે, અને આગળ વધતા વધતા તે તેના
ગળા સુધી પહોંચશે, અને તેના પાણી તમારી સમગ્ર ભૂમિમાં ફરી
વળશે અને તેને ભરી દેશે.
પરંતુ દેવ આપણી સાથે છે, તારા આખો દેશ ભરપૂર થઇ
જશે!

9 હે રાષ્ટો! તમે અમારું ભૂંડુ કરવા નીકળ્યા છો. પણ તમે સફળ
થઇ શકશો નહિ,
તમે છિન્નભિન્ન થઇ જશો,
હે દૂરના રાષ્ટો, તમે બધા સાંભળો;
અમારી સામે યુદ્ધ કરવા તમારી જાતને સુસજ્જ કરો હા,
અને નાશ પામો!
10 અમારી સામે આક્રમણ કરવાની યોજનાઓ તૈયાર કરો,
તમારી વ્યૂહરચનાઓ વિકસાવો,
સભાઓ બોલાવો;
અને નાશ પામો!
કારણ કે યહોવા અમારી સાથે છે.

## યશાયાને ચેતવણી

11 યહોવાએ મને જોરથી પકડીને એ લોકોને માગેર્ જતો રોક્યો,
અને મને આ મુજબ કહ્યું,
12 "કહેવાતા કાવતરાઁની જેનાથી આ લોકો ડરે છે, ચિંતા કરશો
નહિ તે લોકો જેનો ડર રાખે છે, તેનાથી ગભરાશો નહિ."
13 તમારે તો માત્ર મને, સૈન્યોનો દેવ યહોવાને જ પવિત્ર માનવો.
અને મારાથી જ ડરીને ચાલવું.

14 તમારે માટે પવિત્રસ્થાન હોવા છતાં એ લોકો માટે હું એવા
પથરારૂપ થઇ પડીશ જેની સાથે તેઓ ભટકાય; એની સાથે જ
ઇસ્રાએલના, યહૂદાના અને યરૂશાલેમના લોકો અથડાશે અને એના
ઉપર જ ઠોકર ખાશે, એ લોકોને માટે હું ફાંસલા અને જાળ જેવો
બની રહીશ.
15 તેઓમાંના ઘણા ઠોકર ખાઇને પટકાશે અને છિન્નભિન્ન થઇ
જશે. ઘણા જાળમાં સપડાશે અને પકડાશે.
16 "આ કરાર હું બંધ કરી દઉં છું. આ શિક્ષણને મહોર મારીને
મારા શિષ્યોને સુપ્રત કરું છું."

17 યહોવાની સહાય માટે હું આશા રાખીશ.
જો કે હાલમાં તે પોતાનું મુખ યાકૂબનાં સંતાનોથી સંતાડે છે
છતાં પણ મારી આશા ફકત તેમનામાં જ છે.

18 હું અને મારા સંતાનો, જે મને યહોવાએ આપ્યા છે, સૈન્યોનો
દેવ યહોવાની એંધાણીઓ છીએ, જેઓ સિયોન પર્વત પર વસે
છે.
19 જ્યારે તેઓ તમને કહે કે, "ભૂવાઓ પાસે, ને ઝીણે સાદે
બડબડનાર જંતરમંતર કરનારની પાસે જઇને ખબર કાઢો; ત્યારે
મારે જવાબ આપવો કે, લોકોએ પોતાના દેવની પાસે જઇને ખબર
કાઢવી નહિ? જીવતાંની ખાતર મરેલાં પાસે ખબર કાઢવા જવું?"
20 આપણે જરૂર આપણા શિક્ષણ અને સાક્ષી સમક્ષ જવું
જોઇએ. જે લોકો પેલી બીજી વસ્તુઓ કરે છે, તેઓ પરોઢનો
પ્રકાશ નહિ જુએ.
21 ભૂખથી અને દુ:ખથી પીડાતા લોકો આખા દેશમાં ભટકશે.
ભૂખના માર્યા ગુસ્સે થઇને તેઓ પોતાના રાજાને અને દેવને શાપ
આપશે, અને ઊંચે આકાશ તરફ જોશે;
22 અને નીચે પૃથ્વી પર નજર કરશે તો, અલબત્ત દરેક જગાએ
તેઓને દુ:ખ, અભેદ્ય અંધકાર અને વેદના જ મળશે. તેમને
અંધકારમાં ધકેલી દેવામાં આવશે.

# 9

## મસીહા આગમન વિષે ભવિષ્યવાણી

1 પરંતુ જે ભૂમિ પર સંકટ આવ્યું હતું, તે પ્રદેશમાં અંધકાર નહિ
રહે. પ્રથમ તેણે ઝબુલોન તથા નફતાલીના દેશને તિરસ્કારપાત્ર
બનાવી દીધો હતો. પણ છેવટે તેણે યર્દન અને ગાલીલની નદીને
પેલે પાર, સમુદ્રના રસ્તે આવેલા રાષ્ટોને પ્રતિષ્ઠા અપાવી.
2 અંધકારમાં ચાલનારા લોકોએ તે મહાન પ્રકાશ જોયો છે;
મૃત્યુની છાયાના પ્રદેશમાં વસવાટ કરનારાઓ પર "પ્રકાશનું તેજ"
પથરાયું છે.
3 કારણ કે ઇસ્રાએલ ફરીથી મહાન કહેવાશે, યહોવાએ પ્રજાની
વૃદ્ધિ કરી છે અને તેણીનો આનંદ વધાર્યો છે. કાપણીમાં થતાં
આનંદ પ્રમાણે, તેમ જ લોક લૂંટ વહેંચતા આનંદ માણે છે તે
મુજબ તેઓ તારી સંમુખ આનંદ કરે છે.
4 કારણ કે ભૂતકાળમાં તમે જેમ મિદ્યાનની સેનાને હાર આપી
હતી. તેમ એ લોકોને ભારરૂપ ઝૂંસરી તેમના ખભા પર પડતી
લાકડી, તેમને હાંકનારનો પરોણો તમે ભાંગી નાખ્યો છે.
5 સૈનિકોના ધમ ધમ કરતા જોડા, ને લોહીમાં બોળેલાં વસ્ત્રો,
તે બધાયને બળતણની જેમ અગ્નિમાં સળગાવી દેવામાં આવશે.
6 કારણ કે આપણે સારુ બાળક અવતર્યુ છે, આપણને
એક પુત્રનું વરદાન આપવામાં આવ્યું છે. "તેના ખભા પર
રાજ્યાધિકારની નિશાની છે. તે એક અદભુત સલાહકાર, પરાક્રમી
દેવ, સનાતન પિતા અને શાંતિનો રાજકુમાર કહેવાશે."
7 તેનું રાજ્ય વિશાળ હશે; ત્યાં સદાને માટે અખંડ શાંતિ
પ્રવર્તતી હશે. તે દાઉદના રાજસિંહાસન ઉપર બેસશે. ધર્મ અને
ન્યાયના પાયા ઉપર પોતાની રાજ્યસત્તાની પ્રતિષ્ઠા કરીને રાજ્ય
કરશે. આજથી તે અનંત કાળ સુધી. સૈન્યોના દેવ યહોવાનો
સાચો પ્રેમ સિદ્ધ થશે.

## દેવ ઇસ્રાએલને સજા કરશે

8 પ્રભુએ ઇસ્રાએલ વિરુદ્ધ યાકૂબના વંશજો વિરુદ્ધ પોતાનો
ફેંસલો જણાવ્યો છે.

9 ઇસ્રાએલના પાટનગર સમરૂનના સૌ વતનીઓને એની જાણ
થશે.
એ લોકો તો પોતાના અભિમાન અને તુમાખીમાં કહે છે કે,
10 "ભલે ઇંટો પડી ગઇ, હવે આપણે ઘડેલા પથ્થરોથી બાંધીશું.
ઉંબરના પાટડા તોડી નાખવામાં આવ્યા છે. પણ આપણે એની
જગાએ સાગના લાવીશું."

11 પરંતુ યહોવાએ તેમના દુશ્મનોને તેમની વિરુદ્ધ ઉશ્કેર્યા છે;
12 પૂર્વમાંથી અરામીઓ અને પશ્ચિમમાંથી પલિસ્તીઓ ઇસ્રાએલને
એક જ કોળિયામાં મુખ પહોળું કરીને ગળી જશે. આ બધું થવા
છતાં યહોવાનો રોષ ઊતર્યો નથી. અને તેમનો હાથ હજી ઉગામેલો
જ રહ્યો છે.

13 આમ છતાં એ લોકો પોતાને ઘા કરનાર સૈન્યોના દેવ પાસે
પાછા આવ્યાં નથી કે તેનું શરણું તેમણે સ્વીકાર્યુ નથી.
14 આથી યહોવા એક દિવસે ઇસ્રાએલનું માથું, પૂંછડી, નાડ
અને બરૂ કાપી નાખશે.
15 વડીલો અને સન્માનનીય પુરુષો તે માથું અને ખોટો ઉપદેશ
કરનાર પ્રબોધકો તે પૂંછડી છે.

16 આ લોકોના આગેવાનોએ તેમને અવળે માગેર્ ચડાવ્યા છે.
તેમને ભૂલા પાડ્યા છે.
17 આથી પ્રભુ તેમના યુવાનો પ્રત્યે રાજી થશે નહિ. તેમજ
અનાથો અને વિધવાઓ પ્રત્યે જરાયે સહાનુભૂતિ દાખવશે નહિ.
બધાજ દુરાચારીઓ છે, દેવને શું જોઇએ છે તે જાણવાની કોઇને
કાળજી નથી, એકે એક વ્યકિત અનિષ્ઠ વસ્તુઓ બોલે છે.

આ બધાને લીધે યહોવાનો ગુસ્સો ઓછો નથી થયો અને તેમનો
બાહુ હજી પણ ઉગામેલો જ છે.

18 માણસોની દુષ્ટતા આગની જેમ ભભૂકી ઊઠી છે. અને એ
કાંટાઝાંખરાને ભરખી જાય છે. જંગલની ઝાડીને પણ એ બાળી
મૂકે છે. અને ધુમાડાના ગોટેગોટા આકાશમાં ચઢે છે.

19 સમગ્ર ભૂમિ સૈન્યોના દેવ યહોવાના રોષથી સળગી ઊઠી
છે. અને લોકો એ આગમાં ઇધણરૂપ બન્યા છે. કોઇ પોતાના
સગા ભાઇને પણ છોડતો નથી.
20 બધા એકબીજાનું માંસ ખાય છે. જમણી બાજુ બચકું ભરે
છે તોયે ભૂખ્યો રહે છે અને ડાબી બાજુ બચકું ભરે તોય સંતોષ
પામતો નથી.
21 મનાશ્શાના વંશજો અને એફ્રાઇમના વંશજો એક બીજાને
બચકાં ભરે છે અને બંને ભેગા થઇને યહૂદાને ખાવા ધાય છે,
આને લીધે યહોવાનો રોષ ઓછો થયો નથી અને તેનો હાથ હજી
ઉગામેલો જ રહ્યો છે.

# 10

1 જેઓ અન્યાયી કાયદા ઘડે છે અને અન્યાયી ચુકાદાઓ લખે
છે;
2 અને આ રીતે ગરીબોને ન્યાય મળતો અટકાવો છો અને
દલિતોના હક છીનવી લો છો. અને વિધવાઓની અને અનાથોની
યાતનાઓમાંથી તમે લાભ મેળવો છો.
3 તમે ન્યાય ને દિવસે, જ્યારે દૂર દેશથી તમારા પર વિનાશ
ઊતરશે ત્યારે તમે શું કરશો? કોની પાસે મદદ માટે દોડશો?
તમારી માલમિલ્કત ક્યાં મૂકી જશો?
4 યુદ્ધમાં કપાઇને પડ્યા વગર કે કેદ પકડાઇ નીચી મૂંડીએ
ઘસડાયા વિના તમારો છૂટકો જ નથી. તમારા કર્મોને લીધે
યહોવાનો રોષ નહિ ઉતરે. તેનો હાથ હજી ઉગામેલો જ રહેશે.

## આશ્શૂરની શકિત પર દેવનું નિયંત્રણ

5 પ્રભુએ કહ્યું, "આશ્શૂર તો મારા ગુસ્સાનો દંડૂકો છે, તેના
હાથમાં મારા ગુસ્સાની લાઠી છે!
6 હું તેને અધમીર્ પ્રજા સામે મોકલું છું, મારો રોષ જગાડનાર
લોકો સામે જઇ તેમને લૂંટવા, તેમની માલમિલ્કત પડાવી લેવા
અને રસ્તા પરના કીચડની જેમ તેમને રોળી નાખવા જણાવું છું.

7 "તેનો પોતાનો વિચાર તો જુદો જ છે, તેના મનમાં જુદી જ
યોજના છે. વિનાશ કરવાનો જ તેનો વિચાર છે, અનેક પ્રજાઓનો
સંહાર કરવાનો તેનો નિર્ધાર છે.
8 તે કહે છે, 'મારા સેનાપતિઓ બધાં રાજા નથી?
9 કાલ્નો અને કાર્કમીશ, હમાથ અને આર્પાદ, દમસ્ક અને
સમરૂન બધાંના મેં એકસરખા હાલ કરી નાખ્યા છે.
10 મારો હાથ જ્યાં યરૂશાલેમ અને સમરૂન કરતાં જેઓની
કોતરેલી મૂર્તિઓ હતી એવાં રાજ્યોમાં પહોંચી ગયો છે.
11 તો જે રીતે સમરૂન અને ત્યાંના દેવોના જેવા હાલહવાલ કર્યા
છે, તેવા હાલહવાલ શું હું યરૂશાલેમનાં અને ત્યાંની મૂર્તિઓના
નહિ કરું?' "
12 પણ સિયોન પર્વત પર અને યરૂશાલેમમાં પોતાનું કામ પતાવ્યા
પછી યહોવા આશ્શૂરના રાજાને તેની ઉદ્ધત બડાશો માટે અને તેના
તુમાખીભર્યા અભિમાન માટે સજા કરશે.

13 આશ્શૂરનો રાજા કહે છે, "મારા પોતાના બાહુબળથી અને
ડહાપણથી મેં આ કર્યુ છે; હું કેટલો ચતુર છું? રાષ્ટોની સરહદોને
મેં હઠાવી દીધી છે. તેમના ભંડારો લૂંટયા છે, અને આખલાની
જેમ તેમના રાજાઓને પગ નીચે કચડયા છે.
14 રેઢા પડેલા માળાનાં ઇંડાની જેમ પ્રજાની સંપત્તિ મારા હાથમાં
આવી પડી છે. મેં આખી દુનિયા ઉપાડી લીધી છે; નથી એકે
પાંખ ફફડી, કે નથી એકે ચાંચ ઉઘડી કે નથી કોઇએ ચી કર્યુ."

15 શું કુહાડી તેના વાપરનાર આગળ બડાશ હાંકશે? શું કરવત
તેના ખેંચનાર આગળ શેખી મારશે? એ તો લાઠી તેના ઘૂમાવનારને
ઘૂમાવે અથવા છડી જે લાકડું નથી એવા માણસને ઉપાડે એના
જેવી વાત છે!
16 તે માટે સૈન્યોના દેવ યહોવા તેના બળવાન યોદ્ધાઓમાં
ભયંકર બિમારીઓ મોકલશે; તેમનાં દેહમાં અગ્નિ જેવી જવાળા
ભડભડતી રહેશે.
17 ઇસ્રાએલના દીવારૂપ પવિત્ર દેવ જ અગ્નિની પ્રચંડ જવાળા
બની જશે. અને તે એક દિવસમાં પેલા કાંટાઝાંખરાને બાળીને
ભસ્મીભૂત કરી નાખશે.

18 તેના વન ઉપવનના વૈભવને, કોઇ માંદા માણસને તેનો રોગ
સમાપ્ત કરી નાખે તેમ સંપૂર્ણ રીતે સમાપ્ત કરી નાખશે.
19 તેના વનમાં બાકી રહેલા ઝાડ એટલાં ઓછાં હશે કે એક
બાળક પણ તેને ગણી શકે.
20 તે સમયે ઇસ્રાએલના બચવા પામેલા માણસો પોતાને ઘા
કરનાર દેશ ઉપર આધાર રાખવાનું છોડી દઇ સાચેસાચ ઇસ્રાએલના
પવિત્ર દેવ પર આધાર રાખતા થશે;
21 બાકી રહેલા યાકૂબના વંશજો મહાબળવાન દેવ પાસે પાછા
આવશે.
22 ઇસ્રાએલીઓ સાગરની રેતી જેટલા હશે, તોયે તેમાંથી ફકત
થોડા બાકી રહેલા માણસો જ પાછા આવશે, એમનો વિનાશ
નિર્માઈ ચૂક્યો છે, અને પ્રતિશોધ તો પૂરની જેમ આવી રહ્યો છે.
23 સૈન્યોના પ્રભુ યહોવાએ, પોતે જાહેર કર્યું હતું તે મુજબ
સમગ્ર ભૂમિનો વિનાશ કરવા કૃત નિશ્ચય છે.
24 તેથી મારા માલિક સૈન્યોના દેવ યહોવા આ મુજબ કહે
છે, "હે સિયોનમાં વસવાટ કરતા મારા લોકો, આશ્શૂરના લોકો
મિસરના લોકોની જેમ લાઠીથી તમને મારે અને દંડા ઉગામે તોયે
તમે તેમનાથી બીશો નહિ.
25 કારણ કે થોડા જ સમયમાં મારો ક્રોધ તેમનો વિનાશ કરશે."
26 હું, સૈન્યોનો દેવ યહોવા, મેં, જેમ ઓરેબના ખડક પાસે
મિદ્યાનના લોકોને માર્યા હતા તેમ આશ્શૂરના લોકોને ફટકારીશ.
અને હું તેમની સામે દંડ ઉગામીશ જેમ મેં સમુદ્ર પર આવેલા
મિસર પર કર્યુ હતું તેમ.
27 તે દિવસે આશ્શૂરનો બોજો તમારા ખભા પરથી ઊતરી જશે
અને તેની ઝૂંસરી તમારી ડોક પરથી ફગાવી દેવામાં આવશે.

## ઇસ્રાએલ પર આશ્શૂરી સૈન્યનું આક્રમણ

28 તે આયાથ આવી પહોંચ્યો છે, તે મિગ્રોનમાં થઇને ગયો છે;
મિખ્માશમાં તે પોતાનો સરસામાન રાખી મૂકે છે.
29 તેઓ ખીણની પાર આવ્યા છે; ગેબામાં તેઓએ ઉતારો કર્યો
છે; રામા થથરે છે, શાઉલનું ગિબયાહ નાસાનાસ કરે છે;

30 હે બાથ ગાલ્લીમ, હાંક માર; હે લાઇશાહ, કાળજી પૂર્વક
સાંભળ, હે અનાથોથ, તેને જવાબ દે.
31 માદમેનાહના લોકો નાસભાગ કરે છે, ગેબીમના લોકો જીવ
બચાવવા ભાગે છે.
32 હુમલાખોરો આજે જ નોબમાં મુકામ કરશે. અને સિયોનના
પર્વત ભણી, યરૂશાલેમ ભણી તે મુઠ્ઠી ઉગામશે.
33 પરંતુ અમારા માલિક સૈન્યોનો પ્રભુ યહોવા, ફટકા સાથે કોઇ
વૃક્ષની ડાળીઓની જેમ તેમને કાપી નાખશે; તે ઊંચા, મજબૂત
ઝાડોને કાપી નાખશે અને તેને જમીન પર ફેંકી દેશે;
34 કુહાડીથી કપાતાં જંગલના ઝાડોની જેમ તે તેમને કાપી
નાખશે અને લબાનોનનાં ભવ્યમાં ભવ્ય વૃક્ષો પણ ધરાશાયી થઇ
જશે.

# 11

## શાંતિના રાજ્યનું નિર્માણ

1 દાઉદનો રાજવંશ એક વૃક્ષ સમાન છે. તેને કાપી નાખવામાં
આવ્યું છે. પરંતુ યશાઇના ઠૂંઠામાંથી ફણગો ફૂટશે, અને તેના
મૂળિયામાંથી એક ડાળી ઉગવાની શરુ થશે.
2 યહોવાનો આત્મા, સુબુદ્ધિ તથા સમજદારીનો આત્મા,
વિવેકબુદ્ધિ તથા પરાક્રમનો આત્મા, જ્ઞાન તથા યહોવાના ભયનો
આત્મા તેના પર રહેશે.
3 તે યહોવાના ભયમાં હરખાશે; અને પોતાની આંખે જોયા
પ્રમાણે તે ન્યાય કરશે નહિ. ને પોતાના કાને સાંભળ્યા પ્રમાણે તે
નિર્ણય કરશે નહિ;
4 પણ તે ગરીબોનો પ્રામાણિકપણે ન્યાય કરશે અને દેશના
દુ:ખીજનોનો સચ્ચાઇથી ન્યાય કરશે. અન્યાયીઓને તેનો નિર્ણય
દંડની જેમ પ્રહાર કરશે. તેનો ચુકાદો દુષ્ટોનો સંહાર કરશે.
5 તેનાં સર્વ કાર્યોમાં ન્યાય અને નીતિ હશે.
6 ત્યારે વરુઓ અને ઘેટાંઓ સાથે વસશે અને ચિત્તો લવારા
સાથે સૂશે; વાછરડાં અને સિંહ તથા માતેલાં ઢોર ભેગા ચરશે અને
નાનાં બાળકો પણ તેમને ચરાવવા લઇ જશે.

7 ગાય અને રીંછ ભેગા મળીને ખાશે અને તેમનાં બચ્ચાં પણ
ભેગા સૂશે. સિંહો ઢોરની જેમ ઘાસ ખાશે.
8 નાનાં બાળકો નાગના રાફડા પર રમશે. ઝેરી સાપના દરને
સ્પર્શશે.
9 યહોવાના આખા પવિત્ર પર્વત ઉપર ન તો કોઇ કોઇનું બુરૂં
કરે, ન તો કોઇ કોઇને ઇજા કરે; કારણ, જેમ સાગર જળથી
ભરેલો હોય છે, તેમ દેશ યહોવાના જ્ઞાનથી ભર્યો ભર્યો હશે.
10 તે દિવસે રાજા, યશાઇનો વંશજ લોકોને એકત્ર કરવા
ધ્વજારૂપ બની રહેશે. દેશવિદેશની પ્રજાઓ તેની આસપાસ ભેગી
થશે. તે અને તેનું નિવાસસ્થાન મહિમાવંતુ થશે.
11 તે દિવસે મારા પ્રભુ આશ્શૂર, ઉત્તરી મિસર, દક્ષિણ મિસર,
કૂશ, એલામ, બાબિલ, હમાથ અને દરિયાપારના પ્રદેશોમાંથી
પોતાના લોકોમાંના જેઓ હજી બાકી રહેલા હશે તેમને પાછા
લાવવા બીજીવાર પોતાનો હાથ વિસ્તારશે અને પોતાની શકિતનો
પરચો બતાવશે;
12 પ્રજાઓની સમક્ષ "ધ્વજા" ફરકાવીને, તે પૃથ્વીના ચારે ખૂણેથી
ઇસ્રાએલ અને યહૂદાના વેરવિખેર થઇ ગયેલા લોકોને ભેગા કરશે.
13 ન તો ઇસ્રાએલ યહૂદાની ઇર્ષ્યા કરશે કે, ન તો યહૂદા
ઇસ્રાએલનું દુશ્મન રહેશે.
14 તેઓ બંને ભેગા મળીને ખભેખભા મિલાવી પશ્ચિમમાં
પલિસ્તીઓ પર તૂટી પડશે અને પૂર્વના લોકોને લૂંટી લેશે; અદોમ
અને મોઆબ તેમની મૂઠીમાં આવશે; અને આમ્મોનના લોકો તેમની
આણ સ્વીકારશે.
15 યહોવા મિસરના રાતા સમુદ્રમાંથી રસ્તો કરશે; અને ફ્રાત
નદી પર પોતાનો હાથ હલાવીને પ્રચંડ પવનને મોકલશે અને તેને
સાત પ્રવાહમાં વહેંચી નાખશે જેથી તે સહેલાઇથી ઓળંગી શકાય.
16 યહોવાના લોકો ઇસ્રાએલીઓ મિસરમાંથી બહાર આવ્યા
ત્યારે તેમને માટે હતો તેવો જ માર્ગ એ લોકોના જેઓ આશ્શૂરમાં
બાકી રહેલા હશે તેમને માટે પણ નિર્માણ થશે.

# 12

## દેવનાં સ્તુતિગાન

1 તમે તે દિવસે ગાશો:
“હે યહોવા હું તમારો આભાર માનું છું! ત
મે મારા પર રોષે ભરાયા હતા,
હવે તમારો રોષ સમી ગયો છે
અને તમે મને પ્રેમ આપ્યો છે.
2 દેવ મારા ઉદ્ધારક છે;
અને હવે મને વિશ્વાસ બેઠો છે અને ડર રહ્યો નથી;
મારો આશ્રય યહોવા દેવ જ છે;
ને મારા રક્ષણહાર એ જ છે; ને એ જ મારા ઉદ્ધારક બન્યા.”

3 અને તમે ઉદ્ધારના ઝરણામાંથી
આનંદભેર પાણી ભરશો.
4 તમે તે દિવસે કહેશો કે,
“યહોવાની સ્તુતિ ગાવ, અને તેના નામનું આહવાહન કરો;
સર્વ પ્રજામાં તેનાં કાર્યોની ઘોષણા કરો;
તેનું નામ સવોર્પરી છે એવું જાહેર કરો.”
5 યહોવાની ઝળહળતી સિદ્ધિઓ માટે
તમે તેના સર્વદા ગુણગાન ગાઓ;
ને સમગ્ર દુનિયામાં એની જાણ કરો.
6 હે સિયોનનાં વાસીઓ, આનંદના પોકાર કરો,
ઇસ્રાએલના મહાન પરમ પવિત્ર દેવ છે.
અને તમારા સૌની વચ્ચે વસે છે.

# 13

## બાબિલની પડતી ને વિજયનું દર્શન

1 આમોસના પુત્ર યશાયાને બાબિલ વિષે યહોવાએ સંદર્શન
આપ્યું તે આ રહ્યું:

2 “ઉજ્જડ પર્વત પર ધ્વજા ઊંચે ફરકાવો.
તેઓને ઊંચે સાદે હાંક મારો,
હાથના ઇશારા કરો
કે તેઓ ઉમરાવોના દરવાજા પર ત્રાટકે.”

3 દેવ કહે છે, “મેં મારા પસંદ કરેલા
યોદ્ધાઓને મારા સૈનિકોને,
મારા વિશ્વાસુ લડવૈયાઓને,
મારો વિરાટ ગુસ્સો બતાવવાનો મેં હુકમ કર્યો છે.

4 “સાંભળો! પર્વતો પર મોટી મેદનીનો કોલાહલ સંભળાય છે!
ભેગા થતાં રાજ્યોનો અને પ્રજાઓનો શોરબકોર સાંભળો!
સૈન્યોના દેવ યહોવા,
યુદ્ધ માટે સૈન્યોને ભેગાં કરે છે.
5 યહોવા અને તેના ક્રોધનો અમલ કરનારા
યોદ્ધાઓ દૂર દૂરના દેશમાંથી,
ક્ષિતિજને પેલે પારથી સમગ્ર
દેશનો નાશ કરવા આવી રહ્યા છે.”

6 આક્રંદ કરો, કારણ કે યહોવાનો દિવસ આવી ગયો છે. સર્વ
શકિતશાળી તરફથી સર્વનાશ આવશે.
7 બધા લોકોના હાથ ખોટા થઇ જશે. તેમના હૃદય હારી જશે.
8 તેઓ દુ:ખ અને વેદના અનુભવશે, પ્રસવવેદના ભોગવતી સ્ત્રી
જેમ તેઓ કષ્ટ પામશે; તેઓ ગભરાઇ જશે અને ડરથી એકબીજા
સામે અનિમેષ ષ્ટિથી જોયા કરશે.

## બાબિલ વિરુદ્ધ દેવનો ન્યાય

9 જુઓ, યહોવાનો દિવસ આવે છે; તે રોષ અને ભયંકર ક્રોધથી
નિર્દય બનીને ધરતીને ઉજ્જડ કરી નાખશે અને તેમાંથી પાપીઓનો
સંહાર કરશે;
10 આકાશના તારાઓ અને નક્ષત્રો પ્રકાશ આપતાં બંધ થઇ
જશે. સૂર્ય ઊગતાંની સાથે ઘોર અંધકાર થઇ જશે અને ચંદ્ર
પ્રકાશ આપશે નહિ.

11 સૈન્યોના દેવ યહોવા કહે છે, "હું જગત ઉપરનાં પાપો માટે
આફત ઉતારીશ; તેમના ગુનાઓ માટે દંડ ફટકારીશ. હું ઉદ્ધત
વ્યકિતઓનું અભિમાન ઉતારીશ.
12 જુલમગારોની તુમાખીને ધૂળ ચાટતી કરી નાખીશ. ઓફીરના
શુદ્ધ સોનાની માફક લોકો પણ દુર્લભ થઇ જશે.
13 હું મારા ભયંકર રોષના દિવસે આકાશોને ધ્રુજાવી મૂકીશ
અને પૃથ્વી આકાશમાં પોતાના સ્થાનેથી ખસી જશે."

14 બાબિલમાં વસતા વિદેશીઓ જેની પાછળ શિકારીઓ પડ્યાં
છે, એવાં હરણાંની જેમ અથવા રેઢાં મૂકેલાં ઘેટાંની જેમ, પોતાને
વતન પોતાના લોકોમાં ભાગી જશે.
15 બાબિલમાં રહેતા દરેક જણ જે પકડાઇ ગયાં છે, તેઓને
ભાલાથી વીંધી નાખવામાં આવશે અને પકડાયેલો દરેક જણ
તરવારનો ભોગ બનશે.
16 તેમનાં બાળકોને તેમનાં દેખતાં પછાડીને મારી નાખવામાં
આવશે, તેમનાં ઘરો લૂંટી લેવામાં આવશે, અને તેમની સ્ત્રીઓની
લાજ લૂંટવામાં આવશે.

17 "કારણ કે હું માદીઓને બાબિલની વિરુદ્ધ ઉશ્કેરીશ અને
ચાંદીના કે સોનાના મોટા જથ્થા વડે તેઓ રીઝશે નહિ,
18 બાબિલના યુવાનો, બાળકો કે વૃદ્ધો પર લશ્કરના સૈનિકો
દયા દાખવશે નહિ.
19 સદોમ અને ગમોરાનો નાશ યહોવાએ આકાશમાંથી આગ
મોકલીને કર્યો હતો.

"તે જ પ્રમાણે રાજ્યોમાં સૌથી ગૌરવવાન, ખાલદીઓના વૈભવ
અને ગર્વરૂપ બાબિલ તેમના હાથે ખેદાનમેદાન થઇ જશે.
20 એમાં ફરી કદી વસતિ થશે નહિ, દીર્ઘકાળપર્યંત એમાં કોઇ
વસશે નહિ, કોઇ ભટકતી ટોળી પણ ત્યાં તંબુ તાણશે નહિ, કોઇ
ભરવાડ ત્યાં ઘેટાબકરાંને પણ નહિ બેસાડે.
21 પણ ત્યાં જંગલી પ્રાણીઓ વસવાટ કરશે અને તેનાં ઘરો
ઘુવડોથી ભરાઇ જશે; ત્યાં શાહમૃગનો વાસ થશે અને રાની બકરાં
કૂદાકૂદ કરશે.

22 એનાં આલીશાન મકાનોમાં અને એનાં રંગમહેલોમાં વરુ અને
શિયાળવાં ભૂંકતા રહેશે. એના દિવસો ભરાઇ ગયા છે, એનો
સમય પૂરો થઇ ગયો છે."

# 14

## ઇસ્રાએલ પર દેવની કૃપાષ્ટિ થશે

1 કેમ કે યહોવા યાકૂબ પર દયા લાવશે અને ફરીથી તેમનો
સ્વીકાર કરશે. અને તેઓને પોતાની ભૂમિ ઇસ્રાએલમાં વસાવશે;
વિદેશીઓ તેઓની સાથે જોડાશે. અને તેઓ પોતાને યાકૂબના
વંશજો સાથે જોડશે.
2 ઘણી પ્રજાઓ તેમને તેમના પોતાના વતનમાં જવામાં સાથ
આપશે, અને યહોવાની આપેલી ભૂમિમાં ઇસ્રાએલીઓએ લોકોને
દાસ અને દાસીઓ તરીકે રાખશે; અને તેમને કેદ પકડનારાઓને
તેઓ કેદ પકડશે અને તેમના પર અન્યાય કરનારાઓ પર તેઓ
રાજ્ય કરશે.
3 હે ઇસ્રાએલના લોકો, યહોવા તમને તમારા કલેશથી તથા
તમારા સંતાપથી અને તમે વેઠેલી સખત મજૂરીમાંથી તમને મુકિત
આપશે.

## બાબિલના રાજા વિષે એક ગીત

4 તે દિવસે તમે મહેણાં મારીને બાબિલના રાજાને કહેશો કે,

સિતમગાર કેવો શાંતિથી પડ્યો છે.
 તેનો ઉગ્ર રોષ કેવો શાંત પડ્યો છે!
5 યહોવાએ તારી દુષ્ટ સત્તાને કચડી નાખીને
 તારા દુષ્ટ શાસનનો અંત કર્યો છે.
6 તમે તમારા ક્રોધમાં મારા લોકોનું દમન કર્યુ છે.
 તમે તેઓને સતત માર્યા છે,
તમે તમારા ક્રોધમાં તેમના પર ડંખીલુ શાસન કર્યુ છે
 તમે પ્રજાની પર જુલમ ગુજારતાં અટક્યા નથી.
7 સમગ્ર પૃથ્વી હવે નિરાંતે શાંતિ ભોગવે છે.
 લોકો એકાએક ગીતો ગાઇ ઉઠે છે.
8 હે બાબિલનાં રાજા,

તારી દશા જોઇને સરુના વૃક્ષો
અને લબાનોનના ગંધતરુઓ
આનંદમાં આવીને કહે છે,
"તું કબરમાં સૂતો ત્યારથી કોઇ કઠિયારો
અમને કાપવા આવ્યો નથી!"
9 પાતાળમાં રહેલા શેઓલમાં ખળભળાટ
અને ઉશ્કેરાટ મચી ગયો છે.
અને તે તમે જ્યારે આવો ત્યારે
તમારું સ્વાગત કરવા માટે આતુર છે.
પૃથ્વી પરના બધા રાજાઓના આત્માઓ
તમારું અભિવાદન કરવા પોતાના
આસન પરથી ઉભા થઇ ગયા છે.
10 તેઓ બધાં તને જોઇને બોલી ઊઠે છે.
"તું પણ અમારા જેવો નબળો નીકળ્યો!
અમારામાંનો એક બની ગયો!"
11 તારા વૈભવનો તથા તારા ગૌરવ માટે વાગતી વીણાના સંગીતનો
અંત આવ્યો છે.
તું શેઓલમાં* પહોંચી ગયો છે.
તારી પથારી અળસિયાઁની છે
અને કૃમિ જ તારું ઓઢણ છે!
12 હે તેજસ્વી તારા, પ્રભાતના પુત્ર,
તું ઊંચે આકાશમાંથી કેમ પડ્યો છે!
બીજી પ્રજાઓનો નાશ કરનાર,
તને કાપી નાખીને ભોંયભેગો કરવામાં આવ્યો છે.
13 તું તારા મનમાં એમ માનતો હતો કે,
"હું આકાશમાં ઉંચે ચઢીશ,
અને પ્રચંડ નક્ષત્રો કરતાં પણ ઊંચે મારું સિંહાસન માંડીશ,
આકાશના ઘુમ્મટની ટોચે દેવોની સભાના પર્વત પર બેસીશ;
14 હું વાદળોથી પણ ઉપર જઇશ
અને પરાત્પર દેવ સમાન બનીશ."

---

* **14:11: શેઓલ** શેઓત એ જગ્યા છે જ્યાં હિબ્રુ માન્યતા પ્રમાણે બધા મૃતલોકો ત્યાં જાય છે. સામાન્યા રીતે તે સજાની જગા હોય છે એવું મનાતું નથી.

15 પણ તું તો અધોલોકમાં આવી પડ્યો છે,
પાતાળને તળિયે પહોંચી ગયો છે!
16 જ્યારે જે કોઇ તને જોશે,
તે તારા તરફ ટીકી રહેશે અને વિચાર કરશે કે,
"શું આ એ માણસ છે, જેણે પૃથ્વીને ધ્રૂજાવી હતી,
રાજ્યોને ડોલાવ્યાં હતાં જેણે જગતને અરણ્ય સમાન બનાવી દીધું હતું.
17 નગરોને ખેદાનમેદાન કરી નાખ્યાં હતાં.
અને જેણે કદી પોતાના કેદીઓને છોડી મૂકીને ઘેર જવા દીધા નહોતા?"
18 બીજી બધી પ્રજાના રાજાઓ માનપૂર્વક
પોતપોતાની કબરમાં સૂતેલા છે.
19 પણ તને તો કબર પણ મળી નથી.
તારા શબને તિરસ્કારપૂર્વક
ફેંકી દેવામાં આવ્યું છે.
તારું કચડાયેલું શબ,
યુદ્ધમાં વીંધાઇ ગયેલા યોદ્ધાઓથી વીંટળાઇને
એક ખાડાના ખડક તળિયે પડ્યું છે.
20 તારા નામનું કોઇ સ્મારક ઊભું કરવામાં આવશે નહિ
કારણ કે તેં તારા લોકોનો તેમજ તારા દેશનો નાશ કર્યો છે.
તારી ગાદી પર તારો પુત્ર આવશે નહિ,
તારા જેવા કુકર્મીર્ના વંશજોનું નામોનિશાન
પણ ન રહેવું જોઇએ.

21 એમના પૂર્વજોના પાપ માટે તેમની હત્યાઓ કરો,
જેથી તેઓ ફરીથી ઊભા થઇ શકે નહિ,
દેશને જીતી શકે નહિ
અને પૃથ્વીના નગરોને ફરીથી બાંધે નહિં.

22 સૈન્યોના દેવ યહોવા કહે છે, "હું બાબિલની સામે થઇશ,
હું તેનું નામોનિશાન ભુંસી નાખીશ, એનો વંશવેલો નિર્મૂળ કરી
નાખીશ.
23 "હું તેને શાહુડીનું વતન તથા પાણીનાં ખાબોચિયાં જેવું
બનાવી દઇશ; હું વિનાશનો સાવરણો ચલાવીશ અને બધું સાફ
કરી નાખીશ." આ સૈન્યોના દેવયહોવાના વચન છે.

### દેવ આશ્શૂરને પણ સજા કરશે

24 સૈન્યોના દેવ યહોવા સમપૂર્વક કહે છે કે, "મારી યોજના
પ્રમાણે જ બધું થશે. મારી ઇચ્છા અનુસાર જ બધું બનશે.
25 હું મારા દેશનાં ડુંગરો પર આશ્શૂરને પગ તળે રોળી તેનો
ભૂક્કો ઉડાવી દઇશ. ત્યારે તેની ઝૂંસરી મારા લોકો પરથી ઊતરી
જશે. તેનો બોજો તેમના ખભા પરથી ઊતરી જશે.
26 આ યોજના સમગ્ર પૃથ્વી માટે ઘડવામાં આવી છે. બધી
પ્રજાઓ સામે આ હાથ ઉગામેલો છે."
27 સૈન્યોના દેવ યહોવાની આ યોજના છે, અને એને કોણ
સમાપ્ત કરી શકે? તેમણે હાથ ઉગામ્યો છે, એને પાછો કોણ
વાળી શકે?

### પલિસ્તીઓને દેવનો સંદેશ

28 જ્યારે રાજા આહાઝનું અવસાન થયું તે વર્ષ દરમ્યાન આ
પ્રમાણે દેવી વાણી સંભળાઇ.
29 હે સર્વ પલિસ્તીઓ, તમને મારનારી લાઠી ભાંગી ગઇ છે,
તેથી આનંદમાં નાચશો નહિ, કારણ કે એક સાપમાંથી બીજો એક
વધારે ભયંકર સાપ જન્મ લે છે, અને તેમાંથી હજી બીજો ઊડતો
સાપ પેદા થાય છે.
30 પરંતુ મારા ગરીબ અને દીનદલિત લોકો રોટલો પામશે અને
શાંતિથી રહેશે. હે પલિસ્તીઓ! હું દુકાળ મોકલી તમારા લોકોને
જડમૂળથી ઉખેડી નાખીશ. કોઇ તેમાંથી ઉગરી શકશે નહિ.

31 હે પલિસ્તી દેશનાં નગરો, આક્રંદ કરો,
હે પલિસ્તીઓ, તમે સૌ ભયથી થથરી ઊઠો!
કારણ ઉત્તરમાંથી તોફાનની જેમ સૈન્ય આવે છે

અને એમાં કોઇ ભાગેડુ નથી.
32 બીજા દેશમાંથી આવેલા સંદેશવાહકોને શો જવાબ આપવો?
એ જ કે, યહોવાએ સિયોનની સ્થાપના કરી છે
અને ત્યાં જ તેના ગરીબ અને કચડાયેલા લોકો આશ્રય મેળવશે.

# 15

## મોઆબને ઠપકાનું વચન

1 મોઆબ વિષે દેવવાણી.

આર-મોઆબ અને કીર રાતોરાત ખેદાનમેદાન થઇ ગયાં
અને કીર મોઆબ ઉજ્જડ થયું છે, નષ્ટ થયું છે.
2 દીબોનના લોકો પર્વત પર અને ઉચ્ચસ્થાનકે રડવાને જાય છે.
મોઆબના લોકો નબો અને મેદબા પર મોઆબ આક્રંદ કરે છે.
બધા જ માણસોએ શોકને લીધે માથું મૂંડાવી નાખ્યું છે, અને દાઢી બોડાવી નાખી છે;
3 બધા જ શોકની કંથા પહેરીને રસ્તા પર ફરે છે.
અને છાપરે ચડીને ચોરેચૌટે આક્રંદ અને રોકકળ કરે છે,
અને પોક મૂકીને આંસુ સારે છે.
4 વળી હેશ્બોન અને એલઆલેહના લોકો પોકેપોક રડે છે;
તેમનો અવાજ યાહાસ સુધી સંભળાય છે;
તેથી મોઆબના સશસ્ત્ર યોદ્ધાઓ પણ થથરી જાય છે,
તેથી તેનું હ્રદય ક્ષોભ પામે છે.

5 મારું હ્રદય મોઆબને માટે રૂદન કરે છે!
ત્યાંના લોકો સોઆર
અને એગ્લાથ-શલીશિયા ભાગી ગયા છે.
તેઓ રડતાં રડતાં લૂહીથનો ઘાટ ચઢે છે,
હોરોનાયિમને રસ્તે તેઓ હૈયાફાટ રૂદન કરે છે.
6 નિમ્રીમનાં જળાશય અરણ્ય તુલ્ય થાય છે;
ઘાસ સુકાઇ ગયું છે.

તૃણ સમાપ્ત થઇ ગયું છે.
લીલોતરીનું નામોનિશાન નથી.
7 આથી લોકો પોતાની માલમિલ્કત અને જે કઇ સંઘરેલું છે
તે લઇને વેલવાળી ખીણની સામે પાર ચાલ્યા જાય છે.

8 કારણ કે સીમની આસપાસ રૂદનનો અવાજ પહોંચી ગયો છે;
તેના આક્રંદના પડઘા એગ્લાઇમ અને બએર-એલીમ સુધી
સંભળાય છે.
9 દીમોનમાં પાણી લોહી લોહી થઇ ગયા છે,
તેમ છતાં દેવ દીમોનને માથે હજી મોટી આફત ઉતારશે;
મોઆબના જે થોડા લોકો બચી ગયા છે
તેમના પર એક સિંહ ત્રાટકશે.

# 16

## કૂશને ચેતવણી

1 રણમાં આવેલા સેલા નગરમાંથી મોઆબના લોકો ડુંગર પર
આવેલા યરૂશાલેમમાં વસતા દેશના અમલદારોને માટે હલવાન
મોકલો.

2 પોતાના માળામાંથી હાંકી કઢાયેલા પંખીઓની જેમ મોઆબના
લોકો
આર્નોન નદી પાર કરવાના માર્ગે આમતેમ ભટકે છે.
3 તેઓ યહૂદાના લોકોને કહે છે,
"અમને સલાહ આપો,
ન્યાય કરો, મધ્યાહને તારી છાયા રાતના જેવી કર;
કાઢી મૂકેલાઓને સંતાડ;
શરણાથીર્ઓનો વિશ્વાસઘાત કરીશ નહિ.
4 અમને મોઆબમાંથી હાંકી કાઠવામાં આવ્યા છે,
અમને તમારે ત્યાં વસવા દો.
અમારો નાશ કરનાર હાથમાંથી અમારું રક્ષણ કરો."

જ્યારે અત્યાચાર બંધ પડ્યો હશે

અને અન્યાયનો અંત આવ્યો હશે.
અને દેશને પગતળે રોળી નાખનારાઓ જ્યારે દેશમાંથી ચાલ્યા ગયા હશે.
5 ત્યારે દાઉદનો એક વંશજ
તેના સિંહાસન પર બેસશે
અને તે દયા અને નિષ્ઠાપૂર્વક રાજ્ય કરશે.
તે ન્યાય અને પ્રામાણિકપણે
વર્તવામાં સદા તત્પર રહેશે.

6 યહૂદાના લોકો કહે છે, અમે મોઆબના ઘમંડ વિષે સાંભળ્યું છે,
કેવો ભારે ઘમંડ! તેના અભિમાન,
તેના અહંકાર તથા તેની ઉદ્ધતાઇ વિષે અમે સાંભળ્યું છે,
પણ તેની બડાશો બધી ખોટી છે.
7 આથી, મોઆબીઓએ મોઆબ માટે આક્રંદ કરવું જ રહ્યું,
ભારે આફતમાં તેઓ આવી જશે.
અને કીર-હરેસેથની સૂકી દ્રાક્ષાની બાટીઓને માટે શોક કરશે.
8 કારણ, હેશ્બોનમાં ખેતરો કસ વગરનાં થઇ ગયા છે.
સિબ્માહની દ્રાક્ષની વાડીઓ ખેદાનમેદાન થઇ ગઇ છે.
એક સમય એવો હતો જ્યારે એ દ્રાક્ષની વાડીઓ બાલ-ગોયિમ
અને યાઝેર સુધી પહોંચતી હતી.
અને ત્યાંથી ઠેઠ રણ સુધી ફેલાતી હતી;
અને પશ્ચિમમાં એની શાખાઓ સમુદ્રની સામે પાર સુધી પહોંચતી હતી.
9 એટલે હું યાઝેરના લોકોની સાથે
સિબ્માહની દ્રાક્ષકુંજો માટે રડીશ,
હે હેશ્બોન તથા એલઆલેહ,
હું તને મારાં આંસુઓથી સિંચીશ,
કારણ કે તમારો પાક લણનારાઓનો
કલશોર સંભળાતો નથી,
10 તમારી વાડીઓમાંથી આનંદ લોપ પામ્યા છે,
દ્રાક્ષકુંજોમાં ગીતો ગવાતા બંધ થઈ ગયા છે;

આનંદના પોકાર કોઇ કરતું નથી, કે કોઇ દ્રાક્ષારસ બનાવવા માટે
દ્રાક્ષો ગૂંદતું નથી,
બધા લણનારાઓનો કલશોર શમી ગયો છે.
11 આથી મારું હૃદય મોઆબને માટે વીણાની જેમ રણજણી ઊઠે
છે,
અને કીર-હેરેસથને માટે મારો અંતરાત્મા કકળે છે.
12 મોઆબના લોકો પર્વત પરનાં
ઉચ્ચસ્થાનકોએ પ્રાર્થના કરવા જઇને થાકી જશે,
તોયે કશું વળવાનું નથી.

13 યહોવાએ ભૂતકાળમાં મોઆબ વિષે ઉચ્ચારેલાં વચનો આ
પ્રમાણે છે.
14 અને હવે યહોવા કહે છે કે, "ત્રણ વર્ષ પૂરાં થતાં જ
મોઆબની જાહોજલાલી તુચ્છ થઇ જશે અને તેની વસ્તી વિશાળ
હોવા છતાં બહુ જ ઓછા લોકો બાકી રહેશે અને તે પણ તુચ્છ
ગણાશે; શેષ બહુ થોડો સમુદાય રહેશે તે પણ વિસાત વગરનો
રહેશે."

# 17

## ઇસ્રાએલ તથા અરામનું પતન

1 દમસ્કને લગતી દેવવાણી

"જુઓ દમસ્ક નગર નહિ કહેવાય એવું થઇ જશે,
તે ખંડિયેરનો ઢગલો થઈ જશે.
2 અરામના નગરો કાયમને માટે ઉજ્જડ બની જશે,
ત્યાં ઘેટાં-બકરાંનાં ટોળાં નિરાંતે આવીને બેસશે,
અને કોઇ તેમને હાંકી કાઢશે નહિ.
3 ઇસ્રાએલના કોટકિલ્લા અને દમસ્કની રાજસત્તા જતાં રહેશે;
વળી ઇસ્રાએલીઓની જાહોજલાલીની જે દશા થઇ
તે જ દશા અરામના બાકી રહેલા લોકોની થશે,"
સૈન્યોના દેવ યહોવાના આ વચન છે.

4 "તે દિવસે ઇસ્રાએલમાંથી યાકૂબની જાહોજલાલી જતી રહેશે

અને ગરીબી આવી પડશે અને તેની સમૃદ્ધિ ઓસરી જશે,

5 “એ લણીને અનાજ ભેગું કરી લીધેલાં ખાલી ખેતર જેવું,
થઇ જશે. તે રફાઇમની ખીણમાંના અનાજના ડૂંડા લણી લીધેલા
કોઇ ખેતર જેવું થઈ જશે.
6 “ફક્ત રડ્યાં ખડ્યાં થોડાં ડૂંડા ત્યાં વેરાયેલા પડ્યાં હશે. જેમ
કોઇ જૈતૂનના ઝાડને હલાવ્યા પછી છેક ઉપરની ડાળી પર બે
ત્રણ ફળ રહે, અથવા ગાઢા પાંદડાવાળી ડાળીએ ચારપાંચ જૈતૂન
રહે, તેવું ઇસ્રાએલનું થશે” એમ સૈન્યોના દેવ યહોવાએ કહ્યું હતું.
7 આખરે તેઓ પોતાના ઉત્પન્નકર્તા દેવનું સ્મરણ કરશે અને
ઇસ્રાએલના પવિત્ર યહોવાનો આદરસત્કાર કરશે.
8 તે દિવસે તેઓ મદદ માટે મૂર્તિઓ આગળ વિનંતી કરશે નહિ
તથા તેઓ પોતાના જ હાથે બનાવેલી મૂર્તિઓની પૂજા કરશે નહિ
ત્યારે તેમને અશેરા સ્તંભ અને ધૂપ વેદીઓ માટે માન રહેશે નહિ.
9 તે દિવસે તેમનાં કિલ્લેબંદીવાળાં શહેરો, ઇસ્રાએલીઓ આવતાં
હિવ્વીઓ અને અમોરીઓએ તજી દીધેલાં સ્થાનો જેવાં થઇ ગયાં
હતાં તેવા થઇ જશે; બધું વેરાન થઇ જશે.
10 હે ઇસ્રાએલના લોકો, તમે તમારા ઉદ્ધારક દેવને, ખડકની
જેમ તમારું રક્ષણ કરનારને ભૂલી જઇને બીજા દેવની પૂજા માટે
બગીચા બનાવો છો.
11 પણ તમે રોપો તે જ દિવસે તેને ફણગાં ફૂટે અને વાવો
તે જ સવારે તેને ફૂલ બેસે, તોયે શોકના અને અસાધ્ય વેદનાના
દિવસ આવે ત્યારે એનો ફાલ અલોપ થઇ જશે.

12 અરે, સમુદ્રની ગર્જના જેવી ગર્જના કરતાંય મોટી માનવમેદનીની
ગર્જના સંભળાય છે.
વળી લોકોના ઘોંઘાટ!
પ્રચંડ જલરાશિના ઘુઘવાટની જેમ ઘુઘવાટા કરે છે.
13 લોકો સાગરનાં મોજાંના ઘુઘવાટની જેમ ઘુઘવાટા કરે છે.
પણ દેવ તેઓને ઠપકો આપશે, ને તેઓ ભાગી જશે,

જાણે પર્વત ઉપર પવનથી ઊડી જતી ધૂળ;
જાણે વંટોળિયા આગળ ઘુમરાતી ધૂળ.
14 જુઓ, સવાર થતા પહેલાં તેઓ નષ્ટ થશે;
જોકે સંધ્યાકાળે તો તેઓ કેર વર્તાવતા હતા!
આ છે આપણને લૂંટનારાઓનું ભાગ્ય.
અને અમારી ધનસંપત્તિનું હરણ કરનારની દશા.

# 18

## કૂશને વિનાશની ચેતવણી

1 અરે! કૂશની નદીઓને પેલે પાર, પાંખોના ફફડાટ વાળા દેશનું
દુર્ભાગ્ય!
2 તે દેશ નીલનદીને માર્ગે પાણી પર સરકટનાં વહાણોમાં
એલચીઓ મોકલે છે:

વેગવાન કાસદો, તમે એ લોકો પાસે જાઓ,
જે કદાવર અને સુંવાળી ચામડીવાળાં છે,
જેનાથી દૂરનાં અને નજીકના સૌ ડરે છે,
જે બળવાન અને પરાક્રમી છે,
જેના દેશની ભૂમિને અનેક નદીઓ સીંચે છે.
3 હે જગતના સર્વ રહેવાસીઓ, ને પૃથ્વી પર રહેનારાઓ,
જ્યારે યુદ્ધ માટેની મારી ધ્વજા પર્વત પર
ઊંચી કરવામાં આવે ત્યારે ધ્યાન આપજો!
જ્યારે હું રણશિંગડું વગાડું, ત્યારે સાંભળજો,

4 કારણ, યહોવાએ મને આ પ્રમાણે કહ્યું છે, "ગ્રીષ્મના
બળબળતા બેઠા તડકાની જેમ, કાપણીની ઋતુંની ગરમીમાં જામતાં
ઝાકળની જેમ, હું શાંત બેઠો મારા નિવાસસ્થાનેથી જોયા કરીશ.
5 પરંતુ પછી, કાપણીની ઋતું પહેલાં, ફૂલ બેસતાં બંધ થયાં
હોય અને ફૂલની પાકી દ્રાક્ષ થવા માંડી હોય, ત્યારે ધારિયાથી

ડાંખળીઓને કાપી નાખવામાં આવે છે અને વધી ગયેલી ડાળીઓને
કાપીને લઇ જાય છે.
6 તેમ એ લોકોને કાપી નાખીને પર્વત પર શિકારી પંખીઓને
માટે, જંગલી પશુઓને માટે મૂકી દેવામાં આવશે; અને જંગલી
પક્ષી તે પર ઉનાળો કાઢશે. અને જગતનાં સર્વ પશુઓ તે ઉપર
શિયાળો કાઢશે."
7 તે વેળાએ એક પ્રજા, સૈન્યોના દેવ યહોવાના નામ ઉપર,
યહોવા માટે અર્પણો લઇને સિયોન પર્વત પરના મંદિરમાં આવશે,
તેઓ ઉંચા અને સુંવાળીં ચામડીવાળા લોકો છે, જેમનાથી, દૂર
અથવા નજીક રહેતા દરેક ડરે છે, અને જેની ભૂમિને અનેક નદીઓ
સીંચે છે.

# 19

## મિસરના વિનાશની ભવિષ્યવાણી

1 મિસર વિષે દેવવાણી: જુઓ, યહોવા વેગીલા વાદળ પર
સવારી કરીને મિસર આવે છે, અને મિસરની મૂર્તિઓ તેને જોઇને
ધ્રૂજવા માંડશે, અને મિસરની હિંમત જતી રહેશે.

2 દેવ કહે છે, "હું મિસરીઓને મિસરીઓ સામે ઉશ્કેરીશ, અને
તેઓ અંદરોઅંદર લડશે, પડોશીની સામે પડોશી, શહેરની સામે
શહેર અને રાજ્ય સામે રાજ્ય.
3 મિસર તેને લીધે હિંમત હારી જશે; અને હું તેની યોજના
ઊંધી વાળીશ, અને તેઓ મૂર્તિઓને, મૃતાત્માઓને, તાંત્રિકોને અને
પ્રેતાત્માઓને પ્રશ્ન પૂછશે."

4 આ સૈન્યોના દેવ યહોવાના વચન છે, "હું મિસરીઓને જુલમી
રાજાના હાથમાં સોંપી દઇશ, જે તેમના પર રાજ્ય કરશે."

5 નીલના પાણી સૂકાઇ જશે, નદીનાં પાણી ઓછાં થઇને સુકાઇ
જશે.
6 નદીઓ ગંધ મારશે; મિસરની નહેરો ખાલી થઇને સુકાઇ
જશે; નાળાં સુકાઇ જશે. ગંધાઇ ઊઠશે, અને બરુ અને કમળ
ચીમળાઇ જશે.

7 નીલનદીને કાંઠે આવેલી તમામ લીલોતરી અને તેની આસપાસ
જે કંઇ વાવ્યું છે તે બધું સૂકાઇ જશે. પવનમાં ઊડી જશે. અને
તેનું કોઇ નામો નિશાન નહિ રહે.

8 માછીઓ શોક કરશે, નીલમાં ગલ નાખનારાઓ આક્રંદ કરશે,
અને પાણીમાં જાળ નાખનારાઓ નાસીપાસ થશે.
9 પીંજેલા શણનું કામ કરનારા તથા સુતરાઉ કાપડના વણનારા
નિરાશ થશે.
10 તેણીના (મિસરના) પાયાઓ હચમચી જશે અને બધા
કામદારો નિરાશ થઇ જશે.
11 સોઆનના રાજકર્તાઓ બિલકુલ મૂર્ખ છે, ફારુનના ડાહ્યા
ગણાતા મંત્રીઓ પણ અક્કલ વગરની સલાહ આપે છે. તેઓ
ફારુન આગળ એવું કેવી રીતે કહી શકે કે, "અમે પ્રાચીન કાળના
જ્ઞાની પુરુષોના અને રાજાઓના વંશજ છીએ?"
12 હે હારુન, તારા એ જ્ઞાની પુરુષો ક્યાં છે? હોય તો આગળ
આવે અને સૈન્યોના દેવ યહોવાએ મિસરનું શું કરવા ધાર્યુ છે, તે
તને જણાવે અને સમજાવે.

13 સોઆનના રાજકર્તાઓ બેવકૂફ છે, નોફના રાજકર્તાઓ મમાં
છે; મિસરના આગેવાનોએ જ દેશને ખોટે રસ્તે ચડાવ્યો છે.
14 યહોવાએ તેમની બુદ્ધિને ભમાવી છે, અને જેમ પીધેલો
માણસ ઊલટી કરતો લથડિયાં ખાય છે, તેમ તેઓએ મિસરને
તેનાં તમામ કામોમાં ખોટે રસ્તે ચડાવ્યો છે.
15 કોઇપણ વ્યકિત, મહત્વની કે બિન મહત્વની, તે સમયે
મિસરને બચાવી નહિં શકે.
16 તે દિવસે મિસરીઓ સૈન્યોના દેવ યહોવાને પોતાની સામે હાથ
ઉગામતો જોઇને, સ્ત્રીની જેમ ભયભીત થઇને થથરવા લાગશે.
17 યહૂદાનો દેશ મિસરને બિહામણો લાગશે. સૈન્યોના દેવ
યહોવાએ મિસરના જે હાલ કરવા ધાર્યા છે તેને લીધે યહૂદાનું
નામ સાંભળતાં વેંત મિસરીઓ થથરી જશે.
18 તે સમયે મિસરમાં પાંચ નગરો એવાં હશે, જ્યાં કનાની
ભાષા બોલાતી હોય અને જ્યાં સૈન્યોના દેવ યહોવાના સોગંદ
લેવાના હોય તેમાનું એક "વિનાશનું નગર" કહેવાશે.

19 તે દિવસે મિસર દેશમાં યહોવાની એક યજ્ઞવેદી હશે અને
મિસરની સરહદે યહોવાના એક સ્તંભ હશે.
20 એ મિસર દેશમાં સૈન્યોનો દેવ યહોવાની એંધાણી અને
સાક્ષીરૂપ બની રહેશે. તેઓ જ્યારે જુલમગારના અન્યાયથી
ત્રાસીને યહોવાને ધા નાખશે ત્યારે તેમને એક તારક તથા રક્ષક
મોકલશે તે તેઓને છોડાવશે,
21 યહોવા મિસરીઓને પોતાનો પરચો બતાવશે અને પછી
મિસરીઓ તેને પ્રેમ કરશે; અને યહોવાને બલિદાન તથા અર્પણો
આપીને તેની ઉપાસના કરશે; અને યહોવાને વચનો આપીને અને
તેને પરિપૂર્ણ કરીને તેને પ્રસન્ન કરશે.
22 યહોવા મિસર પર ઘા કરશે. અને પછી ઘાને રૂઝવશે,
મિસરીઓ યહોવા તરફ વળશે અને તે તેમની અરજ સાંભળી
તેમના ઘા રૂઝવશે.
23 તે દિવસે મિસરથી આશ્શૂર સુધી ધોરી માર્ગ હશે અને
આશ્શૂરના લોકો મિસર અને મિસરના લોકો આશ્શૂર આવશે અને
મિસરના અને આશ્શૂરના લોકો ભેગા ઉપાસના કરશે.
24 તે દિવસે મિસર તથા આશ્શૂરની સાથે ત્રીજો ઇસ્રાએલ
ભળશે, તે પૃથ્વી પર આશીર્વાદરૂપ થઇ જશે.
25 સૈન્યોના દેવ યહોવા તેમને એમ કહીને આશીર્વાદ આપશે
કે, "મારી પ્રજા મિસર, મારા હાથનું સર્જન આશ્શૂર અને મારું
પોતાનું વતન ઇસ્રાએલ, સુખી રહો!"

# 20

## યશાયા પ્રબોધકની એંધાણી

1 જે વર્ષમાં આશ્શૂરના રાજા સાગોર્ને મોકલેલા સેનાધિપતિએ
આશ્દોહ ઉપર ચઢાઇ કરીને તેણે અને જીતી લીધું.
2 તે સમયે જ યહોવાએ આમોસના પુત્ર યશાયાને કહ્યું હતું,
"જા તેં પહેરેલા શોકના વસ્રો ઉતારી નાખ અને તારા પગમાંથી
જોડા ઉતારી નાખ." અને તેણે એ પ્રમાણે કર્યુ હતું, અને તે
નવસ્ત્રો તથા ઉઘાડે પગે ફરવા લાગ્યો.

3 પછી આશ્દોદ જીતાયું ત્યારે યહોવાએ કહ્યું, "મારો સેવક
યશાયા ત્રણ વર્ષ પર્યંત મિસર અને કૂશની જે હાલત થવાની છે
તેની એંધાણીરૂપે વસ્ત્ર વિના ફર્યો છે.
4 તે જ રીતે આશ્શૂરનો રાજા મિસરના અને કૂશના કેદીઓને,
જુવાનોને, તેમજ વૃદ્ધોને નવસ્રા અને ઉઘાડા પગે, નગ્નાવસ્થામાં
હાંકીને લઇ જશે, જેનાથી મિસરને શરમાવું પડશે.
5 જેમણે જેમણે કૂશ અને મિસર ઉપર મદાર બાંધી બડાશ
હાંકી હશે, તેઓ ભોંઠા પડશે અને લજવાશે."
6 અને તે દિવસે આ કાંઠાનો રહેવાસી કહેશે કે, "જુઓ,
આપણું આશાસ્પદ, જ્યાં આશ્શૂરના રાજાના હાથમાંથી બચવા
માટે આપણે જેની મદદ લેવા દોડી ગયા હતા, તેના આ હાલ
થયા! તો આપણે હવે કેવી રીતે બચીશું?"

# 21

## બાબિલનાં વિનાશનું પુરોદર્શન

1 સમુદ્ર નજીકના વેરાન પ્રદેશને લગતી દેવવાણી:

દક્ષિણમાં વાવંટોળિયાના સુસવાટાની જેમ,
રણમાંથી, ભયાનક પ્રદેશમાંથી સૈન્ય આવી રહ્યું છે.
2 મેં એક દુ:ખદાયી સંદર્શન જોયું છે;
વિશ્વાસઘાતી છેતરતો જ જાય છે
અને વિધ્વંસી વિનાશ કર્યે જ જાય છે.

કોઇ કહે છે, "હે એલામ, ચઢાઇ કર!
ઘેરો ઘાલ; હે માદાય!
હું બાબિલને આપેલા દુ:ખભર્યા નિ:સાસાનો અંત લાવીશ."

3 તે જોઇને વેદનાથી મારા અંગો કળે છે,
પ્રસૂતાની પીડા જેવી પીડા મને ઘેરી વળે છે,
હું એવો બાવરો થઇ ગયો છું કે કશું સાંભળી શકતો નથી,
એવો ભયભીત થઇ ગયો છું કે કશું જોઇ શકતો નથી.

4 મારા મગજને ચક્કર આવે છે, હું ભયથી ધ્રૂજુ છું,
જે સંધ્યાને હું ઝંખતો હતો તે જ મને ભયથી થથરાવી રહ્યો છે.

5 ત્યાં જોઉં છું તો ભાણાં પીરસાઇ ગયાં છે,
જાજમ પથરાઇ ગઇ છે,
"લોકો ખાય છે, પીએ છે,"
ત્યાં હુકમ છૂટે છે.

"સરદારો ઊઠો,
યુદ્ધ માટે ઢાલોને તૈયાર કરો."

6 પછી યહોવા મારા દેવે મને એમ કહ્યું કે, "જા, ચોકીદાર
ગોઠવી દે; અને એને કહે કે જે જુએ તેની ખબર કરે.
7 જો તે બબ્બેની હારમાં ઘોડેસવારોને આવતા જુએ, માણસોને
ગધેડા પર અને ઊંટ પર બેસીને આવતા જુએ, તો ખૂબ ધ્યાનથી
નજર રાખે."
8 પછી તે ચોકીદારે સિંહની જેમ પોકાર કર્યો,

"હે યહોવા મારા પ્રભુ, હું આખો દિવસ ચોકીના બુરજ પર ઊભો રહું છું,
આખી રાત હું મારી જગાએ ઊભો રહી ચોકી કરુ છું.

9 જુઓ, આ મનુષ્યોની સવારી,
બબ્બે સાથે ચાલનાર ઘોડેસવારો આવે છે."

તેણે ઉત્તરમાં કહ્યું,
"બાબિલ પડ્યું છે, પડ્યું છે;

તેના દેવોની બધી મૂર્તિઓને
તેણે ભાંગી નાખીને ભોંયભેંગી કરી છે."

10 હે મારા ઝુડાયેલા લોકો, તમને ઝુડવામાં અને ઝાટકવામાં
આવ્યા છે, પણ હવે સૈન્યોના દેવ યહોવા, ઇસ્રાએલના દેવ પાસેથી
મેં જે સાંભળ્યું છે, મેં તે જ તમને જણાવ્યું છે.

### અદોમ માટે દેવનો સંદેશ

11 દૂમાહને લગતી દેવવાણી.

મને કોઇક આદોમથી વારંવાર પૂછી રહ્યું છે,
"હે ચોકીદાર, આજે રાત્રે શું બની રહ્યું છે?
હે ચોકીદાર, આજે રાત્રે શું બની રહ્યું છે?"

12 ચોકીદારે કહ્યું,
"સવાર થાય છે, ને રાત પણ,
જો તમારે પૂછવું જ હોય
તો પૂછો; પાછા આવો."

### અરબસ્તાન માટે દેવનો સંદેશ

13 અરબસ્તાન વિષે દેવવાણી:

હે દેદાનના કાફલાઓ, તમે અરબસ્તાનના
ઝાંખરાઓ વચ્ચે રાત પસાર કરશો.
14 તેમાંના રહેવાસીઓ, તરસ્યાની પાસે જળ લાવો;
ભાગી આવેલાઓને સામે જઇને રોટલો આપો!
15 કારણ, એ લોકો તરવારથી, તાતી તરવારથી,
ખેંચેલા ધનુષ્યથી અને ભીષણ
યુદ્ધથી ભાગીને આવ્યા છે.

16 પછી યહોવાએ મને એમ કહ્યું કે, "એક જ વર્ષ જે ભાડે
રાખેલા મજૂરોના કામના વર્ષ પ્રમાણે ગણતરી કરેલ છે, પૂરું થતાં
જ કેદારની બધી જાહોજલાલીનો અંત આવશે.
17 અને કેદારના શૂરવીર ધનુર્ધારીઓમાંના થોડા જ બાકી રહેશે."
આ ઇસ્રાએલના દેવ યહોવાનાં વચન છે.

# 22

## યરૂશાલેમ વિષે ભવિષ્યવાણી

1 સંદર્શન ખીણને લગતી દેવવાણી:

દરેક માણસો ક્યાં જઇ રહ્યાં છે?
તેઓ પોતાના ઘરની ટોચ પર કેમ દોડી ગયાં છે?
2 અરે, શોરબકોરથી ભરપૂર,
ઘોંઘાટ કરનાર નગર,
મોજીલા નગર,
તારા નિવાસીઓ જેઓ મૃત્યુ પામ્યા છે,
તેઓ તરવારથી નથી મરાયા
અને તેઓ યુદ્ધમાં પણ માર્યા ગયા નથી.
3 તમારા સર્વ સેનાપતિઓ
તેઓ વધારે દૂર પહોંચે તે પહેલા
તેમના શત્રુઓએ તેમને ધનુષ્ય
બાણ વાપર્યા વગર પકડી પાડ્યા છે.

4 એટલે હું કહું છું કે, "મને એકલો રહેવા દો,
મને દુ:ખમાં રડવા દો,
મારા પોતાના લોકોના વિનાશ માટે
મને દિલાસો આપવાની તસ્દી ન લેશો."

5 કારણ કે, આ સૈન્યોના દેવ યહોવાએ મોકલેલો ભયનો,
વિનાશનો અને અંધાધૂંધીનો દિવસ છે. સંદર્શનની ખીણમાં આવેલો
કોટ તોડી પાડવામાં આવ્યો છે. અને મદદ માટે ઊઠેલા પોકારના
પડઘા પર્વતોમાં ગાજી ઊઠયા છે.
6 એલામના લશ્કરે બાણોથી સજ્જ થઇને ઘોડા તથા રથો
તૈયાર કર્યા છે. કીરના યોદ્ધાઓએ પોતાની ઢાલો ધારણ કરી છે.
7 યહૂદાની સૌથી રળિયામણી ખીણો રથોથી ભરાઇ ગઇ છે
અને ઘોડેસવારો યરૂશાલેમના દરવાજા આગળ આવી ઊભા રહ્યા
હતા.

8 યહૂદા રક્ષણ વગરનું નિરાધાર થઇ ગયું. અને તે દિવસે તમે
શસ્ત્રાગારમાં સંઘરેલા શસ્ત્રો તપાસી જોયાં.
9 વળી તમે જોયું કે દાઉદનગરમાં કોટમાં પડેલાં અનેક ભંગાણોની
તપાસ કરી. અને તમે નીચલા તળાવનું પાણી એકઠું કર્યું.
10 અને ત્યાર પછી તમે યરૂશાલેમનાં ઘરોની ગણતરી કરી, અને
કોટનું સમારકામ કરવા માટે ઘરોને પાડી નાખ્યાં.
11 અને તમે નીચલો કુંડ પાણીથી ભરી લીધો, અને પ્રાચીન
પુલની બે દીવાલો વચ્ચે ટાંકી બનાવી પરંતુ આ બધાંનું લાંબા
સમય પહેલાં નિર્માણ કરનાર અને તેનું ધ્યાન રાખનાર દેવનો તમે
ન તો વિચાર કર્યો કે ન તેને સંભાર્યો.
12 વળી તે દિવસે સૈન્યોના દેવ યહોવાએ તો તમને રડવાનું,
છાતી કૂટવાનું, માથું મૂંડાવી શોકની કંથા પહેરવાનું કહેતા હતા,
13 પરંતુ તેને બદલે તમે તો આનંદોત્સવ કર્યો,

"ઢોર વધેર્યા, ઘેટાં માર્યા, માંસ ખાધું
અને દ્રાક્ષારસ પીધો અને વિચાર્યુ કે,
આજે ખાઇ પી લઇએ,
કારણ, કાલે તો આપણે મરી જવાનું છે."

14 સૈન્યોના દેવ યહોવાએ મને દર્શન આપીને વચન આપી કહ્યું
"તેમના જીવનકાળ દરમ્યાન તે તેમની દુષ્ટતા ને માફ નહિ કરે."
આ સૈન્યોના દેવ યહોવાના વચનો છે.

### શેબ્ના માટે દેવનો સંદેશ

15 સૈન્યોના દેવ મારા યહોવા મને કહ્યું, "શેબ્ના, જે રાજમહેલનો
કારભારી છે તેની પાસે જઇને તેને કહે કે,
16 અહીં તારે શું કામ છે, તને અહીં શો અધિકાર છે કે તેં
તારે માટે પર્વત ઉપર ખડકમાં કબર ખોદાવી છે? હું તને જોરથી
ઝાટકી નાખીશ.
17 "હે શૂરવીર માણસ, યહોવા તને કઠોરતાથી હચમચાવવાનાં
જ છે.

18 તે તને જરૂર દડાની જેમ લપેટીને વિશાળ પ્રદેશમાં ફેંકી દેશે
અને ત્યાં તારું મૃત્યુ થશે. તારાં ભભકાદાર રથો ત્યાં જ રહેશે,
તેં તારા ધણીના નામને બદનામ કર્યુ છે."
19 દેવ કહે છે, "હા, હું તને તારા પદસ્થાન પરથી દૂર હાંકી
કાઢીશ, ને તને તારા હોદ્દા પરથી ઉથલાવી નાખીશ.
20 અને તે જ દિવસે હું મારા સેવક હિલ્કિયાના પુત્ર એલ્યાકીમને
તેડાવી મંગાવીશ,
21 અને તેને તારો હોદ્દાનો પોશાક આપીશ, તેને તારો કમરબંધ
બાંધીશ, અને તારો અધિકાર તેને સોંપીશ. તે યરૂશાલેમના
વતનીઓના અને યહૂદાના લોકોના પિતાને સ્થાને ગણાશે.
22 "હું દાઉદના મહેલની ચાવી તેને સુપ્રત કરીશ, તેને તે ઉઘાડશે,
તેને કોઇ બંધ નહિ કરી શકે, અને તેને તે બંધ કરશે તેને કોઇ
ઉઘાડી નહિ શકે.
23 હું તેને મજબૂત રીતે ખોડેલા ખીલાની જેમ સ્થિરપણે
સ્થાપીશ, અને તેના પિતાના કુટુંબને માટે તે ભારે ગૌરવરૂપ બની
રહેશે.
24 તેઓ તેના બાપના ઘરના સર્વ વૈભવ, કુટુંબ-પરિવાર, પ્યાલાં
જેવા નાનાં પાત્રથી તે શિરોઇ જેવા પાત્ર સુધી, તે સર્વ તેના પર
લટકાવી રાખશે.
25 "સૈન્યોના દેવ યહોવાનું એવું વચન છે કે,એક દિવસ તેને
સ્થાને મજબૂત રીતે ખોડેલો ખીલો ઊખડી જશે. અને તેના ઉપર
લટકતો બધો ભાર ભોંયભેગો થશે અને તેના ટૂકડે ટૂકડા થઇ
જશે." આ યહોવાના વચન છે.

# 23

## તૂર વિષે ભવિષ્યવાણી

1 તૂરને લગતી દેવવાણી:

"હે તાશીર્શના જહાજો, મોટેથી આક્રંદ કરો! કારણ,
તૂર ખેદાનમેદાન થઇ ગયું છે:
સાયપ્રસથી પાછા ફરતાં તમને આ સમાચાર મળે છે."

2 હે સાગરકાંઠાના રહેવાસીઓ,
હે સિદોનના વેપારીઓ, આક્રંદ કરો.
તમારા માણસો દરિયો ઓળંગી ગયા, અને સાગરોને ખેડતા હતા.
3 અને શીહોરમાં ઉગાડેલા પાકથી
અને નીલ નદીને કાંઠે ઉગાડેલા અનાજમાંથી લાભ પામ્યા હતાં
અને અનેક રાષ્ટો સાથે વેપાર કર્યો હતો.

4 તમે જરા શરમાઓ, હે સિદોનનગરી
હતાશ સાગરકાંઠાનો દુર્ગ થઇને પોકારી ઊઠે છે કે,
“હું એવી સ્રી જેવી છું કે,
જેણે ક્યારેય બાળકને જન્મ આપ્યો નથી
અને જેણે છોકરાઓ મોટા કર્યા
નથી કે છોકરીઓને ઉછેરી નથી.”

5 મિસરમાં સમાચાર પહોંચશે
ત્યારે તેઓ તૂરની ખબર સાંભળીને શોકમાં ડૂબી જશે.
6 હે સાગરકાંઠાના લોકો,
આક્રંદ કરતાં તાશીર્શ ચાલ્યા જાઓ.
7 તમારી એક વખતની આનંદી નગરીમાં હવે કેવળ વિનાશ જ રહ્યો છે.
તમારો ભૂતકાળનો ઇતિહાસ કેટલો ભવ્ય હતો!
તારા વતનીઓ દૂરના દેશોમાં જઇ વસ્યા હતા.
8 જે તૂર બાદશાહી નગર હતું,
જેના વેપારીઓ સરદારો હતા
અને જેના શાહસોદાગરોની પૃથ્વીમાં સૌથી વધુ શાખ હતી,
તે તૂરની આવી હાલત કરવાનું કોણે વિચાર્યુ?
9 આ બધી જાહોજલાલીનો ગર્વ ઉતારવા
અને પૃથ્વીના સર્વ માનવંતાઓને અપમાનિત
કરવા સૈન્યોના દેવ યહોવાએ વિચાર્યુ છે.
10 હે તાશીર્શના જહાજો,
તમે તમારા દેશમાં પાછા ફરો,

કારણ અહીં કોઇ બંદર હવે રહ્યું નથી.
11 યહોવાએ સમુદ્ર વિરુદ્ધ પોતાનો હાથ ઉગામ્યો છે;
તે પૃથ્વીના સામ્રાજ્યોને ધ્રૂજાવે છે.
આ મહાન્ વેપારી નગર અને તેના સાર્મથ્યનો વિનાશ કરવા
તેમણે આજ્ઞા આપી છે,
12 યહોવએ કહ્યું છે, “હે સિદોનનગરી તારા સુખનો અંત આવ્યો
છે.
તારા લોકો પર અન્યાય કર્યો છે;
તેઓ સાયપ્રસ ચાલ્યા જશે તોયે
ત્યાં પણ તેમને આરામ મળવાનો નથી.”
13 ખાલદીઓની ભૂમિને જુઓ;
આ એ રાષ્ટ છે જે હવે અસ્તિત્વ ધરાવતું નથી,
આશ્શૂરે તેને રણના લોકો માટે વસાવ્યો;
તેઓએ તેના બૂરજો ઊભા કર્યા
અને એક કિલ્લો બાધ્યો.
તેઓએ એનાં મહેલને ભોંયભેંગા કર્યા;
અને તેનો વિનાશ કર્યો.
14 હે સાગરખેડુ વહાણોના તાશીર્શના ખલાસીઓ, તમે આક્રંદ
કરો;
કારણ કે તમારો કિલ્લો નાશ પામ્યો છે.

15 તે દિવસે એક રાજાની કારકિદીર્ સુધી, સિત્તેર વર્ષ સુધી,
તૂર ભૂલાઇ જશે. સિત્તેર વર્ષ પૂરાં થતાં તેની દશા પેલાં ગીતમાંની
વારાંગના જેવી થશે.

16 “હે ભૂલાઇ ગયેલી વારાંગના,
વીણા લઇને નગરમાં ફરી વળ;
મધુરા સ્વરો છેડી ગીત ઉપર ગીત ગા,
જેથી લોકો તને ફરી સંભારે.”

17 સિત્તેર વર્ષ પૂરાં થયા પછી યહોવા તૂરની મુલાકાત લેશે, ને
તૂર ફરીથી પોતાનો ધંધો શરૂ કરશે, પૃથ્વીનાં સર્વ રાજ્યો સાથે તે
વેપાર કરશે.
18 પણ તેની કમાણી તથા પગાર યહોવાને અર્પણ કરવામાં
આવશે; ખજાનામાં તેનો સંગ્રહ કરાશે નહિ, એની કમાણીમાંથી
યહોવાના ભકતો માટે પુષ્કળ ખાવા-પીવાનું અને કપડાલત્તા
ખરીદવામાં આવશે.

# 24

## પૃથ્વી સંબંધી દેવનું ન્યાયશાસન

1 જુઓ! યહોવા પૃથ્વીનો નાશ કરી નાખશે; તે તેનો વિનાશ
કરીને તેને રસકસ વગરની બનાવશે. તે પૃથ્વીના પડને ઉપરતળે
કરી નાખે છે અને તેના પર વસતા સર્વજનને વેરવિખેર કરી નાખે
છે.
2 બધાની દશા સરખી થશે; યાજકો, અને લોકો, સેવકો
અને ધણીઓ, દાસીઓ અને શેઠાણીઓ, ખરીદનારાઓ અને
વેચનારાઓ, ઉછીનું લેનારા અને આપનારા, લેણદારો અને દેણદારો.
3 સમગ્ર પૃથ્વી બિલકુલ ઉજ્જડ અને વેરાન થઇ જશે, તેને
લૂંટી લેવામાં આવશે, કારણ કે આ યહોવાના વચન છે.
4 પૃથ્વી સૂકાઇ જાય છે અને સંકોચાઇ જાય છે, સૂકી ભૂમિ
નકામી થઇ જાય છે અને ક્ષીણ થઇ જાય છે. પૃથ્વી અને
આકાશ બંને ક્ષીણ થતા જાય છે.
5 પૃથ્વી તેના વસનારાઓથી ષ્ટ થઇ છે, કારણ કે તેમણે નિયમનું
ઉલ્લંઘન કર્યુ છે, અને કાયદાઓ તોડ્યાં છે. તેઓએ દેવ સાથેના
સનાતન કરારનો ભંગ કર્યો છે.
6 આથી શાપ પૃથ્વીને ભરખી રહ્યો છે અને એમાં વસનારાઓ
પોતાના ગુનાની સજા ભોગવી રહ્યા છે. આથી પૃથ્વીની વસ્તી
ઘણી ઘટી ગઇ છે અને માત્ર થોડાં જ માણસો બચવા પામ્યા છે.
7 દ્રાક્ષના વેલા કરમાઇ ગયા છે, તેથી દ્રાક્ષનો દ્રાક્ષારસ બનતો
નથી, જેઓ મોજ માણતા હતા તેઓ નિસાસા નાખે છે. અને
રૂદન કરે છે.

8 વીણાનું સુમધુર સંગીત અને ખંજરીનો અવાજ સંભળાતો
બંધ થઇ ગયો છે, આનંદના દિવસોનો અંત આવ્યો છે.
9 હવે લોકો ગીત ગાતાં ગાતાં દ્રાક્ષારસ પીતા નથી, તેમને તે
કડવો લાગે છે.
10 નગરી ઉજ્જડ અને વેરાન થઇ ગઇ છે; બધાં ઘરો બંધ
થઇ ગયાં છે, તેથી કોઇ વ્યકિત તેમાં પ્રવેશી શકતું નથી.
11 નગરમાં રસ્તાઓ પર લોકો પોકાર કરે છે, કારણ દ્રાક્ષારસ
મળતો નથી. આનંદોત્સવ પર અંધકારની છાયા ઊતરી છે, ધરતી
પરથી આનંદને દેશવટો દેવાયો છે;
12 સમગ્ર નગર ખંડેર થઇ ગયું છે; તેના દરવાજાઓ તોડી
પાડવામાં આવ્યા છે.

13 પૃથ્વી પરના લોકો, જાણે જૈતુન વૃક્ષને ઝૂંડી નાખ્યા હોય તેવા.
અથવા દ્રાક્ષ ચૂંટી લીધા પછી દેખાતા
દ્રાક્ષવેલા જેવા લાગે છે.
14 પરંતુ બચી ગયેલા તે થોડા લોકો મોટા સાદે આનંદના ગીતો ગાશે.
તેઓ યહોવાના મહાત્મ્યને લીધે પશ્ચિમમાં હર્ષનાદ કરશે.
15 તેથી પૂર્વમાં જેઓ છે તેઓ પણ યહોવાના મહિમાની ઘોષણા કરશે,
અને દરિયાકાંઠે રહેનારા લોકો
પણ ઇસ્રાએલના યહોવા દેવની સ્તુતિ કરશે.
16 પૃથ્વીના બધા છેડેથી આપણે "ન્યાયીનો મહિમા થાઓ"
તેમ સાંભળીશું પણ અફસોસ!
"હું તો ક્ષીણ થતો જઉં છું,
મારા માટે કોઇ આશા નથી.
દગાબાજી કરનારા દગાબાજી કરે જાય છે
અને દિવસે દિવસે તેઓની દગાબાજીમાં વધારો થતો જાય છે."

17 હે પૃથ્વીવાસીઓ, તમારા માટે ભય,
ખાડો અને ફાંસલો જ છે.
18 જે ડર લાગે તેવા સમાચારથી

જેઓ દૂર ભાગી જાય છે,
તેઓ ખાડામાં પડશે અને જે ખાડામાંથી
બહાર નીકળશે તે ફાંસલામાં સપડાશે.
આકાશમાંથી મૂસળધાર વરસાદ વરસશે,
પૃથ્વીના પાયા હચમચી જશે.
19 પૃથ્વીનો સંપૂર્ણ વિનાશ થશે,
એમાં મોટી મોટી તિરાડો પડશે, અને ભીષણતાથી ધ્રૂજી ઊઠશે.
20 પૃથ્વી પીધેલાની જેમ લથડિયાં ખાશે,
તોફાનમાં ફસાયેલા તંબુની જેમ ઝોલા ખાશે,
પૃથ્વીના પાપનો ભાર વધી ગયો છે,
તેનું એવું પતન થશે કે પછીથી
તે ફરીથી ઊઠી શકશે નહિ.

21 તે દિવસે યહોવા આકાશમાંના સૈન્યોને,
તથા પૃથ્વી પરના અભિમાની રાજાઓને
તથા અધિકારીઓને શિક્ષા કરશે.
22 તે સર્વને કેદીઓની જેમ એકઠાં કરવામાં આવશે
અને જ્યાં સુધી તેઓનો
ન્યાય કરીને શિક્ષા કરવામાં નહિ
આવે ત્યાં સુધી બંદીખાનામાં કેદ કરી રાખવામાં આવશે.
23 સૈન્યોનો દેવ યહોવા યરૂશાલેમમાં સિયોન પર્વત પર રાજા થશે
અને લોકોના આગેવાનો સમક્ષ તેનો મહિમા ઝળહળી ઊઠશે.
એટલે ચંદ્ર શરમનો માર્યો મોં સંતાડશે,
સૂર્ય લજવાઇને ઝાંખો થઇ જશે.

# 25

## યહોવાના સ્તુતિગાન કરો

1 હે યહોવા, તમે મારા દેવ છો,
હું તમારા ગુણગાન ગાઇશ

અને તમારા નામની સ્તુતિ કરીશ,
તમે અદભૂત કાર્યો કર્યા છે;
તમે લાંબા સમય પહેલાં ઘડેલી
યોજનાઓ પૂરેપૂરી પાર ઊતારી છે.
2 તમે સમૃદ્ધ નગરોને ઉજ્જડ કરો છો.
તમે કિલ્લેબંધ નગરોને ખંડેરોનો ઢગ બનાવી દીધાં છે.
તમે વિદેશીઓના ગઢનો વિનાશ કરી નાખ્યો છે.
તેઓ તે ફરીથી બાંધશે નહિ.
3 તેના કારણે સાર્મથ્યવાન લોકો તમારી સમક્ષ ભયથી થથરશે;
ક્રૂર લોકો તમને આધિન થશે અને તમારા નામનો મહિમા કરશે.
4 પણ હે યહોવા, તડકામાં તમે નિર્ધનોનો પડછાયો છો,
મુશ્કેલીઓમાં તમે દુ:ખી લોકોનો આશ્રય છો,
વાવાઝોડા સામે રક્ષણ છો,
તમે નિર્દય લોકો સામે તેમને આશ્રય આપો છો
જેઓ શિયાળાના ધોધમાર વરસાદ જેવા છે.
5 તે ક્રૂર લોકો સૂકા પ્રદેશમાં
વાતી લૂ જેવા હતા,
પરંતુ તમે ક્રૂર વિદેશીઓનો વિજય ઉન્માદ દબાવી દીધો છે
જેવી રીતે વાદળની છાયા ગરમીને ઓછી કરી નાખે છે તેમ.

### પોતાના સેવકો માટે દેવનો સમારોહ

6 સૈન્યોનો દેવ યહોવા સિયોન પર્વત પર બધા લોકો માટે
મિષ્ટાનની અને ઉત્તમ પીણાની ઉજાણી તૈયાર કરશે.
7 આ સિયોન પર્વત પર, યહોવા સમગ્ર પ્રજાઓના શોકનાં
વાદળોને દૂર કરશે અને તેમની પર ફેલાયેલા દુ:ખના કફનને દૂર
કરશે;
8 તે સદાને માટે મૃત્યુને મિટાવી દેશે. યહોવા મારા માલિક
બધાનાં આંસૂ લૂછી નાખશે, અને સમગ્ર પૃથ્વી પર પોતાના લોકો
તરફથી મળતી અપકીતિર્ દૂર કરશે. આ યહોવાના શબ્દો છે.

9 તે દિવસે સૌ લોકો એમ કહેશે,

"એ આપણો ઉદ્ધાર કરશે એવી જેને વિષે આપણે આશા
સેવતા હતા,
તે આપણો દેવ આ છે,
આપણે જેની પ્રતિક્ષા કરતા હતા તે આ યહોવા છે,
અને તેણે આપણો ઉદ્ધાર કર્યો છે;
માટે ચાલો, આપણે આનંદોત્સવ કરીએ."
10 યહોવા, તેનો હાથ આ પર્વત પર ટેકવશે
પરંતુ જેમ તણખલાને પગ નીચે કચડીને કચરાના ઢગલા પર
ફેંકી દેવામાં આવે છે, તેમ ફેંકી દેશે.
અને મોઆબને પગ નીચે કચડી નાખવામાં આવશે.
11 જેમ કોઇ તરનારો તરવા માટે
પોતાના હાથથી પાણીને પાછું ધકેલે છે,
તેમ દેવ તેઓને પાછા હઠાવશે,
તે તેઓના ઘમંડનો અને સર્વ દુષ્ટ કાર્યોનો અંત લાવશે.
12 યહોવા મોઆબના કિલ્લાઓની ઊંચી ભીતોને તોડી પાડશે.
ભોંયભેગી કરી દેશે, ને ધૂળમાં મેળવી દેશે.

# 26

## ભાગ્યપરિવર્તન અને સ્તુતિગાન

1 તે દિવસે યહૂદિયા દેશમાં આ ગીત ગવાશે:

અમારું નગર મજબૂત છે.
અમારું રક્ષણ કરવાને માટે યહોવાએ કોટ અને કિલ્લા ચણેલા
છે.
2 દરવાજા ઉઘાડી નાખો જેથી ધર્મને માગેર્
ચાલનારી પ્રજા જે વફાદાર રહે છે તે ભલે અંદર આવે.

3 હે યહોવા, જેમનાં ચિત્ત ચલિત થતાં નથી,
તેમને તું પૂરેપૂરી શાંતિમાં રાખે છે;
કારણ કે તેઓ તારા પર વિશ્વાસ રાખે છે.

4 સદા યહોવા પર ભરોસો રાખો,
તે જ આપણો સનાતન ખડક છે.
5 તેણે ઊંચી હવેલીઓમાં વસનારાઓને નીચા નમાવ્યાં છે,
તેમના ગગનચુંબી નગરને
તેણે તોડી પાડીને ભોંયભેગુ કરી નાખ્યું છે.
ધૂળભેગું કર્યું છે.
6 તે પગ તળે કચડાય છે, ને દીનદલિતોના પગ તળે તે રોળાય છે.

7 ન્યાયીના માર્ગે ચાલનારનો રસ્તો સુગમ છે;
તમે યહોવા એને સરળ બનાવો છો.
8 અમે તમારા નિયમોને માર્ગે ચાલીએ છીએ,
અને તમારી જ પ્રતિક્ષા કરીએ છીએ,
તમારું નામસ્મરણ એ જ અમારા
પ્રાણની એકમાત્ર ઝંખના છે.
9 આખી રાત હું તમારા માટે ઉત્કંઠિત રહ્યો છું;
મારા ખરા હૃદયથી આગ્રહપૂર્વક હું તમને શોધીશ;
કારણ કે જ્યારે તમે પૃથ્વીનો ન્યાય કરીને શિક્ષા કરો છો,
ત્યારે લોકો પોતાની દુષ્ટતાથી પાછા ફરે છે અને યોગ્ય માર્ગે વળે છે.
10 પણ દુષ્ટ લોકો પ્રત્યે કૃપા દર્શાવાય,
તો પણ તેઓ નીત્તિમત્તા શીખતા નથી;
સદાચારી લોકોથી ભરેલી આ ભૂમિમાં પણ તેઓ અધર્મ આચરે છે,
અને તમારા ગૌરવનો સહેજ પણ આદર કરતા નથી.
11 હે યહોવા, તમે તમારો હાથ ઉગામ્યો છે,
તો પણ તમારા દુશ્મનો તે જોતા નથી,
તમારા લોકો માટેનો તમારો પ્રેમ કેવો ઉગ્ર છે
તેનું ભાન થતાં તેઓ લજવાય!
તમારા શત્રુઓ માટે રાખી મૂકેલા અગ્નિથી તેઓને ભસ્મ કરો.
12 હે યહોવા, તમે અમને મહેરબાની કરીને સુખ-શાંતિ આપો,

અમારા ખોટા કાર્યો બદલ તમે અમને અત્યાર પહેલા સજા
આપી દીધી છે.

## દેવ પોતાના લોકોને નવું જીવન આપશે

13 હે અમારા દેવ યહોવા,
તમારા સિવાયના બીજા હાકેમોએ
અમારા ઉપર હકૂમત ચલાવી છે
પણ અમે તો માત્ર તને જ સ્વીકારીએ છીએ.
14 પહેલાં જેઓએ અમારી ઉપર શાસન કર્યું હતું,
તેઓ મૃત્યુ પામ્યાં અને ચાલ્યા ગયા છે;
તેઓ હવે ફરીથી કદી જ પાછા આવી શકે તેમ નથી.
તેમ તેઓની વિરુદ્ધ થયા અને તેઓનો નાશ કર્યો અને તેઓનું
નામનિશાન પણ રહ્યું નથી.
15 યહોવાની સ્તુતિ થાઓ!
હે યહોવા, તમે અમારી પ્રજાની વૃદ્ધિ કરી છે,
અમારા દેશના બધા જ સીમાડા વિસ્તાર્યા છે.
16 હે યહોવા, તેઓના દુ:ખમાં
તેઓએ તમારી શોધ કરી,
જ્યારે તમે તેઓને શિક્ષા કરી
ત્યારે તેઓએ તમને પ્રાર્થના કરી.
17 હે યહોવા, કોઇ ગર્ભવતી સ્ત્રીનો પ્રસવકાળ આવ્યો હોય,
ત્યારે પ્રસુતિની વેદનામાં ચીસો પાડે છે;
તેવી પીડા તમારી સંમુખ અમને થતી હતી.
18 અમે પણ સ્ત્રીની પ્રસવવેદના જેવી વેદનાથી પીડાયા
પણ પરિણામ કાંઇ આવ્યું નહિ.
અમારા સર્વ પ્રયત્નો છતાં,
અમે જગતના લોકોને જીંદગી આપી નહોતી.
19 છતાં પણ અમારી પાસે આ ખાતરી છે:
"જેઓ દેવના છે;
તેઓ ફરીથી સજીવન થશે.
તેઓનાં શરીરો ઊઠશે.
હે ધૂળમાં રહેનારાઓ,

તમે જાગૃત થાઓ,
ને મોટેથી હર્ષનાદ કરો;
કારણ કે તમારું ઝાકળ પ્રકાશનું ઝાકળ છે,
તે જેમ વનસ્પતિને સજીવન કરે છે
તેમ યહોવા મૃત્યુલોકમાં
સૂતેલાઓને સજીવન કરશે.”

### ન્યાય પુરસ્કાર અને સજા

20 આવો, મારા લોકો, તમારા ઘરમાં પ્રવેશ કરો
અને બારણાં વાસી દો.
તમારા શત્રુઓ વિરુદ્ધ યહોવાનો રોષ ઉતરે
ત્યાં સુધી થોડો સમય સંતાઇ રહો.
21 જુઓ, પૃથ્વી પરના સર્વ લોકોને
તેમના પાપની સજા કરવા યહોવા આકાશમાંથી આવી રહ્યા છે,
પૃથ્વી પોતાના ઉપર રેડાયેલું લોહી ઉઘાડું કરશે,
તે પોતાના ઉપર માર્યા ગયેલાઓને ઢાંકી નહિ રાખે.

# 27

### યહોવા ઇસ્રાએલની રક્ષા કરશે

1 તે દિવસે યહોવા પોતાની ભયાવહ
અને સખત મોટી મજબૂત તરવાર વડે વેગવાન
ગૂંછળિયા સાપ લિવયાથાનને
એટલે સમુદ્રના અજગરને શિક્ષા કરશે.

2 તે દિવસે યહોવા પોતાની સુંદર રળિયામણી દ્રાક્ષવાટીકા વિષે ગાઓ:
3 “હું યહોવા મારી દ્રાક્ષાવાડીની ચોકી કરું છું,
હું વારંવાર એને પાણી પાઉં છું.
રખેને કોઇ એને ઇજા પહોંચાડે માટે રાતદિવસ
હું એની ચોકી કરું છું.
4 હું હવે દ્રાક્ષાવાડી પ્રત્યે ક્રોધિત નથી,

પણ હવે અહીં જો કાંટા અને ઝાંખરા ઊગે તો
હું તેનો સામનો કરી તેને બાળીને ભસ્મ કરી નાખીશ.
5 પરંતુ જો મારી દ્રાક્ષવાડીને મારું સંરક્ષણ જોઇતું હોય તો
તેને મારી સાથે સમાધાન કરવા દો,
હા, તેને મારી સાથે સમાધાન કરવા દો.
6 પછી એવો સમય આવશે જ્યારે ઇસ્રાએલી યાકૂબના વંશજના
લોકો દ્રાક્ષનાવેલાની જેમ પોતાનાં મૂળ નાખશે;
તે જમીનમાં તેના દ્રાક્ષ વેલાની જેમ ફૂલશે-ફાલશે,
અને સમગ્ર પૃથ્વીને ફળોથી ભરી દેશે."

7 ઇસ્રાએલના શત્રુઓને યહોવાએ જેવો માર માર્યો છે. તેવો
એને નથી માર્યો, શત્રુઓની જેવી હત્યા કરી છે તેવી એની નથી
કરી.
8 યહોવાએ પોતાના લોકોને દેશવટે મોકલીને સજા કરી હતી,
ઊગમણા પવન જેવી સખત ઝાપટ મારીને તેમને હઠાવી દીધા
હતા.
9 પરંતુ જ્યારે ઇસ્રાએલીઓ બીજા દેવોની વેદીઓના બધા
પથ્થરોને ચૂનાની માફક પીસી નાખ્યા અને એક પણ ધૂપની વેદીને
અને અશેરાહ દેવીની મૂર્તિઓના એક પણ સ્તંભને પણ રહેવા
દીધો નહિ આથી, તેમનાં પાપોનું પ્રાયશ્ચિત થશે અને તેમનાં પાપો
દૂર થશે.

10 તેનાં કોટવાળાં નગરો ઉજ્જડ અને ખાલી પડી રહેશે. તેના
ઘરોનો ત્યાગ કરીને વેરાન બનાવી દેવામાં આવશે. તેની શેરીઓમાં
ઘાસ ઊગી નીકળશે, ત્યાં વાછરડાં ચરશે, ત્યાં બેસશે, ને ડાળખાં-
પાંદડાં ખાશે.
11 તેના વૃક્ષોની ડાળીઓ જ્યારે સૂકાશે ત્યારે તેઓને ભાંગી
નાખવામાં આવશે; અને સ્ત્રીઓ આવીને તેમને બળતણ તરીકે
વાપરશે; કારણ, એ પ્રજા સમજણ વગરની છે.

અને તેથી એનો સર્જનહાર દેવ, તેના પર દયા નહિ લાવે, તેના
પર કૃપા નહિ કરે.

12 તે દિવસે યહોવા ફ્રાંત નદીથી તે મિસરની સરહદ સુધી
ખળીમાંના અનાજને ઝૂડવાનું શરૂ કરશે. અને તમને ઇસ્રાએલના
લોકોને એકે એકને ભેગા કરશે.
13 તે દિવસે મોટું રણશિંગડું ફૂંકવામાં આવશે; અને જેઓ
આશ્શૂર દેશમાં ખોવાઇ ગયા હતા અથવા તો મિસર જવા માટે
ફરજ પડી હતી તેઓને યરૂશાલેમમાં યહોવાના પવિત્ર પર્વત પર
તેમની ઉપાસના કરવાને પાછા એકત્ર કરવામાં આવશે.

# 28

## ઉત્તરના રાજ્ય સમરૂનને ચેતવણી

1 અફસોસ છે એફ્રાઇમના ધનવાન લોકો અહંકારી,
છાકટા અને પૌષ્ટિક ખોરાકથી હૃષ્ટપુષ્ટ થયેલાં છે.
પરંતુ તેઓ જંગલી ફૂલ
કે પાંદડાના હારની જેમ ક્ષીણ થઇ જશે.

2 કારણ કે યહોવા મારા દેવ તમારી વિરુદ્ધ આશ્શૂરના મહાન
સૈન્યને મોકલશે;
તે કરાના ભયંકર તોફાનની જેમ તમારા પર,
વિનાશ વેરનાર વાવાઝોડાની જેમ, તોફાને ચઢેલાં ઊભરાતાં પાણીના
ઘસમસતા પૂરની જેમ ધસી આવશે,
ને તેમને ભોંયભેગા કરીને પછાડશે.
3 ઇસ્રાએલના છાકટા આગેવાનોના
તુમાખીભર્યા મુગટો પગ તળે કચરાશે.
4 અને તેમના માથાં પરનાં કરમાતાં ફૂલો જેવી તેમની જાહોજલાલી
હશે
અને પૌષ્ટિક ખોરાકથી હૃષ્ટપુષ્ટ
અને ઋતુંનાં પહેલાં પાકેલાં અંજીર જેવી થશે,
જે નજરે ચડતાં જ ચૂંટાઇને ખવાઇ જાય છે.

5 યહોવાના જે લોકો બચી ગયા હશે, તેઓ માટે છેવટે સૈન્યોનો
દેવ યહોવા પોતે "મહિમાનો મુગટ" અને "સૌંદર્યનો તાજ થશે."

6 તે ન્યાયાસન ઉપર બેસનારાઓમાં ન્યાયની ભાવના પ્રેરશે
અને દુશ્મનોથી નગરના દરવાજાઓનું રક્ષણ કરનારાઓને બહાદુર
બનાવશે.
7 યાજકો અને પ્રબોધકો પણ દ્રાક્ષારસ પીને લથડીયાં ખાય છે;
દ્રાક્ષારસથી તેમના ચિત્ત ડહોળાઇ ગયા છે, તેઓ દિવ્ય દર્શનના
અર્થઘટનમાં ગોથાં ખાય છે, ચુકાદો આપવામાં ગૂંચવાય છે.
8 તેઓનાં બધાં મેજ ઊલટીથી ભરાઇ ગયાં છે, કોઇ જગા
ચોખ્ખી રહેવા પામી નથી.

### દેવ પોતાના લોકોને મદદ કરવા ઇચ્છે છે

9 લોકો કહે છે, "યશાયા પોતાના મનમાં શું સમજે છે કે
આપણી સાથે આ પ્રમાણે વાત કરે? અમે શું હમણા જ બોલતા
શીખ્યા હોય એવા નાનાં બાળકો છીએ?"
10 પણ તે આ પ્રમાણે સંભળાશે,

"ત્સવ, લે સ્તવ,* સ્તવ, લે સ્તવ,
કવ, લેકવ, કવ, લેકવ,
ઝર શામ, ઝર શામ!"

11 એટલે યહોવા આ લોકોની સાથે વાત કરશે, તેમને પાઠ
ભણાવવા અન્ય ભાષા બોલનાર વિદેશીઓને મોકલશે.
12 તેણે તેઓને કહ્યું હતું કે, "અહીં વિશ્રામ છે. થાક્યા હોય
તે વિશ્રામ કરે. અહીં શાંતિ છે,"
પણ તેમણે કાને ન ધર્યુ.
13 તેથી હવે યહોવાના શબ્દો પણ તેમનેઆ પ્રમાણે સંભળાશે,

"ત્સ, લેત્સવ, સ્ત, લેસ્તવ,
કવ, લેકવ, કવ, લેકવ,
ઝર શામ, ઝર શામ."

---

* **28:10: ત્સવ**, લે સ્તવ, શાબ્દિક રીતે "નિયમ પછી નિયમ, રેખા પછી રેખા પછી, થોડું અહીં, થોડું ત્યાં" આ મૂળાક્ષર શિખવા માટે થઈને બાળકો માટેના ગીતના શબ્દો છે. તેનો અર્થ એ છેકે લોકોએ તેમના વિજેતાઓ સાથે બોલવા માટે નવી ભાષા શીખવી પડશે અથવા તો તેમના વિજેતા બોલશે તે વાણી તેમના માટે અર્થહીન જેવી હશે કારણ કે તેઓ તેને સમજતા નથી.

તેથી તેઓ પોતાના રસ્તે જવાનું રાખે, અને ઠોકર ખાઇને પાછા
પડે, તૂટી પડે અને સપડાવીને કબ્જે કરાય.

### દેવના ન્યાયથી કોઇ નથી બચી સકતું

14 માટે યરૂશાલેમના લોકો પર રાજ્ય કરતાઓ ઘમંડી માણસો,
તમે યહોવાના વચન્ સાંભળો!
15 કારણ કે તમે એમ કહો છો કે, અમે મૃત્યુ સાથે કરાર
કર્યો છે, અમે શેઓલની સાથે સમજૂતી કરી છે; જ્યારે વિનાશનો
ચાબખો વીંજાશે ત્યારે તે અમને સ્પર્શ કરશે નહિ, કારણ કે
અમે જૂઠાણાનો આશ્રય લીધો છે, અને અમારી જાતને જુઠ્ઠાણામાં
છુપાવી દીધી છે.
16 તેથી યહોવા મારા દેવ કહે છે કે, "જુઓ, હું સિયોનમાં
પાયાનો પથ્થર મૂકું છું, જે નક્કર અને મજબૂત છે. જે માણસ
વિશ્વાસ રાખે છે તે ગભરાતો નથી.
17 "હું ન્યાયની દોરી અને ન્યાયીપણાનો ઓળંબો લઇ ચણતર
કરીશ, કરાંનું તોફાન તમારા જૂઠાણાના આશ્રયને ઘસડીને લઇ
જશે, અને પાણીનું પૂર તમારી સંતાઇ જવાની જગા પર ફરી
વળશે.
18 ત્યારે તમારો મૃત્યુ સાથેનો કરાર રદ થશે, અને શેઓલ
સાથેની તમારી સમજૂતી ટકશે નહિ, જ્યારે વિનાશનો ચાબખો
વિંઝાશે ત્યારે તમે તેનાથી પટકાઇ પડશો.
19 "તે જેટલી વાર વિંઝાશે તેટલી વાર તે તમને પકડશે; પ્રતિદિન
સવારે, રાતદિવસ તે વિંઝાશે, એના સમાચાર માત્રથી ભય વ્યાપી
જશે.
20 "તમે તૈયાર કરેલી પથારી એટલી ટૂંકી છે કે તેના પર સૂઇ
શકાય નહિ; અને ઓઢવાનું એટલું સાંકડું છે કે તમને ઢાંકી શકે
નહિ."
21 કારણ કે તે પરાસીમના પર્વત પર અને ગિબયોનની ખીણમાં
રોષે ભરાઇ ઉભો થઇ જશે, અને અસાધારણ તથા અનોખું કાર્ય
કરશે!
22 એટલે હવે તમે હાંસી ઉડાવશો નહિ. નહિ તો તમારી
સાંકળો મજબૂત થઇ જશે.

સૈન્યોના દેવ યહોવાએ છોડેલી આખા દેશના વિનાશની આજ્ઞા મેં સાંભળી છે.

### યહોવા ન્યાયપૂર્વક સજા કરશે

23 ધ્યાનથી મારી વાણી સાંભળો! ધ્યાન દઇને મારું વચન
સાંભળો.
24 શું ખેડુત ખેતર ખેડ્યા જ કરે અને વાવણી જ ન કરે એવું
બને ખરું? તે શું ચાલુ જમીન ખોદ્યા જ કરે છે અને રાંપડી જ
ફેરવ્યા કરે છે?
25 તેની જમીનની સપાટી સરખી કરીને તે તેમાં સૂવા કે જીરું
વાવતો નથી? અને ચાસમાં ઘઉં, ને નક્કી કરેલી જગાએ જવ,
ને યોગ્ય ઋતુંમાં શું તે બાજરી વાવતો નથી?
26 કારણ કે તેને તેના દેવે શિક્ષણ આપીને યોગ્ય જ્ઞાન આપ્યુ
હોય છે.
27 કારણ કે સૂવા ધારદાર શસ્ત્રથી મસળાતા નથી કે જીરાના
દાણા પર ગાડાનું પૈડું ફેરવાતું નથી. સૂવા લાકડીથી ઝુડાય છે
અને જીરું ઝૂડિયાથી ઝૂડાય છે.
28 ઘઉં સરળતાથી દળાય છે તેથી તે તેને સતત ઝાડ્યા ફરતો
નથી અને એક વ્યકિત અનાજના દાણા પર ગાડાનું પૈડું ફેરવે છે
છતાં પણ તે દાણાને તોડી નાખતો નથી.
29 એ જ્ઞાન પણ સૈન્યોના દેવ યહોવા પાસેથી મળે છે, જેની
સલાહ અદ્દભુત છે અને જેનું શાણપણ અજબ છે.

# 29

### યરૂશાલેમ ઉપર ઝઝૂમતા સંકટના વાદળ

1 "યહોવાની યજ્ઞવેદી સમી હે યરૂશાલેમનગરી, તને અફસોસ!
જ્યાં દાઉદે પડાવ નાખ્યો હતો તે નગરીને અફસોસ! વર્ષ પર
વર્ષ જવા દો, ઉત્સવોનું ચક્ર ફરવા દો,
2 ત્યારબાદ દેવ તારા પર આફત ઉતારશે, તારે ત્યાં શોક અને
આક્રંદ વ્યાપી જશે. તું યજ્ઞવેદી જેવી લોહી નીગળતી થઇ જશે.

3 “તારી આસપાસ યહોવા છાવણીઓ નાખશે, બુરજો બાંધી
તને ઘેરો ઘાલશે અને તારી સામે સૈન્યો ઊભા કરશે,
4 તું ભોંયભેગી થઇ જશે અને ભૂમિ પર પડી પડી તું બોલશે.
તું ધૂળમાં રગદોળાશે; ત્યાં જમીનમાંથી તારો અવાજ આવશે. તને
દફનાવી દીધી છે તે ભૂમિમાંથી પ્રેતના જેવો તારો ધીમો અવાજ
આવશે.”

5 પણ ત્યાં તો તારા ઘાતકી શત્રુઓનું સૈન્ય ધૂળની જેમ અને
ફોતરાંની જેમ ઊડી જશે.
6 હું સૈન્યોનો દેવ યહોવા ગર્જના, મોટા આવાજ, ધરતીકંપ
અને વંટોળિયો અને અગ્નિની જવાળાઓ મારફતે તેઓ પર ઊતરી
આવીશે.
7 અને તું દેવની યજ્ઞવેદી સમી એની સામે લડતી અને તને
ભીસમાં લેતી બધી પ્રજાઓનું સૈન્ય એના બધા સરંજામ સાથે
સ્વપ્નની જેમ, રાત્રિએ દેખાતા આભાસની જેમ અલોપ થઇ જશે.
8 જેમ કોઇ ભૂખ્યો માણસ સ્વપ્નમાં આરોગે અને જાગે ત્યારે
ભૂખ્યો ને ભૂખ્યો હોય છે, અથવા કોઇ તરસ્યો માણસ સ્વપ્નમાં
પાણી પીએ, પણ જાગે ત્યારે તરસ્યો ને તરસ્યો હોય છે; તેમ
તારા શત્રુઓ તારા પર ભવ્ય વિજય મેળવવાનું સ્વપ્ન જોશે, પણ
તેથી તેઓનું કાઇં વળશે નહિ.

9 શું તમે વિસ્મિત થઇ અચંબો પામો છો?
શું તમે વિશ્વાસ કરી શકતા નથી?

તો પછી આગળ વધો અને આંધળા થઇ જાઓ!
તમે છાકટા થયા છો, પણ દ્રાક્ષારસથી નહિ!
તમે લથડિયાં ખાઓ છો પણ દ્રાક્ષારસને લીધે નહિ!

10 કારણ કે યહોવાએ તમારા પર પુષ્કળ નિદ્રાનો આત્મા રેડી
દીધો છે.
તેમણે તમારા પ્રબોધકોની આંખો બંધ કરી છે.
અને દ્રષ્ટાઓનાં મગજ ઢાંકી દીધાં છે.

11 બધાંય દિવ્યદર્શન તમારા માટે મહોર મારી બંધ કરેલા ગ્રંથના
શબ્દો જેવા થઇ ગયા છે; કોઇ વાંચી શકે એવા વ્યકિતને આપીને
કોઇ કહે કે, આ વાંચ, તો તે કહે છે કે, "હું નથી વાંચી શકતો,
કારણ, એને મહોર મારી બંધ કરેલો છે."
12 અને વાંચી ન શકે એવા માણસને આપીને કહે છે કે, આ
વાંચ; તો તે કહે છે કે, "મને વાંચતા નથી આવડતું."
13 યહોવા મારા માલિક કહે છે, "આ લોકો મારી પાસે આવવાની
માત્ર વાતો જ કરે છે, અને કેવળ શબ્દોથી મને માન આપે છે,
પરંતુ તેમનું હૃદય તો મારાથી દૂર જ છે. તેઓની ઉપાસના તો
તેઓએ કંઠસ્થ કરેલા માનવીય હુકમો જ છે.
14 તેથી એ લોકોને મારે ફરીથી પરચો બતાવવો પડશે, એટલે
કે એમના જ્ઞાનીઓનું જ્ઞાન નાશ પામશે અને એમના બુદ્ધિશાળી
વ્યકિતઓની બુદ્ધિનો લોપ થશે."
15 જેઓ યહોવાથી પોતાની યોજનાઓ સંતાડવાનો પ્રયત્ન કરે
છે. જેઓ અંધકારમાં કામ કરે છે અને કહે છે કે, "અમને કોણ
જોનાર છે! અમને કોણ ઓળખે છે?"
16 તમે કેટલા મૂર્ખ છો! શું માટી અને કુંભાર એક જ સ્તરના
ગણાય? ઘડો કુંભારને એમ ન કહી શકે કે, "તે મને નથી
બનાવ્યો. શું તું કશું સમજતો નથી."

### એક સારો સમય આવી રહ્યો છે

17 થોડા જ વખતમાં લબાનોનના ગાઢ જંગલો ખેતરો જેવા
ગણાશે અને ખેતરો ફકત ઝાડીઓ જેવા જ ગણાશે.
18 તે દિવસે બહેરો ગ્રંથ વંચાતો સાંભળશે અને અભેદ્ય અંધકાર
દૂર થતાં આંધળાની આંખો જોશે.
19 દીનજનો અને ગરીબો ફરી ઇસ્રાએલના પરમપવિત્ર યહોવા
તરફથી મળતાં સુખ અને આનંદ ભોગવશે.
20-21 કારણ, જુલમીઓનો અંત આવ્યો હશે અને હાંસી
ઉડાવનાર હતો ન હતો થઇ ગયો હશે; અને બધા દુષ્કર્મો
કરવાને ટાંપી રહેનારા, જેઓ બીજાને ગુનેગાર ઠરાવવા માટે ખોટી
સાક્ષી આપનારા, ન્યાયાધીશોને લાંચ આપવાનો પ્રયત્ન કરનારા,

તથા પાયા વગરની દલીલથી નિર્દોષને ન્યાય મળતો રોકનારા નાશ
પામ્યા હશે.
22 તે માટે જેણે ઇબ્રાહિમનો ઉદ્ધાર કર્યો, તે યહોવા યાકૂબના
વંશજો વિષે કહે છે કે, "તેમણે હવે કદી શરમાવું નહિ પડે, તેમનો
ચહેરો કદી ફિક્કો નહિ પડી જાય.
23 કારણ કે મેં જે તેમના માટે કર્યુ છે તેને, તે તથા તેના
બાળકો જોશે ત્યારે તેઓ મારા નામનું સન્માન કરશે. તેઓ
યાકૂબના પવિત્ર દેવની સ્તુતિ કરશે અને ઇસ્રાએલના દેવનો આદર
કરશે.
24 જેઓ આત્મામાં ભૂલા પડ્યા છે તેઓ જ્ઞાન પામશે અને
જેઓ બડબડાટ કરે છે તેઓ પણ શિખામણ માથે ચડાવશે."

# 30

## મિસર સાથે નિરર્થક કરાર

1 યહોવા કહે છે કે, "બંડ કરનારા મારા બાળકોને અફસોસ!
તેઓ યોજનાઓ ઘડે છે છતાં તે મારી યોજના નથી; તેઓ
સંધિઓ કરે છે પણ તે મારા માન્ય કરેલી નથી. તેઓ પાપ ઉપર
પાપ ઉમેરવા સારુ પેયાર્પણ રેડે છે, પણ તેઓ મારા આત્માને
અનુસરતા નથી;
2 તેઓ મને પૂછયાં વિના મિસરની છાયામાં શરણું લેવા તેના
રાજા ફારુનના રક્ષણમાં આશ્રય લેવા મિસર જવા નીકળી પડ્યા
છે!
3 "પણ ફારુનનો આશ્રય લેવા જતાં તેમની માત્ર ફજેતી જ
થશે, અને મિસરની છાયામાં શરણું લેવાથી માનહાની જ થશે.
4 જો કે તેના અમલદારો સોઆનથી લઇને હાનેસ સુધી મુસાફરી
કરે છે.
5 પણ તેઓ કઇ કામના નથી, જેઓ તેમના પર આધાર રાખે
છે તેને તેમના તરફથી માત્ર અપમાન અને અપયશ જ મળશે,
મદદ નહિ."

## દેવનો સંદેશ યહૂદાને

6 દક્ષિણનાં રણનાં પશુઓને લગતી દેવવાણી:

એ એલચીઓ હાડમારી અને કષ્ટોભર્યા પ્રદેશમાં થઇને, જ્યાં
સિંહો વસે છે, ઝેરી નાગ અને ઊડતા સાપ વસે છે, તેમાં થઇને
ગધેડાં અને ઊંટો પર લાદીને મિસરની પ્રજા માટે ભેટસોગાદો લઇ
જાય છે.
7 પણ તે પ્રજાથી એમને કશો લાભ થાય એમ નથી. કારણ,
મિસરની સહાય મિથ્યા છે, તેની કશી વિસાત નથી; અને માટે જ
મેં મિસરનું નામ "દૈવત વગરનો દૈત્ય" પાડ્યું છે.

8 યહોવાએ મને કહ્યું, "હવે ચાલુ તું જઇને લોકોના દેખતાં એક
તકતી પર લખી નાખ, અને તેને ટીપણાંમા કોતરી નાખ, જેથી
ભવિષ્યમાં સદાને માટે એ સાક્ષી તરીકે કામ આવે,

9 કારણ કે તેઓ બળવાખોર લોકો અને બેવફા બાળકો છે.
તેઓ યહોવાના શિક્ષણને સાંભળતા નથી."
10 તેઓ દષ્ટાઓને કહે છે, "જોશો નહિ." પ્રબોધકોને કહે
છે, "અમને સત્ય સંભળાવશો નહિ, અમને મીઠી મીઠી વાતો અને
ભ્રામક દર્શનો વિષે કહેજો.
11 રસ્તો છોડો, અમારા માર્ગમાંથી ખસી જાઓ, ઇસ્રાએલના
પરમપવિત્ર દેવની વાત અમારી આગળ ન કરશો."

## યહૂદાને ફકત દેવથી મદદ મળે છે

12 આથી ઇસ્રાએલના પરમ પવિત્ર દેવ પ્રત્યુત્તર આપે છે: "તમે
આ ચેતવણીની ઉપેક્ષા કરો છો, અને અન્યાયમાં અને છળકપટમાં
માનો છો અને એના પર જ આધાર રાખો છો,
13 એટલે જેમ ભીંતમાં પહોળી ફાટ પડે છે અને તે તૂટી પડે
છે અને થોડી ક્ષણોમાં જ કકડભૂસ નીચે પડે છે, તેમ તમારા પર
અચાનક વિનાશ આવી પડશે.
14 જેમ કોઇ ઘડાને જોરથી ફટકો મારે અને તેના ઝીણા ઝીણા
ટુકડા થઇ જાય અને તેમાં એક પણ ટૂકડો એવો ન રહે, જેના
વડે ચૂલામાંથી અંગારો અથવા ટાંકામાંથી પાણી લઇ શકાય, એવી
તમારી દશા થશે."
15 કારણ કે પ્રભુ યહોવા ઇસ્રાએલનો પવિત્ર દેવ કહે છે કે,
"કેવળ મારી તરફ પાછા ફરીને અને મારી વાટ જોઇને તમે બચાવ

પામી શકશો. શાંત રહેવામાં અને ભરોસો રાખવામાં તમારું સાર્મથ્ય
રહેલું છે."

પરંતુ તમારામાં આમાનું કશું નથી.
16 એટલે તમે કહ્યું, "ના, અમે તો ઘોડા પર બેસીને ભાગી
જઇશું." એટલે હવે તમારે ભાગવું પડશે. તમે કહ્યું, "અમે તો
પવનવેગી ઘોડા પર ભાગી જઇશું." એટલે હવે તમારો પીછો
પકડનારાઓ પવનવેગે તમારો પીછો પકડશે.
17 તેઓમાંનો એક તમારા એક હજારને ભગાડી મૂકશે!
તેઓમાંના પાંચ તમને એવી રીતે વિખેરી નાંખશે કે તમારામાંથી
કોઇ બે વ્યકિતઓ ભેગી નહિ રહે. તમે દૂરના પર્વતોની ટોચ
પરના એકલા ધ્વજદંડની જેમ મૂઠીભર બાકી રહેશો.

## દેવ પોતાના લોકોની મદદ કરશે

18 તેમ છતાં યહોવા તમારા પર કૃપા કરવાની રાહ જોઇ રહ્યો
છે, તમારા પર દયા કરવાને તલપી રહ્યો છે; કારણ કે યહોવા તો
ન્યાયનો દેવ છે, તેને ભરોસે રહેનાર સર્વ આશીર્વાદિત છે.
19 હે યરૂશાલેમમાં સિયોન પર રહેનારી પ્રજા, હવે ફરી તમારે
રડવું નહિ પડે. તમારો પોકાર કાને પડતાં યહોવા જરૂર તમારા
પર કૃપા કરશે. સાંભળતા જ જવાબ આપશે.
20 યહોવા તમને સંકટરૂપી રોટલી અને વિપત્તિરૂપી પાણી આપે
છે, તોપણ તમને શિક્ષણ આપવા તે તમારી સાથે રહેશે. તમે
તમારી પોતાની આંખોથી તમારા શિક્ષકને જોશો.
21 જ્યારે તમે આડાઅવળા જશો કે તરત જ પાછળથી એવી
વાણી તમને સંભળાશે કે, "આ રહ્યો તમારો માર્ગ, તેના પર તમે
ચાલો."
22 જ્યારે તમે તમારી ચાંદીથી મઢેલી અને સોનાથી રસેલી
મૂર્તિઓને અપવિત્ર માનીને ઉકરડાની જેમ ફેંકી દેશો અને કહેશો,
અહીંથી દૂર થા.
23 તમે જમીનમાં બી વાવશો, તેને માટે યહોવા વરસાદ મોકલશે
અને જમીન પુષ્કળ પાક આપશે; તથા તમારાં ઢોરઢાંખરાં માટે
ભરપૂર ચારો મળશે.

24 અને તે દિવસે તમારાં ઢોર વિશાળ ચરાઓમાં ચરશે, અને
જમીનને ખેડનાર બળદો અને ગધેડાં પણ સારું સારું ખાણ ખાવા
પામશે.
25 શત્રુઓની હત્યાને દિવસે, જ્યારે તેમના બુરજો જમીન પર
ઢળી પડતા હશે ત્યારે દરેક પર્વત અને દરેક ટેકરી પર પાણીનાં
ઝરણાં વહેતાં હશે.
26 જે દિવસે યહોવા પોતાના લોકોના ઘા જે તેણે તેના લોકો
પર કર્યા હતાં, તેને રૂઝવી દેશે, તે દિવસે ચંદ્રનો પ્રકાશ સૂર્યના
પ્રકાશ જેવો અને સૂર્યનો પ્રકાશ સાતગણો, સાત દિવસના પ્રકાશ
જેટલો ઉજ્જવળ થઇ જશે.
27 જુઓ, અહીં યહોવા પોતે સાર્મથ્ય અને મહિમા સાથે દૂર
દૂરથી આવે છે. તેનો ક્રોધ ભભૂકે છે, અને ધુમાડાના વાદળો પર
ઊડે છે. તેના હોઠો કોપથી ભરેલા છે, ને તેની જીભ બળતા
અગ્નિ સરખી છે;
28 તેનો શ્વાસ ગળા સુધી આવતી ધસમસતી નદી જેવો છે. તે
પ્રજાઓને વિનાશની ચાળણીએ પ્રજાઓને ચાળે; લોકોના જડબામાં
તિકારક લગામ મૂકે છે.
29 પણ તમે તો ઉત્સવની રાત્રે જેમ ગીતો ગવાય છે તેમ ગીતો
ગાશો; ઇસ્રાએલના આધારરૂપ યહોવાના મંદિરની યાત્રાએ વાંસળી
વગાડતા વગાડતા યાત્રાળુઓ જતા હોય તેમના જેવો આનંદ તમે
અંતરમાં અનુભવશો.
30 યહોવા પોતાનો પ્રતાપી અવાજ સૌને સંભળાવશે અને પોતાનો
પ્રચંડ કોપ સર્વભક્ષી અગ્નિની જવાળારૂપે, મૂશળધાર વરસાદરૂપે,
વાવાઝોડારૂપે અને કરારૂપે ઉતારશે.
31 યહોવાના અવાજથી આશ્શૂરના લોકો શિક્ષા પામશે. એક
સમયે યહોવાએ તે પ્રજાનો શિક્ષાની લાકડી તરીકે ઉપયોગ કર્યો
હતો.
32 જ્યારે યહોવા તેઓને શિક્ષા કરશે ત્યારે યહોવાના લોકો
વાજીંત્રોના નાદ સાથે ગાયનોથી આનંદ કરશે.
33 આશ્શૂરના રાજાને દફનાવવા માટે લાંબા સમયથી ખાડો
તૈયાર રાખવામાં આવેલો છે, એને ખોદીને ઊંડો અને પહોળો

કરેલો છે, એમાં પુષ્કળ લાકડાં ખડકેલાં છે; અને યહોવાનો શ્વાસ
ગંધકના પ્રવાહની જેમ તેને સળગાવે છે.

# 31

## "યરૂશાલેમની રક્ષા યહોવા કરશે"

1 તેઓ સહાયને માટે મિસર ચાલ્યા જાય છે, ને ઘોડાઓ પર
આધાર રાખે છે; અને રથો પુષ્કળ હોવાથી તેમના પર ભરોસો
રાખે છે, ને સવારો ઘણા સમર્થ હોવાથી તેમના પર આધાર રાખે
છે; પણ તેઓ યહોવા પર, ઇસ્રાએલના પરમપવિત્ર દેવ તરફ તેઓ
ષ્ટિ કરતા નથી, કે તેની મદદ માંગતા નથી,
2 તેમ છતાં યહોવા બધું સમજે છે અને આફત લાવે છે, ને
પોતાની ધમકી ફોક થવા દેતા નથી. તે દુષ્ટોનાં સંતાનોને અને
તેમને મદદ કરનારાઓને સજા કરશે.
3 મિસરીઓ પણ માણસ છે, તેઓ દેવ નથી; તેમના ઘોડા પણ
માંસના બનેલા છે, અમર નથી. જ્યારે યહોવા હાથ ઉગામશે
ત્યારે મદદ કરનાર ઠોકર ખાશે અને મદદ લેનાર પડી જશે, અને
તેઓ બધા જ એકી સાથે સમાપ્ત થઇ જશે.
4 કેમ કે, યહોવાએ મને એમ કહ્યું છે કે, "જેમ કોઇ સિંહ
શિકાર પર ઊભો રહીને ધૂરકે છે, અને ભરવાડોનું ટોળું તેની સામે
આવે છે, તોયે તેમની બૂમરાણથી તે ગભરાતો નથી કે નથી તેમના
હાકોટાથી ભાગી જતો."
તેમ હું સૈન્યોનો દેવ યહોવા, સિયોનના પર્વત પર તેને પક્ષે
લડવા ઊતરી આવીશ અને મને કોઇ રોકી શકશે નહિ.
5 જે રીતે પક્ષી પોતાના બચ્ચાનું રક્ષણ કરવા માળા પર પાંખો
પ્રસારે તેમ હું સૈન્યોનો દેવ યહોવા યરૂશાલેમનું રક્ષણ કરીશ અને
તેનો મોક્ષ કરીશ.
6 હે ઇસ્રાએલના લોકો, તમે જેનો ભારે અપરાધ કર્યો છે તેની
પાસે પાછા આવો.
7 કારણ, તે દિવસ આવી રહ્યો છે જ્યારે તમારાંમાંનો દરેક
જણ તમારા પોતાના પાપી હાથે બનાવેલી ચાંદીની અને સોનાની
મૂર્તિને ફગાવી દેશે.

8 માણસની નહિ એવી તરવારથી આશ્શૂરનું પતન થશે,
માણસની નહિ હોય તેવી તરવારથી તેનો સંહાર થશે. તે
રણસંગ્રામમાંથી ભાગી જશે, અને તેના જુવાનજોધ યોદ્ધાઓને
મજૂરીએ વળગાળવામાં આવશે;
9 તેનો રાજા ભયને લીધે ભાગી જશે અને તેના સરદારો એવા
તો બીશે કે ધ્વજને છોડીને નાસી જશે.
આ યહોવાના વચન છે, જેની ભઠ્ઠીનો અગ્નિ યરૂશાલેમમાં
ભડભડ બળે છે.

# 32

## ઇસ્રાએલની શાંતિ માટે અગમવાણી

1 જુઓ, એવો સમય આવશે જ્યારે રાજા ન્યાયથી રાજ્ય
કરશે અને અમલદારો ન્યાયથી તેનો અમલ ચલાવશે.
2 તે લોકો ઇસ્રાએલને તોફાન અને વાવાઝોડા સામે રક્ષણ
પૂરું પાડશે. તે તેને રણમાં વહેતી નદી જેવી તાજગી આપશે.
ઇસ્રાએલ માટે તે ગરમ અને સૂકા પ્રદેશમાં શીતળ છાંયો આપનાર
મહાન ખડક સમાન બનશે.
3 પછી, જેઓ જોઇ શકે છે તેમની આંખો બંધ નહિ થાય
અને જેઓ સાંભળી શકે છે તેમના કાન શ્રવણ કરશે.
4 ઉતાવળા માણસો જોઇ વિચારીને વર્તન કરશે, અને જે લોકો
બોલતાં થોથવાય છે તે સ્પષ્ટ બોલશે.
5 ત્યારબાદ મૂર્ખને કોઇ ખાનદાન નહિ કહે, કે ધૂર્તને કોઇ
આદરપાત્ર નહિ કહે.
6 કારણ કે મૂર્ખ મૂર્ખની જેમ બોલે છે, અને તે મનમાં દુષ્ટ
મનસૂબા ઘડે છે. તે અધર્મ આચરે છે, યહોવા વિષે પણ વિપરીત
બોલે છે, ભૂખ્યાને ભૂખ્યું રાખે છે અને તરસ્યાને પાણી પાતો નથી.
7 અને પેલા ધૂર્તની રીત પણ દુષ્ટ હોય છે; તે દુષ્ટ યુકિત
પ્રયુકિતઓ વાપરે છે, તે રંક લોકોને દુ:ભવવાનો પ્રયત્ન કરે છે
અને તેમને કાયદાના ન્યાયાલયમાં ઠગે છે.
8 છતાં ઉદાર માણસો ઉદારતા રાખવાનું ચાલુ રાખશે.

## ખરાબ સમય આવી રહ્યો છે

9 એશઆરામમાં જીવન વ્યતિત કરતી સુખવાસી સ્ત્રીઓ, ઊઠો
અને મારી વાણી સાંભળો; હે બેદરકાર પુત્રીઓ, મારાં વચનો પર
ધ્યાન આપો!
10 હે બેદરકાર સ્ત્રીઓ, અત્યારે તમને કશી ચિંતાફિકર નથી,
પણ વરસ પૂરું થતાં જ તમે ધ્રૂજી ઊઠશો, કારણ, દ્રાક્ષની ભેગી
કરવાની ઋતું પૂરી થઇ ગઇ હશે અને તમે કઇં ભેગું કર્યુ નહિ
હોય.
11 હે એશઆરામી સ્ત્રીઓ, કંપી ઊઠો! હે બેદરકાર સ્ત્રીઓ,
ધ્રૂજી ઊઠો! તમારા રોજબરોજના વસ્રો દૂર કરો અને શણના
કપડાં પહેરીલો.
12 પાકથી ભરપૂર એવા તમારાં ખેતરો અને ફળદાયક
દ્રાક્ષવાડીઓ માટે તમારી દિલગીરી વ્યકત કરવા તમે તમારી છાતી
કૂટો.
13 તમારી ભૂમિમાં કાંટા અને ઝાંખરા ઊગી નીકળ્યા છે. એક
વખતના આનંદભર્યા નગરો અને સુખી ઘરો માટે આક્રંદ કરો.
14 કારણ, મહેલ સૂનો પડ્યો છે અને કોલાહલભર્યું શહેર
ઉજ્જડ થઇ ગયું છે; ઘરો અને બુરજો કાયમના ખંડેર થઇ ગયાં
છે, જ્યાં ગધેડાઓ આનંદથી હરેફરે છે અને ઘેટાંબકરાં ચરે છે.
15 પરંતુ છેવટે દેવ આપણા પર સ્વર્ગમાંથી ચૈતન્ય વરસાવસે,
અને ત્યાર પછી રણ પ્રદેશ ખેતીની જમીન જેવો ફળદ્રુપ બની
જશે અને ખેતર ભૂમિ જંગલ જેવી ફળદ્રુપ બની જશે.
16 ત્યારે સમગ્ર મરુભૂમિમાં અને લીલી ધરતીમાં સર્વત્ર ઇનસાફ
અને ન્યાય વાસો કરશે,
17 અને ન્યાયીપણાને પરિણામે કાયમી શાંતિ અને સુરક્ષા રહેશે.
18 ત્યારે મારા લોકો શાંતિભર્યા દેશમાં અને સુરક્ષાભર્યા
તંબુઓમાં નિશ્ચિંત થઇને રહેશે.
19 પરંતુ જંગલો નાશ પામશે; નગરનો ધ્વંસ થશે.
20 સુખી છો તમે જેઓ દરેક ઝરણાની ધારે બી વાવો છો અને
તમારા બળદોને અને ગધેડાને ચરાણમાં છૂટથી ચરવા દો છો.

# 33

### યહોવાને મદદ માટે ધા

1 અફસોસ છે તને! તું અલબત્ત, બીજાને લૂંટે છે, પણ તું
લૂંટાયો નથી! તું દગાબાજી કરે છે ખરો, પણ તારી સાથે કોઇએ
દગાબાજી કરી નથી! પણ જ્યારે તારી ખરાબીઓ પૂરી થશે,
ત્યારે તું ખરેખર લૂંટાશે; જ્યારે તું તારી દગાબાજીનો અંત લાવીશ
ત્યારે ખરેખર તારી સાથે દગાબાજી થશે.

2 હે યહોવા, અમારા પર કૃપા કરો,
અમને તમારી જ આશા છે.
રોજે રોજ અમારું રક્ષણ કરો
અને મુશ્કેલીના સમયે અમારી રક્ષા કરો.
3 તમારી ધમકીની ગર્જના સાંભળીને લોકો નાસી જાય છે,
તમારા ઊઠતાં બરાબર જ પ્રજાઓ વેરવિખેર થઇ જાય છે.

4 તમારી યુદ્ધની લૂંટ, જાણે તીડ અને તીતીઘોડા ખાઇ રહ્યાં
હોય તેમ ભેગી કરવામાં આવશે.
5 યહોવા મોટો મનાયો છે; કેમ કે ઉચ્ચસ્થાને રહે છે, તે
સિયોનને ન્યાય, ભલાઇ અને સદાચારનું નિવાસસ્થાન બનાવશે.
6 તે પોતાની પ્રજાને સ્થિરતા આપશે. તારણ, ડહાપણ અને
જ્ઞાન આપશે. યહોવાનો ભય સિયોનની પ્રજાનો ખજાનો છે.
7 પણ જુઓ, હમણા વીરપુરુષો મદદ માટે પોકાર કરી રહ્યા
છે, અને શાંતિ કરવા ગયેલા એલચીઓ પોક મૂકીને રડે છે.
8 રાજમાગોર્ ઉજ્જડ થઇ ગયા છે, કારણ કે કોઇ વટેમાર્ગુ
નથી, કરારોનો ભંગ કરવામાં આવ્યો છે, વચન પ્રતિબદ્ધતાને માન
અપાતું નથી. નગરો ધૃણિત થઇ ગયા છે, ત્યાં લોકો વિષે કોઇ
વિચારતું નથી.
9 ભૂમિ આક્રંદ કરે છે, ઝૂરી મરે છે; લબાનોન ઉજ્જડ થઇ
ગયું છે, શારોનની ફળદ્રુપ ભૂમિ વગડો બની ગઇ છે અને બાશાન
અને કામેર્લના જંગલો તેમનાં પાંદડા ખેરવી નાખે છે.
10 યહોવા કહે છે, "હવે હું ઉપર ઊઠીશ અને સાર્મથ્ય દેખાડીશ.

11 તમે સૂકા ઘાસને ધારણ કરો છો અને તણખલાને જન્મ
આપો છો. તમારો શ્વાસ જ તમને અગ્નિની જેમ ભરખી જશે.
12 જેમ કાંટાઓને કાપીને અગ્નિમાં ફેંકવામાં આવે, તેમ તમારા
યોદ્ધાઓને પૂરેપૂરા બાળી નાખવામાં આવશે.

13 "હે દૂર દૂર તેમ જ નજીક વસનારાઓ, મેં શું શું કર્યું છે તે
સાંભળી તમે મારું સાર્મથ્ય જાણી લો."

14 સિયોનમાં પાપીઓ ધ્રૂજે છે, દુષ્ટો થથરે છે, અને પૂછે છે,
"આ ભડભડતા અગ્નિમાં આપણામાંથી કોણ રહી શકે? આ
સદાય બળતી જવાળામાં આપણામાંથી કોણ બચી શકે?"

15 જે માણસ ન્યાયને માગેર્ ચાલે છે અને સાચું બોલે છે, જે
શોષણથી મળેલી કમાઇનો તિરસ્કાર કરે છે, જે લાંચને હાથથી
ઝાટકી ખંખેરી નાખે છે, જે હિંસાની વાત સાંભળી કાનમાં આંગળી
ધાલે છે અને જે પાપ જોઇને આંખ મીંચી દે છે, તે જ વાસો
કરશે.
16 આ પ્રકારના સર્વ લોકો ઉચ્ચસ્થાનોમાં રહેશે. પર્વતોના ખડકો
તેઓની સુરક્ષાના કિલ્લા બનશે. તેઓને ખોરાક પૂરો પાડવામાં
આવશે અને તેઓને પૂરતું પાણી મળી રહેશે.

17 તમે ફરીવાર રાજાને (દેવને) એક સુવિશાળ દેશ પર પૂરા
વૈભવપૂર્વક રાજ્ય કરતો જોવા પામશો.

18 ભૂતકાળના ભયને યાદ કરીને તમે વિચારશો "ક્યાં ગયા એ
કર ઉઘરાવનારા પરદેશી? ક્યાં ગયા પેલા વિદેશી જાસૂસો?"

19 કારણ કે તેઓનો નાશ થશે; તમે સમજી શકો નહિ તેવી
વિચિત્ર તોતડી બોબડી ભાષાવાળા આ ક્રોધી અને હિંસક લોકો
નાશ પામશે.

## દેવ યરૂશાલેમને બચાવશે

20 આપણા ઉત્સવોની નગરી યરૂશાલેમ તરફ નજર કર! ત્યાં
તું સુરક્ષિત નિવાસસ્થાન જોવા પામશે, જે સ્થિર સ્થાવર તંબુ
જેવું હશે, જેની ખીંટીઓ કદી ઉખેડવાની નથી, જેની દોરીઓ કદી
તૂટવાની નથી.

21 ત્યાં સૈન્યોના દેવ યહોવા આપણને તેની ભવ્યતા સાથે દર્શન
દેશે. આપણે વિશાળ નદીઓ અને ઝરણાંઓના પ્રદેશમાં વસીશું.
ત્યાં કોઇ શત્રુઓના વહાણો નહિ આવે.
22 કારણ કે યહોવા આપણા ન્યાયાધીશ આપણા શાસક, અને
આપણા રાજા છે; તે આપણી સંભાળ રાખશે અને આપણો
બચાવ કરશે.
23 શકિતશાળી વહાણોના દોરડાં ઢીલાં થઇ જશે અને તેના
કૂવાસ્થંભો ભાંગી જશે, જેથી તે સઢ ફેલાવી શકશે નહિ. તેઓની
સંપત્તિ દેવના લોકો દ્વારા વહેંચી લેવામાં આવશે. જેઓ અપંગ
છે તેઓ પણ પોતાનો હિસ્સો પ્રાપ્ત કરશે.
24 અને હવે ઇસ્રાએલના કોઇ વતનીને એવું કહેવાનો વારો નહિ
આવે કે, “અમે માંદા છીએ.” કારણ કે યહોવા તે લોકોને તેઓની
દુષ્ટતાની માફી આપશે.

# 34

## શત્રુઓને માથે લટકતી તરવાર

1 ઓ પૃથ્વી પરની સર્વ પ્રજાના લોકો, અહીં આવો અને
સાંભળો; સમગ્ર પૃથ્વી અને તેમાં વસતાં સૌ કોઇ, સાંભળો!
2 કારણ કે યહોવા સર્વ પ્રજાઓ અને તેમની સેનાઓ પર રોષે
ભરાયો છે, અને તેણે તેમનો સંપૂર્ણ નાશ કરવાનો નિર્ધાર કર્યો છે.
3 તેમના હત્યા થયેલાંઓનાં શબોને રઝડતાં મૂકી દેવામાં આવશે,
અને તે ગંધાઇ ઊઠશે પછી પર્વતો પરથી તેઓનું રકત વહેશે અને
ઓગળી જશે.
4 આકાશના બધાં નક્ષત્રો અલોપ થઇ જશે, આકાશ ઓળિયાની
જેમ સંકેલાઇ જશે, અને બધાં તારામંડળ દ્રાક્ષનાવેલા પરથી પાંદડા
ખરે તેમ ખરી પડશે.
5 યહોવાની તરવાર આકાશમાં ઝઝૂમી રહી છે, જુઓ, હવે
એ તરવાર યહોવાએ જેમનો નાશ કરવાનો નિર્ધાર કર્યો છે તે
અદોમના લોકો પર ઊતરે છે.
6 યહોવાની તરવાર લોહીથી તરબતર અને ચરબીથી લથબથ
જાણે ઘેટાં-બકરાંના બલિના લોહીથી તરબતર અને તેમની ચરબીથી

લથબથ થઇ જશે. કારણ, યહોવાએ પાટનગર બોસ્રાહમાં યજ્ઞ
માંડ્યો છે અને અદોમમાં ભારે હત્યા શરૂ કરી છે.
7 જંગલી ગોધાઓ અને વાછરડાંઓની જેમ મહા બળવાનોનો
નાશ થશે. યુવાનો-પ્રૌઢોનો પણ નાશ થશે. તેઓની ભૂમિ લોહીથી
તરબોળ થશે અને તેની ધૂળ ચરબીથી ફળદ્રુપ થશે.

8 કારણ કે, તે યહોવાનો વૈર વાળવાનો દિવસ હશે, સિયોનના
શત્રુઓ પર બદલો લેવાનું વર્ષ હશે.
9 અદોમની નદીઓ સળગતાં કોલસા અને ડામરથી ભરાઇ જશે.
અને તેની માટી ગંધકની થઇ જશે; અને તેની ભૂમિ બળતા ડામરમાં
ફેરવાઇ જશે.
10 અદોમના આ ન્યાયકાળનો કદી અંત આવશે નહિ. તેનો
ધુમાડો સદા ઉપર ચઢયા કરશે. તેની ભૂમિ પેઢી દર પેઢી અરણ્ય
જેવી પડી રહેશે; અને કોઇ પણ તેમાં નિવાસ કરશે નહિ.
11 પણ ત્યાં ગીધ અને ઘુવડનો વાસ થશે. યહોવા તેને
ખેદાન-મેદાન અને વેરાન બનાવી દેશે.
12 તે જગા "ખાલીપણાની ભૂમિ" કહેવાશે અને તેના રાજા
તથા અધિકારીઓ થોડા જ સમયમાં નાશ પામશે.

13 તેના રાજમહેલમાં અને એના કિલ્લાઓ ઉપર કાંટા અને
ઝાંખરા ઊગી નીકળશે. ત્યાં શિયાળવાની બોડ હશે અને ત્યાં
શાહમૃગનો વાસ થશે.
14 ત્યાં રાની બિલાડીઓ અને વરુઓ ભેગા થશે અને જંગલી
બકરીઓ એકબીજાને પોકારશે; અને ત્યાં નિશાચર પ્રાણી આરામ
કરવા આવી ભરાશે.
15 ઘુવડો ત્યાં માળો બાંધશે. ઇંડા મૂકશે અને સેવીને બચ્ચાં
જન્મતા તેમને પોતાની પાંખોમાં ભેગા કરશે. ત્યાં એક પછી એક
સમડીઓ ભેગી થશે.

16 યહોવાના ગ્રંથમાં શોધીને વાંચો; અને યહોવા જે કરવાના છે
તે જુઓ. તેમાંની એકપણ વિગત તે બાકી રાખશે નહિ, તેમાનું
એક પણ પ્રાણી પોતાના સાથી વગરનું ખબર પડશે નહિ, કારણ
કે યહોવા આ પ્રમાણે બોલ્યા છે અને તેમનો આત્મા તે સર્વને
સત્ય પુરવાર કરશે.

17 તેમણે દરેકનો ભાગ ચિઠ્ઠી નાખીને નક્કી કરી આપ્યો છે,
તેણે પોતાને હાથે દોરી માપીને તેમને ભૂમિનો ભાગ વહેંચી આપ્યો
છે, તેઓ સદાસર્વદા એ ભોગવશે અને પેઢી દર પેઢી તેમાં નિવાસ
કરશે.

# 35

## પાણીના ઝરણાં અને પુણ્યપંથ

1 તે દિવસોમાં મરુભૂમિ આનંદોલ્લાસથી નાચી ઉઠશે, સૂકી
તરસી ધરતી સુંદર ફૂલોથી ખીલી ઉઠશે, આનંદોદ્ગારથી ગાજી
ઊઠશે.
2 તે ખીલશે અને તેને ફૂલો આવશે અને આનંદથી ભરેલી હશે
અને ગુંજતી હશે. તેને લબાનોન પર્વતની સુંદર ભવ્યતા અને
કામેર્લ પર્વત તથા શારોનની લીલીછમ ધરતીનો વૈભવ પ્રાપ્ત થશે;
કારણ કે તેઓ યહોવાનો મહિમા, આપણા દેવની ભવ્યતા જોશે.
3 જેઓ હારેલા છે તેમને હિંમત આપો, જેઓ ડગમગી રહ્યા
છે તેઓને સ્થિર કરો, ભયભીત થયેલાઓને કહો કે, હિંમત રાખો!
4 જેઓ ચિંતાતુર છે, "તેઓને કહો દ્રઢ થાઓ, ડરશો નહિ;"
જુઓ, તમારા દેવ! તમારો ઉદ્ધાર કરવા અને તમારા શત્રુઓને
સજા કરવા આવે છે.
5 પરંતુ જ્યારે તે આવશે ત્યારે અંધજનોની આંખો ઊઘડી જશે
અને બહેરાઓના કાન ખૂલી જશે.
6 લૂલાં-લંગડાં હરણાની જેમ તેઓ ઠેકડા મારશે અને મૂંગાની
જીભ મોટેથી હર્ષનાદ કરીને ગાવા માંડશે. તે વખતે મરુભુમિમાં
વહેળા વહેવા લાગશે.
7 લોકો વહેળાને જોશે, ધગધગતી રેતીના સરોવર બની જશે,
અને સૂકી ભૂમિના ઝરણાં બની જશે. જ્યાં શિયાળવાનો વાસ છે
તે વેરાન ભૂમિમાં ચારેબાજુ લીલોતરી ઊગી નીકળશે.
8 તેમાં થઇને એક રાજમાર્ગ જતો હશે અને તે, "પવિત્રતાનો
માર્ગ" કહેવાશે. એના પર કોઇ અપવિત્ર માણસ ચાલશે નહિ.
કોઇપણ યાત્રી, એક મૂર્ખ પણ ત્યાં તે રસ્તા પર ભૂલો પડી જશે
નહિ.

9 ત્યાં કોઇ સિંહ નહિ હોય કે કોઇ જંગલી પ્રાણી ત્યાં ભટકતું
નહી હોય. માત્ર ઉદ્ધાર પામેલાઓ જ તેના પર ચાલશે.
10 યહોવાએ જે લોકોની ખંડણી ચૂકવી છે; તેઓ અનંતકાળ
સુધી આનંદના ગીતો ગાતાં આ માગેર્ થઇને સિયોનમાં પોતાને ઘેર
જશે. કારણ કે તેઓનાં સર્વ દુ:ખો અને તેમની પાછળ હર્ષોલ્લાસ
હશે; દુ:ખ અને શોક જતા રહેશે.

# 36

## યરૂશાલેમ પર આશ્શૂરની સેનાનું આક્રમણ

1 હિઝિક્યા રાજાની કારકિદીર્ના અમલના ચૌદમા વષેર્ આશ્શૂરના
રાજા સાન્હેરીબે યહૂદાનાં બધાં કિલ્લેબંદી નગરો ઉપર ચઢાઇ કરીને
તે કબ્જે કરી લીધાં.
2 લાખીશથી આશ્શૂરના રાજાએ મુખ્ય સંદેશવાહકને મોટા લશ્કર
સાથે રાજા હિઝિક્યા પાસે યરૂશાલેમ મોકલ્યા, અને તેમણે
યરૂશાલેમ પહોંચીને ધોબીઘાટને રસ્તે આવતા ઉપલા તળાવના
ગરનાળા આગળ પડાવ નાખ્યો, અને રાજાને તેડાવ્યો;
3 એટલે ઇસ્રાએલના હિલ્કિયાનો પુત્ર એલ્યાકીમ જે મહેલનો
કારભારી હતો, રાજાનો મંત્રી શેબ્ના તથા આસાફનો પુત્ર જે
નોંધણીકાર હતો, યોઆહ તે બધાં સાથે મળીને નગરની બહાર
તેને મળવા ગયા.
4 મુખ્ય સંદેશવાહકે તેમને કહ્યું, “જાવ હિઝિક્યાને જઇને કહો
કે, આશ્શૂરના મહાન રાજાનો આ સંદેશ છે:

“ ‘તને આટલો બધો આત્મવિશ્વાસ શાથી છે?
5 તું શું એમ માને છે કે, મુત્સદ્દીગીરી અને લશ્કરી બળ
માત્ર ખોખલાં શબ્દો લઇ શકે છે? તું કોના ઉપર આધાર રાખીને
મારી સામે બળવો પોકારે છે?
6 મિસર ઉપર? મિસર તો ભાંગેલું બરું છે; જે કોઇ એનો
આધાર લે છે તેના હાથ ચિરાઇ જાય છે મિસરનો રાજા તો એવો
છે જે કોઇ તેના પર વિશ્વાસ રાખે છે તેના એવા હાલ થાય છે.

7 " 'તમે કદાચ એમ કહેશો કે, "અમે તો અમારા દેવ
યહોવા પર આધાર રાખીએ છીએ." પણ તમારા એ જ દેવનાં
ઉચ્ચસ્થાનોને અને વેદીઓને હિઝિક્યાએ જ હઠાવી દીધાં છે
અને યહૂદા અને યરૂશાલેમના લોકોને એમ જણાવ્યું કે, "તમારે
એક જ વેદી આગળ ઉપાસના કરવાની છે."
8 " 'જુઓ, મારા ધણી આશ્શૂરના રાજા સાથે કરાર કરી
લો, હું તમને બે હજાર ઘોડા આપવા તૈયાર છું, જો તમે
એટલા સવારો મેળવી શકતા હો તો.
9 તમે એવું કેમ વિચારો છો કે તમે મારા ધણીના નાનામાં
નાના અમલદારને સુદ્ધાં હરાવી શકશો, જ્યારેં તમે રથો અને
ઘોડાઓ માટે મિસર પર આધાર રાખો છો?
10 " 'શું તમે એમ માનો છો કે હું યહોવાના કહ્યા વિના આ
ભૂમિને જીતી લેવા અહીં આવ્યો છું? યહોવાએ મને કહ્યું છે
કે, "તું જઇને તેનો નાશ કર!" ' "

11 એલ્યાકીમ, શેબ્ના અને યોઆહે વડા અમલદારને કહ્યું,
"મહેરબાની કરીને અમારી સાથે અરામીમાં બોલો. અમે એ ભાષા
સમજીએ છીએ. કોટ ઉપરના લોકોના સાંભળતાં અમારી સાથે
યહૂદીઓની ભાષામાં ના બોલશો."
12 પણ સંદેશવાહકે પ્રત્યુત્તર આપ્યો, "કેવળ તું અને તારો
માલિક જ નહિ પરંતુ યરૂશાલેમમાં વસનારા દરેક વ્યકિત આ
સાંભળે તેવું મારા ધણી ઇચ્છે છે, કારણ કે તેઓ પોતાની વિષ્ટા
ખાવા માટે અને પોતાનો પેશાબ પીવા માટે નિયત થયેલા છે."
13 પછી સંદેશવાહકે ટટાર ઊભા રહીને ઊંચા સાદે યહૂદીઓની
ભાષામાં કહ્યું,

' "આશ્શૂરના રાજાધિરાજનો સંદેશો સાંભળો;
14 રાજા કહે છે: હિઝિક્યાથી ભોળવાશો નહિ; એ તમને
નહિ બચાવી શકે.
15 યહોવા જરૂર આપણું રક્ષણ કરશે, "આ શહેર કદી
આશ્શૂરના રાજાના હાથમાં જવાનું નથી." એમ કહીને હિઝિક્યા

તમને યહોવા પર આધાર રાખવા સમજાવે તો માનશો નહિ.
16 “ ‘એની વાત સાંભળશો નહિ, હું આશ્શૂરનો રાજા તો
એમ કહું છું કે, “મારી સાથે સંધિ કરો, મારે તાબે થાઓ; તો
તમારામાંના એકેએક જણ પોતાની દ્રાક્ષનીવાડીનાં અને અંજીરીના
ફળ ખાવા પામશે અને પોતાની ટાંકીનું પાણી પીવા પામશે;
17 અને છેલ્લે, હું તમને તમારા દેશ જેવા જ એક દેશમાં
મોકલી આપીશ, જ્યાં પુષ્કળ અનાજ અને દ્રાક્ષારસ છે.”
18 “ ‘પરંતુ સાવધ રહેજો! હિઝિક્યા તો તમને કદાચ એમ
કહીને ગેરમાગેર્ દોરે છે કે, “યહોવા આપણું રક્ષણ કરશે.”
બીજી પ્રજાના દેવે મારા હાથમાંથી એના દેશને બચાવ્યો છે
ખરો?
19 હમાથ અને આર્પાદની મેં કેવી દશા કરી હતી તે શું
તમને યાદ નથી? શું તેઓના દેવો તેઓને બચાવી શક્યા? અને
સફાર્વાઇમ તથા સમરૂનનું શું થયું? તેઓના દેવો હાલ ક્યાં છે?
20 આ બધા દેશોના દેવોમાંથી કોણે પોતાના દેશને મારા
સાર્મથ્યમાંથી છોડાવ્યા છે? યહોવા યરૂશાલેમને મારા હાથમાંથી
છોડાવી શકશે એમ તમે માનો છો શું?’ ”

21 બધા લોકો મૂંગા રહ્યાં, અને એક પણ શબ્દ ઉચ્ચાર્યો નહિ,
કારણ કે હિઝિક્યાએ તેઓને કહ્યું હતું કે “તેઓએ જવાબમાં કશું
કહેવું નહિ.”

22 પછી મહેલના મુખ્ય કારભારી હિલ્કીયાના પુત્ર એલ્યાકીમ,
મંત્રી શેબ્ના અને નોંધણીકાર આસાફના પુત્ર યોઆહે દુ:ખના માર્યા
પોતાનાં કપડાં ફાડી નાખ્યાં, અને હિઝિક્યા પાસે જઇને સંદેશવાહકે
જે કહ્યું હતું તે કહી સંભળાવ્યું.

# 37

## યરૂશાલેમને દેવ મુકિત અપાવશે

1 જ્યારે હિઝિક્યા રાજાએ તે સાંભળ્યું ત્યારે તેણે પોતાનાં
કપડાં ફાડી નાખ્યાં, શોક-કંથા ઓઢી લીધી અને પોતે યહોવાના
મંદિરમાં ચાલ્યો ગયો.
2 તે દરમ્યાન તેણે પોતના મહેલના મુખ્ય કારભારી એલ્યાકીમને,
મંત્રી શેબ્નાને તેમ જ યાજકોના આગેવાનોને શોકકંથા ઓઢાડીને
આમોસના પુત્ર યશાયા પ્રબોધક પાસે મોકલ્યા.
3 તેમણે જઇને કહ્યું, "હિઝિક્યાએ આ પ્રમાણે કહેવડાવ્યું છે:
આજે અમારે માટે દુ:ખનો દિવસ છે; નિરાશા અને આપત્તિનો
દિવસ છે, બાળક અવતરવાની શકિત વિનાની સ્ત્રી જેવી અમારી
દશા છે.
4 આશ્શૂરના રાજાના મુખ્ય સંદેશવાહકે જીવતા દેવની મશ્કરી
અને નિંદા કરી છે; યહોવા, તમારા દેવે તે સાંભળી છે, એ શબ્દો
માટે યહોવા તેમને જરૂર શિક્ષા કરશે, હે યશાયા, અમે જે બચી
ગયા છીએ તેઓ માટે પ્રાર્થના કર."
5 તેથી રાજા હિઝિક્યાના મંત્રીઓ યશાયા પાસે આવ્યા.
6 પછી તેણે તેમને પ્રત્યુત્તર આપ્યો: "તમારા ધણીને જઇને
કહો કે, આ યહોવાના વચન છે: 'આશ્શૂરના રાજાના નોકરોને
મોઢે મારી નિંદાના જે વચનો તેં સાંભળ્યા છે તેનાથી ગભરાઇશ
નહિ.
7 હું એને એવી પ્રેરણા કરવાનો છું કે એક અફવા સાંભળી તે
પોતાને દેશ પાછો ચાલ્યો જશે, અને ત્યાં હું એનો તરવારથી વધ
કરાવીશ.' "

## આશ્શૂરના સૈન્યનું યરૂશાલેમ છોડી જવું

8 આશ્શૂરનો સંદેશવાહક પાછો ફર્યો, ત્યારે તેને સમાચાર મળ્યા
કે, રાજા, લાખીશ છોડી જઇ લિબ્નાહ સામે લડી રહ્યો છે એટલે
તે તેને ત્યાં જઇને મળ્યો.
9 ત્યાં આશ્શૂરના રાજાને એવા સમાચાર મળ્યા કે "કૂશનો રાજા
તિર્હાકાહ તેમની સામે લડવા આવે છે."
એટલે તેણે સંદેશ વાહકોને યહૂદીયાના રાજા હિઝિક્યા પાસે
મોકલી કહાવ્યું કે,

10 તું જેના પર આધાર રાખીને બેઠો છે તે તારો દેવ તને એમ
કહે છે કે:

“ ‘યરૂશાલેમ આશ્શૂરના રાજાના તાબામાં જવાનું નથી.’ તો
તેથી ભોળવાઇ જતો નહિ.
11 આશ્શૂરના રાજાઓ જ્યાં ગયા છે તેના પરિણામો શું
આવ્યા છે તે તું યાદ રાખ. કારણ કે તેઓનો વિરોધ કરનાર
દરેકનો તેઓએ પૂરેપૂરો વિનાશ કરી નાખ્યો છે. શું તું માને છે કે
તું છટકી જઇશ, જ્યારે તેઓ તેમ ન કરી શક્યા?
12 ગોઝાન, હારાનનાં નગરો અથવા રેસેફ અથવા
તલાસ્સારમાં રહેતા એદેનના લોકોને શું તેઓના દેવો બચાવી
શક્યા? ના,
13 અને હમાથના રાજા, આર્પાદના રાજા અને સફાર્વાઇમ,
હેના તથા ઇવ્વાહ નગરના રાજાઓનું શું થયું તે ભૂલી જશો નહિ.”

## હિઝિક્યાની દેવને પ્રાર્થના

14 હિઝિક્યાએ કાસદો પાસેથી કાગળ લઇને વાંચ્યો કે તરત
જ તેણે મંદિરમાં જઇને યહોવા સમક્ષ તેને ખુલ્લો મુક્યો.
15 પછી હિઝિક્યાએ યહોવાને આ પ્રમાણે પ્રાર્થના કરી:
16 “હે સૈન્યોના દેવ યહોવા, કરૂબો પર બિરાજમાન, ઇસ્રાએલના
દેવ, તમે જ પૃથ્વીનાં બધા રાજ્યોના એક માત્ર દેવ છો. તમે જ
આકાશ અને પૃથ્વીનું સર્જન કર્યુ છે.
17 દેવ યહોવા, હવે અમને કાન દઇને સાંભળો. દેવ યહોવા,
આંખ ઉઘાડીને જુઓ, સાન્હેરીબે તમારું જીવતા જાગતા દેવનું
અપમાન કરવા જે શબ્દો કહેવડાવ્યા છે તે સાંભળો.
18 એ વાત સાચી છે, દેવ યહોવા, કે આશ્શૂરના રાજાઓએ
સર્વ દેશોની પ્રજાઓનું નિકંદન કાઢી નાખ્યું છે.
19 તેમના દેવોને અગ્નિમાં પધરાવી દીધાં છે; પણ એ તો દેવો
નહોતા, પરંતુ માણસના હાથ વડે બનાવેલી વસ્તુ, ફકત લાકડાં
અને પથ્થર હતા, અને તેથી તેમણે તેમનો નાશ કર્યો હતો.

20 પણ હવે, હે અમારા દેવ યહોવા, અમને તેમના હાથમાંથી
બચાવ, જેથી પૃથ્વીના સર્વ રાજ્યો જાણી શકે કે તમે જ એક
માત્ર દેવ છો."

### દેવનો હિઝિક્યાને જવાબ

21 પછી આમોસના પુત્ર યથાયાએ હિઝિક્યા રાજાને આ સંદેશો
મોકલાવ્યો: "ઇસ્રાએલના યહોવા દેવ કહે છે કે, 'આશ્શૂરના રાજા
સાન્હેરીબની વિરુદ્ધ કરેલી પ્રાર્થનાનો મારો પ્રત્યુત્તર આ મુજબ છે.'
22 "હે સાન્હેરીબ,

'તને યરૂશાલેમ નગરી તુચ્છકારી કાઢે છે,
તારી હાંસી ઉડાવે છે,
અને તારી પાછળ ગર્વથી માથું ધુણાવે છે.
23 તેં કોને મહેણું માર્યું છે?
કોની નિંદા કરી છે?
તેં કોની સામે અવાજ ઉઠાવ્યો છે?
ને તિરસ્કારભરી ષ્ટિ કરી છે?
ઇસ્રાએલના પરમપવિત્ર યહોવા તરફ!
24 તારા નોકરો મારફતે તેં મારું અપમાન કર્યું છે;
તે કહ્યું છે કે, "મારા રથમાં બેસીને મેં મહાન પરાક્રમો કર્યા છે,
હું પર્વતો ચઢયો છું અને તેના શિખરો પર પહોચ્યો છું.
લબાનોનના ઊંચામાં ઊંચા શિખર પર હું ચઢયો છું,
મેં ઊંચામાં ઊંચા એરેજવૃક્ષોને
તથા સૌથી ઉત્તમ દેવદારના વૃક્ષોને કાપી નાખ્યા છે,
મેં તેઓના ઊંચામાં ઊંચા પર્વતોને જીતી લીધા
અને તેઓના ગાઢ જંગલોમાં પહોચ્યો છું.
25 મેં જીતેલી ભૂમિમાં કૂવા ખોદાવીને પરભોમનાં પાણી પીધાં છે,
અને મારા પગનાં તળિયાથી
મેં મિસરની બધી નદીઓને સૂકવી નાખી છે."

26 'પણ શું તને ખબર નથી કે,

મેં ઘણા સમય અગાઉ આ બધી યોજના બનાવી હતી?
અને અત્યારે મેં એને હકીકત બનાવી છે.
મેં તારી પાસે કિલ્લેબંદીવાળાં નગરોનો નાશ કરાવી ખંડેરોનો ગંજ ખડકાવ્યો છે.
27 ત્યાંના રહેવાસીઓ શકિતહીન, ભયભીત,
અને હાંફળાફાંફળા બની ગયા હતા.
અને વગડાના છોડ જેવા,
કુમળા ઘાસ જેવા,
છાપરા ઉપર ઊગી નીકળેલા ને
લૂથી બળી ગયેલા ઘાસ જેવા બની ગયા હતા.
28 પરંતુ હું જાણું છું, તું ક્યારે ઉભો થાય છે,
ક્યારે તું બેસી જાય છે, ક્યારે તું બહાર જાય છે,
ક્યારે તું અંદર આવે છે, તથા તું જે કરે છે,
તે સર્વ હું જાણું છું અને મારી વિરુદ્ધ જે રીતે તું રોષે ભરાયો છે,
તે પણ હું જાણું છું.
29 કારણ કે મારી વિરુદ્ધના તારા રોષ વિષે
અને તારી ઉદ્ધતાઇ વિષે મેં સાંભળ્યું છે.
તેને લીધે હું તારા નાકમાં મારી કડી
તથા તારા હોઠોની વચ્ચે મારી લગામ નાખીને જે માગેર્
તું આવ્યો છે તે જ માગેર્ તારા
પોતાના દેશમાં તને પાછો દોરી જઇશ.' "

## હિઝિક્યાને યહોવાનો સંદેશ

30 પછી યશાયાએ હિઝિક્યાને કહ્યું, "તારા માટે આ એધાણી
છે: આ વષેર્ તમે આપમેળે ઊગી નીકળેલા દાણા ખાશો, પછીના
વષેર્ પહેલા વર્ષના પાકમાંથી ઉગાડેલા અનાજ ખાશો. પણ ત્રીજા
વષેર્ તમે વાવશો અને લણશો, દ્રાક્ષનીવાડીઓ કરશો અને તેના
ફળ ખાશો.
31 "યહૂદાના વંશના રહ્યાસહ્યા માણસો જેના મૂળ ઊંડા ગયાં
છે એવા છોડની જેમ ફૂલશે-ફાલશે;

32 કારણ, યરૂશાલેમમાં અને સિયોન પર્વત પર કેટલાક માણસો
બચી જવા પામશે, સૈન્યોના દેવ યહોવાના ઉત્કટ પ્રેમને પ્રતાપે
આ બધું સિદ્ધ થશે."
33 એટલે, આશ્શૂરના રાજાના સંબંધમાં યહોવાની વાણી આ
મુજબ છે:

"તે આ શહેરમાં પ્રવેશ નહિ કરે;
તેમ તે એની સામે બાણ પણ નહિ છોડે,
ઢાલ લઇને એની સામે નહિ આવે,
તેમ એની સામે મોરચો પણ નહિ માંડે,
34 એ જે રસ્તે આવ્યો તે જ રસ્તે પાછો જશે,
આ શહેરમાં તે પ્રવેશ નહિ કરે.
આ હું યહોવા બોલું છું.
35 મારે પોતાને માટે તેમ જ મારા સેવક દાઉદને માટે
હું આ શહેરનું રક્ષણ કરીશ અને તેને ઉગારી લઇશ."

36 તે જ રાત્રે યહોવાના દૂતે આશ્શૂરીઓની છાવણીમાં જઇને
1,85,000 યોદ્ધાઓને મોતને ઘાટ ઉતાર્યા; લોકોએ સવારે ઊઠીને
જોયું તો, તેઓની આગળ એ બધા મરેલા પડ્યા હતા.
37 પછી આશ્શૂરનો રાજા સાન્હેરીબ પોતાના દેશ નિનવેહ પાછો
ફર્યો.
38 એક દિવસ તે પોતાના દેવ નિસ્રોખના મંદિરમાં પૂજા કરતો
હતો, એવામાં તેના પુત્રો આદ્રામ્મેલેખે અને શારએસેરે તેને તરવારથી
મારી નાખી અરારાટ ભાગી ગયા. તેનો પુત્ર એસાર-હાદ્દોન તેના
પછી ગાદીએ આવ્યો.

# 38

## હિઝિક્યાના આયુષ્યમાં પંદર વર્ષની વૃદ્ધિ

1 એ દિવસો દરમ્યાન રાજા હિઝિક્યા માંદો પડ્યો અને
આમોસનો પુત્ર યશાયા પ્રબોધક તેની મુલાકાત લેવાને ગયો અને
યહોવા તરફથી તેને સંદેશો આપ્યો: "આ યહોવાના વચન છે:

‘તારા કુટુંબની છેલ્લી વ્યવસ્થા કરવી હોય તો કરી લે, કારણ, તારું મોત આવી રહ્યું છે, તું જીવવાનો નથી.’ ”

2 હિઝિક્યાએ ભીત તરફ મોં કરી યહોવાને આ પ્રમાણે પ્રાર્થના કરી:
3 “હે યહોવા, હું તમારી સાક્ષીએ એકનિષ્ઠાથી અને સચ્ચાઇપૂર્વક જીવન વીતાવુ છું. અને તમારી નજરમાં જે સારું હોય તે જ કરતો રહ્યો છું.” પછી તે કટુતાપૂર્વક ખૂબ રડ્યો.

4 પછી યહોવાએ યશાયાને બીજો એક સંદેશો કહ્યો:
5 “તું પાછો જઇને હિઝિક્યાને કહે કે, આ તારા પિતૃ દાઉદના દેવ યહોવાના વચન છે; ‘મેં તારી પ્રાર્થના સાંભળી છે અને તારા આંસુ જોયાં છે. હું તારા આયુષ્યમાં પંદર વર્ષ વધારી આપીશ.
6 હું તને અને આ નગરને આશ્શૂરના રાજાના હાથમાંથી ઉગારી લઇશ.’ ”
7 યશાયાએ કહ્યું, “યહોવાએ જે વચન કહ્યાં છે, તે તે પૂરાં કરશે. તેની આ નિશાની છે:
8 જુઓ, આહાઝના છાયાયંત્ર પ્રમાણે એ સૂર્યના પડછાયાને દશ આંક પાછો હઠાવશે! અને તરત જ પડછાયો દશ આંક પાછો હઠી ગયો.”
9 હિઝિક્યા રાજાએ માંદગીમાંથી સાજા થયા પછી પોતાનો અનુભવ વિષે આ ગીત લખ્યું:

10 મને થયું હતું: મારા જીવનના મધ્યાહને જ મારે શેઓલને ધ્વારે
જવું પડે છે,
મારા આયુષ્યના શેષ વર્ષો્ કપાઇ જાય છે.
11 “હવે પછી કદી આ જીવલોકમાં હું યહોવાને જોવા નહિ પામું.
આ દુનિયામાં વસતા માણસને હું કદી નજરેય નહિ
નિહાળીશ.
12 મારા ડેરાંતંબુ સમેટી લેવામાં આવ્યા છે, જેમ કાપડને શાળ
પરથી કાપી નાખવામાં આવે છે તેમ,
મારો જીવનપટ કાપી નાખવામાં આવ્યો છે.

સમગ્ર દિવસ દરમ્યાન દેવ મને મારા જીવનના અંતની નજીક
અને નજીક લઇ આવે છે.
13 આખી રાત મેં કલ્પાંત કર્યુ છે;
જાણે સિંહોએ ફાડી મારા ટૂકડા કર્યા હોય,
સાંજ થાય ન થાય ત્યાં તો દેવ મારા જીવનનો અંત લાવશે.
14 ટિટોડીની જેમ હું ટળવળું છું,
હોલાની જેમ હું આક્રંદ કરું છું,
મારી આંખ નભ તરફ જોઇ જોઇ થાકી ગઇ છે!
હે યહોવા મારા માલિક,
હું મુશ્કેલીમાં છું,
તમે મને ઉગારી લેવાનું વચન આપો.”
15 હું શું કહું?
મારા માલિકને શું કહું?
તેણે જ આ કર્યુ છે,
મારા જીવની વેદનાને લીધે
હું આખી જીંદગી સુધી હળવે હળવે ચાલીશ.
16 હે મારા માલિક, એવાં વચનો વડે માણસો જીવન ધારણ કરે
છે.
હું કેવળ તારે માટે જ જીવીશ.
તેં મને સાજો કર્યો છે
અને જીવવા દીધો છે.

17 મારી બધી વેદના શમી ગઇ છે,
તેં પ્રીતિથી મારા જીવનને વિનાશની ગર્તામાંથી બચાવ્યું છે.
તેં મારા બધાં પાપોને
તારી પીઠ પાછળ નાખી દીધાં છે.
18 જેઓ પહોંચી ગયા છે મૃત્યુલોકમાં,
નથી કરી શકતાં ગુણગાન તેઓ તારા.
જેઓ શેઓલમાં પહોંચી ગયા છે
તેઓ તારા વચન પર વિશ્વાસ રાખી શકતા નથી.
19 હું આજે કરું છું તેમ, જીવંત, હા,

ફકત જીવંત વ્યકિત તારી સ્તુતિ કરી શકે છે.
વડવાઓ પોતાના સંતાનોને તેં પાળેલા વચન અને વિશ્વાસુપણાની વાત કરે છે.
20 “યહોવા મને તમે બચાવી લીધો છે,
તેથી જીવનભર અમે તારા મંદિરમાં, વીણા વગાડતાં વગાડતાં ગીતો ગાઇશું.”

21 યશાયાએ કહ્યું હતું, “અંજીરીમાંથી લેપ બનાવી તેના ગૂમડા
પર લગાવો, એટલે તે સાજો થશે.”
22 વળી હિઝિક્યાએ પૂછયું હતું, “હું યહોવાના મંદિરમાં જઇશ
તેની કઇ નિશાની યહોવા આપશે?”

# 39

## બાબિલમાંથી આવેલા કાસદો

1 આ અરસામાં બાલઅદાનનો પુત્ર મેરોદાખ-બાલઅદાન
બાબિલનો રાજા હતો. થોડા સમય પછી તેણે હિઝિક્યા
પર પોતાની શુભેચ્છાઓ તથા ઉપહારો મોકલાવ્યાં. હિઝિક્યા
મરણતોલ માંદગીમાંથી સાજો થયો છે તેવા સમાચાર તેને મળ્યા
હતા.
2 હિઝિક્યા ખૂબ રાજી થયો અને તેમને પોતાનો આખો ભંડાર
તેમાંના સોનું ચાંદી, સુગંધી દ્રવ્યો અને મૂલ્યવાન તેલથી ભરેલો
ખજાનો બધું જ બતાવ્યું તેના મહેલમાં કે આખા રાજ્યમાં એવું
કશું જ બાકી રહ્યું નહોતું જે તેમને ન બતાવ્યું હોય.
3 ત્યારે પ્રબોધક યશાયાએ આવીને હિઝિક્યાને પૂછયું, “તે લોકો
શું કહે છે? તેઓ ક્યાંથી આવ્યા છે?”
હિઝિક્યાએ પ્રત્યુત્તર આપ્યો, “તેઓ દૂર દૂરના દેશ બાબિલથી
આવ્યા છે.”
4 યશાયાએ પૂછયું, “એ લોકોએ તારા મહેલમાં શું શું જોયું?”
હિઝિક્યાએ કહ્યું, “તે લોકોએ મારા મહેલમાં સર્વસ્વ જોયું છે.
મારા ભંડારમાં એવું કશું જ નથી જે મેં એમને ન બતાવ્યું હોય.”

5 ત્યારે યશાયાએ કહ્યું, “સૈન્યોના દેવ યહોવાનાં વચન સાંભળ,
તે કહે છે:
6 ‘એવો વખત આવી રહ્યો છે કે જ્યારે તારા મહેલમાંનુ બધું
જ, તારા વડવાઓએ આજ સુધી જે કઇ ભેગું કર્યુ છે તે બધું
જ, બાબિલમાં લઇ જવાશે, કશું જ બાકી નહિ રહે.’
7 અને તારા પોતાના જ પુત્રોને લઇ જઇને બાબિલના રાજાના
મહેલમાં નોકરો-ખોજાઓ બનાવવામાં આવશે.”
8 હિઝિક્યાએ કહ્યું, “તમે યહોવાના જે વચનો સંભળાવ્યાં તે
સારાં છે.” તેણે વિચાર્યુ કે, “હું જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી તો
શાંતિ અને સુરક્ષા કાયમ રહેશે ને!”

# 40

### દિલાસાના શબ્દો

1 તમારા દેવની આ વાણી છે:
“દિલાસો, હા, મારા લોકોને દિલાસો આપો.
2 યરૂશાલેમ, સાથે સૌમ્યતાથી વાત કરો,
તેને જણાવો કે તેના દુ:ખના દહાડા પૂરા થયા છે,
તેના પાપનું પ્રાયશ્ચિત પૂરું થયું છે,
તેણે યહોવાના હાથે તેના બધા દોષોની
બમણી સજા મેળવી છે.”
3 કોઇનો સાદ સંભળાય છે:
“મરુભૂમિમાં યહોવાને માટે રસ્તો તૈયાર કરો;
આપણા દેવને માટે રણમાં સીધો અને સપાટ રાજમાર્ગ
બનાવો.
4 બધી ખીણોને પૂરી દો અને બધા પર્વતો
અને ડુંગરોને સપાટ બનાવી દો.
ખરબચડી જમીનને સરખી બનાવી દો.
અને ખાડા-ટેકરાને સપાટ મેદાન બનાવી દો.
5 પછી યહોવાનો મહિમા પ્રગટ થશે
અને સમગ્ર માનવજાત તે જોવા પામશે.
આ યહોવાના મુખના વચન છે.”

6 એક અવાજ કહે છે, “સાદ પાડ.”
હું પૂછું છું, “શો સાદ પાડું?”
જવાબ મળે છે, “સર્વ મનુષ્ય ઘાસ જ છે,
ને તેમનું સર્વ સૌંદર્ય ખેતરના ફૂલ જેવું છે:
7 દેવના શ્વાસથી ઘાસ ચીમળાઇ જાય છે
અને ફૂલો કરમાઇ જાય છે;
નાશવંત માનવી પણ તેના જેવો જ છે.
8 ઘાસના તણખલાં વચન સૂકાઇ જાય છે, ફૂલો કરમાઇ જાય છે,
પણ આપણા દેવનું વચન સદાકાળ સુધી કાયમ રહે છે.”

## તારણ: દેવના શુભ સમાચાર

9 હે સિયોનને માટે શુભ સમાચાર લાવનારા!
તું પર્વતની ટોચે ચઢી જા, મોટા સાદે પોકાર કર!
હે યરૂશાલેમ માટે શુભ સમાચાર લાવનારા લોકો,
તમારાં અવાજ ઊંચા કરો, ગભરાશો નહિ,
યહૂદીયાના નગરોને કહો,
“આ તમારા દેવ છે!”
10 જુઓ, મારા માલિક યહોવા તેમના પૂરા સાર્મથ્ય સહિત પધારે છે,
તે પોતાના મજબૂત હાથથી દરેકને પોતાના શરણે આવવા માટે દબાણ કરે છે.
તે તેની પ્રજાને વળતર તરીકે પોતાની સાથે લાવે છે,
અને આ પ્રજા જે તેના કામનો બદલો છે, તેઓ તેની આગળ ચાલે છે.
11 તે ગોવાળની જેમ પોતાના ટોળાંનું પાલન કરે છે;
તે પોતાના હાથમાં હલવાનોને ઊંચકી લેશે
અને વિયાએલી ઘેટીઓને હળવે હળવે દોરી જશે.

## દેવે દુનિયા બનાવી તે તેનો શાસનકર્તા છે

12 સમુદ્રના જળને ખોબામાં લઇને કોણે માપ્યાં છે
અને આકાશને કોણે પોતાના વેંતથી માપ્યું છે?
સમગ્ર પૃથ્વીનું તથા પર્વતો

અને ટેકરીઓનું વજન ત્રાજવાના પલ્લામાં કોણે તોળ્યુ છે?
13 યહોવાના આત્માનો તાગ કોણે મેળવ્યો છે?
કોણે તેમને સલાહ આપી છે?
14 કોણ તેમને શીખવી શકે કે સલાહ આપી શકે?
શું તેમને કોઇ વ્યકિત સલાહ આપે તે ઉચિત છે?
શું યોગ્ય છે અને શ્રેષ્ઠ શું છે
તે જાણવા કોઇના સૂચનની શું તેમને જરૂર છે?
15 અરે, એમને મન પ્રજાઓ તો ડોલમાંથી ટપકતાં પાણીના ટીપા સમાન છે,
ત્રાજવાને ચોંટેલી રજ બરાબર છે.
ટાપુઓ ધૂળના કણ જેવા હલકા છે.
16 આખો લબાનોન પર્વત એના યજ્ઞ માટે
પૂરતાં લાકડાં કે હોમવા માટે
પુરતાં પશુઓ પૂરાં પાડી શકે એમ નથી.
17 તેમની આગળ બધી પ્રજાઓ કશી વિસાતમાં નથી,
તેમને મન એ બધી નહિવત, શૂન્યવત છે.

## દેવ શું છે લોકો કલ્પના પણ નથી કરી શકતા

18 તો તમે દેવની તુલના શાની સાથે કરશો?
તમે તેમનું વર્ણન કઇ રીતે કરી શકશો?
19 શું મૂર્તિની સાથે?
મૂર્તિને તો કારીગર ઢાળે છે,
સોની સોનાના પતરાથી મઢે છે
અને રૂપાના હાર ચઢાવે છે.
20 નિર્ધન માણસ તેના અર્પણ તરીકે
લાકડું પસંદ કરે છે તે સડતું નથી,
પછી તે કુશળ કારીગર પાસે એવી મૂર્તિ બનાવડાવે છે
જે પોતાની જગાએથી પડે નહિ કે હાલી પણ શકે નહીં.
21 શું તમે અજ્ઞાત છો?
તમે સાંભળ્યું નથી?
તમને અગાઉથી કહ્યું નહોતું?

પૃથ્વીનો પાયો કોણે નાખ્યો એ તમને ખબર નથી?
22 તે તો સૃષ્ટિના નભોમંડળ પર બિરાજમાન એવા દેવ છે.
એની નજરમાં તો પૃથ્વી પરના લોકો ક્ષુદ્ર કીડી જેવા છે!
તેમણે આકાશને ચંદરવાની જેમ ફેલાવ્યું છે,
અને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું છે.
23 તે જગતનો ન્યાય કરે છે, તે પૃથ્વીના અધિપતિઓને વિસાત વિનાના કરી દે છે
અને જગતના રાજકર્તાઓને શૂન્યમાં મેળવી દે છે.
24 હજી હમણાંજ માંડ રોપાયા હોય.
માંડ વવાયા હોય.
માંડ તેમણે ધરતીમાં મૂળ નાખ્યાં હોય,
ત્યાં તો તેમના પર તેઓ ફૂંક મારે છે અને તેઓ કરમાઇ જાય છે;
વાવાઝોડું આવી તેમને તરણાંની જેમ ઘસડી જાય છે.
25 વળી પવિત્ર યહોવા પૂછે છે, "તમે મારી સરખામણી કોની સાથે કરશો?
મારી બરોબરી કોણ કરી શકે છે?"

26 આકાશ તરફ ષ્ટિ કરો અને વિચારો કે
એ બધાં ગ્રહ નક્ષત્રોને કોણે સર્જ્યા છે?
જે તેમને લશ્કરની જેમ ગણી ગણીને લઇ આવે છે
અને એ બધાંને નામ દઇને બોલાવે છે તેનું સાર્મથ્ય એટલું પ્રચંડ છે,
તેની શકિત એટલી પ્રબળ છે કે
તેમાંનું કોઇ પણ હાજર થયા વગર રહેતું નથી.

27 તો પછી હે યાકૂબ તું શા માટે ફરિયાદ કરે છે,
હે ઇસ્રાએલ! તું શા માટે કહે છે કે,
"મારા માર્ગની યહોવાને ખબર નથી,
હું ન્યાય માગું છું તેના પર એ ધ્યાન આપતા નથી?"

28 શું તમે હજુ પણ સમજતાં નથી?
હજુ પણ તમે એ જાણી શક્યા નથી કે
યહોવા તે સનાતન દેવ છે,
તે આ વિશાળ વિશ્વના સર્જનહાર છે,
એ કદી થાકતા નથી કે હારતા નથી;
તેના જ્ઞાનનો તાગ કોઇ પામી શકે તેમ નથી.
29 તે થાકેલા તથા નિર્ગત થયેલાંને પુષ્કળ જોર
અને નિર્બળને બળ આપે છે.
30 તરુણો કદાચ થાકીને હારી જાય,
ભરયુવાનીમાં આવેલા પણ લથડીને પટકાઇ પડે,
31 પરંતુ યહોવા પર વિશ્વાસ રાખનારાઓને નવું બળ મળી રહે છે.
તેઓ ગરૂડના જેવી પાંખો ઉપર ઊડે છે;
તેઓ દોડે છે પણ થાકતા નથી, તેઓ આગળ ને આગળ ધપતા રહે છે,
કદી હારતા નથી કે નથી નિર્ગત થતા.

# 41

## ઇસ્રાએલને દેવની સહાય

1 યહોવા પૂછે છે,
“સમુદ્રની પેલે પારના દેશો,
મારી આગળ મૌન જાળવો, સાંભળો,
તમારી સબળ દલીલો રજૂ કરો, સજ્જ થાઓ,
મારી પાસે આવો અને બોલો,
અદાલત તમારા પ્રશ્ર્ન માટે તૈયાર છે.
2 પૂર્વમાંથી આ વ્યકિતને કોણે ઊભી કરી છે,
જેને પગલે પગલે વિજય મળે છે?
તેને ઊભો કરનાર બીજો કોઇ નહિ પણ યહોવા પોતે જ છે.
એમની તરવારથી તેઓ રજકણની જેમ વેરાઇ જાય છે.
અને એનાં ધનુષ્યથી તેઓ તરણાંની જેમ ઊડી જાય છે.
3 તે તેઓને પીછો પકડે છે;
અને રોકાયા વગર આગળ વધે છે

એના પગ ધરતીને તો અડતા સુદ્ધાં નથી.
4 આરંભથી આ બધું કરાવનાર કોણ છે?
અનાદિકાળથી માનવજાતના સર્વ વ્યવહારને માર્ગદર્શન આપીને
આ સર્વ પરાક્રમી કાર્યો કરનાર કોણ છે?
એ હું યહોવા છું,
હું પહેલો હતો
અને છેલ્લો પણ હું જ છું.
5 સમુદ્રની પેલે પાર દૂર દેશાવરના લોકો
મારા કાર્યો જોઇને ભયભીત થઇ ગયા,
પૃથ્વી એક છેડાથી બીજા છેડા સુધી ધ્રૂજી ઊઠી.
બધા ભેગા થઇને આવ્યા.

6 “દરેક જણે પોતાના પડોશીને મદદ કરી અને પોતાના ભાઇઓને
ઉત્તેજન આપ્યું.
7 સુથાર સોનીને ઉત્તેજન આપે છે, હથોડીથી મૂર્તિને લીસી
બનાવનાર એરણ પર ઘણ મારનારને ઉત્તેજન આપે છે, તેઓએ
કહ્યું, ‘સાંધો મજબૂત થયો છે.’ તે ખીલા સાથે મૂર્તિને એવી જડે
છે કે પડી ન જાય.”

### યહોવા જ આપણને બચાવી શકે છે

8 “પણ ઇસ્રાએલ, તું તો મારો સેવક છે,
યાકૂબ, મેં તને પસંદ કર્યો છે,
તું મારા મિત્ર ઇબ્રાહિમના કુળનો છે.
9 મેં તને ધરતીને છેડેથી ઉપાડી લીધો છે,
અને દૂર દૂરના ખૂણેથી
તને બોલાવ્યો છે.
મેં તને મારો સેવક કહ્યો છે,
‘મેં તને પસંદ કર્યો છે,’
તારો ત્યાગ કર્યો નથી.
10 તું ગભરાઇશ નહિ, કારણ કે હું તારી સાથે જ છું.
તું નાહિંમત થઇશ નહિ, હું તારો દેવ છું,

હું તને બળ આપીશ, તને મદદ કરીશ;
હું મારા વિજયવંત જમણા બાહુ વડે તને ટેકો આપીશ.
11 હવે તમારા પર ગુસ્સે થનારાં સર્વ સૈન્યો વિમાસણમાં પડ્યા છે
અને વિખેરાઇ ગયા છે.
જે કોઇ તમારો વિરોધ કરશે તે મૃત્યુ પામશે.
12 તમારી સાથે યુદ્ધે ચડનારા સૌ કોઇ નાશ પામશે,
અને શૂન્યમાં મળી જશે.
તેઓની શોધ કરશો તો પણ તેઓ તમને જડશે નહિ;
કોઇનું નામનિશાન નહિ રહે.
13 હું તારો દેવ યહોવા તારો જમણો હાથ પકડું છું અને કહું છું,
ડરીશ નહિ, હું તારી મદદમાં છું.
14 હે ઇસ્રાએલ, તું જેમ નબળો થઇ ગયો છે,
છતાં તું ગભરાઇશ નહિ,
કારણ કે હું તને મદદ કરીશ."

હું તમારો યહોવા, તમારો તારક છું;
હું ઇસ્રાએલનો પવિત્ર દેવ છું.
15 "જો હું તને દાણાંના ફોતરાં છૂટાં પાડવાનાં
તીક્ષ્ણ દાંતાવાળા નવા સાધનમાં ફેરવી નાખીશ,
તું પર્વતોને અને ટેકરીઓને રોળીને ભૂકો કરી નાખશે.
16 તું તેઓને ઊપણશે; વાયુ તેઓ સર્વને ઉડાડી મૂકશે
અને વાવાઝોડું તેઓને વિખેરી નાખશે.
પરંતુ તું યહોવાના આનંદથી ભરપૂર થશે;
ઇસ્રાએલના પવિત્ર દેવનાં પ્રતાપે તું આનંદ અને ગૌરવ અનુભવીશ.

17 "દુઃખી અને દરિદ્રીઓ પાણી શોધશે,
પણ મળશે નહિ,
તેઓની જીભો તરસથી સુકાઇ જશે.

ત્યારે તેઓ મને પોકાર કરશે અને હું તેમનો પોકાર સાંભળીશ;
હું ઇસ્રાએલનો દેવ, તેમનો ત્યાગ નહિ કરું.
18 હું તેઓને માટે ઉજ્જડ ડુંગરોમાં નદીઓ વહેવડાવીશ
અને ખીણોની વચ્ચે ઝરણાં આપીશ!
અરણ્યમાં પાણીના સરોવરો થશે
અને સૂકી ધરતીમાં ઝરા વહેવા માંડશે.
19 હું અરણ્યમાં દેવદાર ઉગાડીશ; બાવળ, મેંદી અને જૈતૂન ઉગાડીશ.
વળી હું રણ પ્રદેશમાં ભદ્રાક્ષો, સરળ અને સરુના ઝાડ ભેગાં ઉગાડીશ.
20 પ્રત્યેક વ્યકિત આ ચમત્કાર જોશે
અને કબૂલ કરશે કે,
ઇસ્રાએલના પવિત્ર દેવે
એને ઉત્પન્નકર્યુ છે."

## યહોવાની ખોટા દેવોને ચેતવણી

21 યહોવા, યાકૂબના મહાન રાજા કહે છે, "તમારા કિસ્સાની
રજૂઆત કરો! તમારો ઉત્તમ બચાવ રજૂ કરો!
22 તમારી મૂર્તિઓ બહાર લઇ આવો અને તેમને કહેવા દો કે
ભવિષ્યમાં શું બનવાનું છે, ભૂતકાળના બનાવોનો અર્થ સમજાવો,
જેથી અમે તેનો વિચાર કરી શકીએ.
23 હા, જો તમે દેવ હો તો આવનાર દિવસોમાં શું બનવાનું છે
તે કહો! અથવા કંઇક એવું કરીને અમારા પર પ્રભાવ પાડો જે
ઉપયોગી હોય અથવા નુકશાનકારક હોય.
24 "પણ ના, તમારી કશી વિસાત જ નથી! તમે શું ધૂળ
કરવાના હતાં! જે તમને પૂજે છે તે પણ તમારા જેવો જ કેવળ
ધિક્કારપાત્ર છે!"

## ફકત યહોવા જ દેવ છે

25 "હું એક જણને ઉત્તરમાંથી બોલાવી લાવ્યો
અને તે આવ્યો;
પૂર્વમાંથી તે મારા નામે બોલાવે છે,

અને કોઇ કુંભાર માટીનો ઢગલો ખૂંદતો હોય એમ
તે રાજકર્તાઓને ખૂંદતો આવશે."

26 "મારા સિવાય તમને કોણે કહ્યું હતું કે આ પ્રમાણે થશે?
બીજા કોણે અગાઉથી કહ્યું હતું કે આમ થવાનું છે
જેથી આપણે એમ કહી શકીએ કે તેઓ સાચા હતાં?
કોઇએ તેમ કહ્યું નહોતું!
તેઓએ તો આના વિષે સાંભળ્યું પણ નહોતું!
27 મેં યહોવાએ જ સિયોનને શુભસમાચાર મોકલ્યા હતા કે,
'જુઓ! જુઓ! હું યરૂશાલેમને વધામણી કહેનાર મોકલી આપીશ.' "

28 પણ જ્યારે તમારી મૂર્તિઓ વચ્ચે જોયું,
ત્યાં કોઇ સલાહકાર નથી,
કોઇપણ નહિ જે હું જ્યારે સવાલ પૂછું ત્યારે જવાબ આપી શકે.
મેં પ્રશ્ન કર્યો ત્યારે તેમના એક
પણ દેવે પ્રત્યુત્તર આપ્યો નહિ.
29 તેઓ સર્વ સાચે જ વ્યર્થ છે; જુઓ, એ દેવો કેવા નકામા છે!
એમનાં કામોમાં કોઇ ભલીવાર નથી;
તેમની મૂર્તિઓ તો ખાલી હવા છે.

# 42

### યહોવાનો સેવક

1 યહોવા કહે છે, "જુઓ, આ મારો સેવક છે,
જેનો મેં હાથ જાલ્યો છે,
એ મારો પસંદ કરેલો છે,
જેના પર હું પ્રસન્ન છું,
એનામાં મેં મારા આત્માનો સંચાર કર્યો છે,
અને તે જગતના સર્વ લોકોમાં ન્યાયની આણ વર્તાવશે.

2 તે પોતાનો સાદ ઊંચો કરશે નહિ,
અને શેરીઓમાં ચોરેચૌટે ઝઘડા કરી
બૂમરાણ મચાવશે નહિ.
3 તે ઊઝરડાયેલા બરુને ભાંગી નાખે નહિ
કે મંદ પડેલી વાટને હોલાવી નાખે નહિ,
તે નિષ્ઠાપૂર્વક ન્યાયની આણ વર્તાવશે.
4 તે નબળો નહિ પડે કે હારશે નહિ,
જ્યાં સુધી સમગ્ર પૃથ્વી ઉપર ન્યાયીપણું સ્થપાશે નહિ
અને જ્યાં સુધી કિનારાના દેશો તેના કાયદાની પ્રતિક્ષા કરશે."

## યહોવા સૃષ્ટિનો શાસનકર્તા અને સર્જનહાર છે

5 જે યહોવા દેવે આકાશોને ઉત્પન્ન કરીને ફેલાવ્યા છે, પૃથ્વી
તથા તેમાંની વનસ્પતિથી ધરતીને વિસ્તારી છે અને એના ઉપર
હરતાંફરતાં સર્વમાં શ્વાસ અને પ્રાણ પૂર્યા છે તે દેવ યહોવાની આ
વાણી છે.

6 "હું યહોવા છું, તારો હાથ હું પકડી રાખીશ,
હું તારું રક્ષણ કરીશ અને મદદ કરીશ,
કારણ કે મારા લોકોની સાથે કરેલા મારા કરારને અંગત સમર્થન
આપવા મેં તને તેઓ પાસે મોકલ્યો છે.
લોકોને મારી તરફ દોરી લાવનાર પ્રકાશ પણ તું જ થશે.
7 તારે અંધજનોની આંખો ઉઘાડવાની છે.
અને અંધકારમાં સબડતાં કેદીઓને
કારાગારમાંથી બહાર કાઢવાના છે.

8 "હું યહોવા છું,
એ જ મારું નામ છે,
હું મારો મહિમા બીજા જૂઠા
દેવોને નહિ લેવા દઉં,
તેમ મારી સ્તુતિ હું કંડારેલી
મૂર્તિઓને નહિ લેવા દઉં.
9 મેં આપેલી દરેક ભવિષ્યવાણી સત્ય પૂરવાર થઇ છે

અને હું ફરીથી નવી ઘટનાઓની ભવિષ્યવાણી ભાખું છું.
તે ઘટનાઓ ભવિષ્યમાં બને તે પહેલાં
હું તે તમને જણાવું છું.”

### દેવની સ્તુતિ

10 યહોવા સમક્ષ નવું ગીત ગાઓ:
સમગ્ર પૃથ્વી તેના સ્તુતિગાનથી ગાજી ઊઠો!
હે સાગરખેડુઓ અને સાગરના સૌ જીવો,
હે દરિયા કિનારાના પ્રદેશના રહેવાસીઓ,
તેની સ્તુતિ ગાઓ!
11 અરણ્યના નગરો, હે કેદારવંશી રણવાસીઓ
અને સેલાના રહેવાસીઓ,
આનંદથી પોકારી ઊઠો!
પર્વતો પરથી હર્ષનાદ કરો!
12 પશ્ચિમના દરિયાકાંઠે રહેનારા લોકો, તમે યહોવાનો મહિમા કરો.
સૌ તેમના પરાક્રમી સાર્મથ્યનાં ગીત ગાઓ.
13 યહોવા શૂરવીરની જેમ યુદ્ધને ઝનૂને ચડીને ધસી જાય છે;
તે ગર્જના કરે છે,
યુદ્ધનાદ જગાવે છે
અને પોતાના દુશ્મનોને પોતાનું પરાક્રમ બતાવશે.

### દેવ સહનશીલતા રાખે છે

14 યહોવા કહે છે, “લાંબા વખત સુધી હું શાંત રહ્યો છું,
મેં મૌન જાળવ્યું છે અને હું ગમ ખાઇ ગયો છું,
હવે હું પ્રસવ વેદનાથી પીડાતી સ્ત્રીની જેમ બૂમો પાડી ઊઠીશ;
હું ઊંડા શ્વાસ લઇશ.
15 હું પર્વતો અને ડુંગરોને ભોંયભેગા કરી નાખીશ,
તેમની બધી લીલોતરીને ચિમળાવી દઇશ;
હું નદીઓનાં ભાઠાં બનાવી દઇશ
અને તળાવોને સૂકવી નાખીશ.
16 પછી હું આંધળાઓને દોરીશ,
એવા રસ્તે ચલાવીશ જેની તમને ખબર નથી.

તેમની આગળ હું અંધકારને પ્રકાશમાં ફેરવી નાખીશ.
અને ખરબચડા રસ્તાને સીધા બનાવી દઇશ.
આ બધું હું કરીશ.
અને કશું બાકી નહિ રાખું.
17 પરંતુ જેઓ મૂર્તિઓમાં વિશ્વાસ રાખે છે
અને તેઓને દેવ તરીકે માને છે,
તેઓ મોટી નિરાશામાં આવી પડશે,
તેઓને હાંકી કાઢવામાં આવશે."

## ઇસ્રાએલે દેવનું ના સાંભળ્યું

18 યહોવા કહે છે, "હે બહેરા માણસો,
સાંભળો! હે આંધળા માણસો, જુઓ!
19 મારા સેવક જેવું આંધળું કોણ છે?
મારા સંદેશવાહક જેવું બહેરું કોણ છે?
મારા નક્કી કરેલા
એક યહોવાના સેવક જેવું આંધળું કોણ છે?
20 તે જુએ છે ઘણું પણ,
કંઇ યાદ રાખતો નથી;
તેના કાન ખુલ્લા છે,
પણ તે કંઇ સાંભળતો નથી."
21 યહોવાએ પોતાના નિયમ્ શાસ્ત્રને મહાન અને સાચે જ મહિમાવંત બનાવ્યા છે.
પોતે ન્યાયી છે તે આખા જગતને દર્શાવવા તેમણે તેનું આયોજન કર્યુ છે.
22 તેમ છતાં એ પ્રજા
એવી નીકળી કે લૂંટાઇ ગઇ,
એનું બધું હરાઇ ગયું;
એ બધા ફસાઇ ગયા છે
અને કારાગારમાં પૂરાયા છે,
તેમને છોડાવનાર કોઇ નથી,
તેઓ લૂંટાઇ ગયા છે
"છતાં પાછું આપો" કહેનાર પણ કોઇ નથી.

23 તમારામાંથી કોઇ મારી વાત ધ્યાનથી સાંભળે એમ છે? કોણે
ઇસ્રાએલીઓને લૂંટારાઓને સોંપી દીધા! શું એ યહોવા નહોતા?
તેમણે યહોવાનો ગુનો કર્યો હતો, તેઓ તેમના માગેર્ જવા માગતા
નહોતા, તેના નિયમોનું પાલન કરવાની ના પાડતા હતા.
24 કોણે યાકૂબને લૂંટારાઓને સુપ્રત કર્યો છે, તથા ઇસ્રાએલને
લૂંટનારાઓને સ્વાધીન કર્યો છે? જે યહોવાની વિરુદ્ધ આપણે
પાપ કર્યું છે તેમણે શું એમ કર્યું નથી? તે લોકો તેમના માગેર્
ચાલવા રાજી નહોતા. તેથી તેમણે તેમના નિયમશાસ્ત્રને પણ
ધ્યાનમાં લીધા નહિ,
25 માટે તેમણે એમના ઉપર પોતાનો ક્રોધાગ્નિ વરસાવ્યો અને
યુદ્ધની આફત ઉતારી, તેઓ અગ્નિની જવાળાઓથી ઘેરાઇ ગયા
હતા છતાં સમજ્યા નહિ, દાઝયા હતા છતાં ચેત્યા નહીં અને
બળી મર્યા.

# 43

## યહોવાનું અભયદાન

1 પણ હવે, હે યાકૂબ તારો સર્જનહાર અને ઇસ્રાએલના ઘડવૈયા
યહોવા તને કહે છે, “ડરીશ નહિ, હું તારો ઉદ્ધાર કરીશ, મેં તને
તારું નામ દઇને બોલાવ્યો છે અને તું મારો પોતાનો છે.
2 જ્યારે તું અગાધ જળમાં થઇને પસાર થતો હશે, ત્યારે હું
તારી સાથે રહીશ, તું નદીમાં થઇને જતો હશે, ત્યારે તેના વહેણ
તને તાણી નહિ લઇ જાય, અગ્નિમાં થઇને તું ચાલશે તો તું દાઝી
નહિ જાય; જવાળાઓ તને બાળશે નહિ.
3 કારણ કે હું યહોવા તારો દેવ છું, હું ઇસ્રાએલનો પવિત્ર
યહોવા છું, હું ઇસ્રાએલનો પવિત્ર યહોવા તારો ઉદ્ધારક છું, તારી
મુકિતના બદલામાં મેં મિસર આપ્યો છે, તારે બદલે કૂશ તથા સબા
આપ્યાં છે.
4 મેં તારે માટે થઇને બીજા બધાં લોકોને વિનિયોગ કર્યો છે,
કારણ કે મારી ષ્ટિમાં તું મૂલ્યવાન અને સન્માનપાત્ર છે, મેં તારા
પર પ્રીતિ કરી છે.

5 “તું ડરીશ નહિ, હું તારી સાથે છું. હું તારા લોકોને પૂર્વમાંથી
અને પશ્ચિમમાંથી લઇ આવી ઘરભેગા કરીશ.
6 હું ઉત્તરને કહીશ, તેમને જવા દે અને દક્ષિણને કહીશ, તેમને
રોકતો નહિ. મારા પુત્ર-પુત્રીઓને દૂર દૂરથી ઠેઠ ધરતીને છેડેથી
પાછા લાવો.
7 એ બધાં મારે નામે ઓળખાય છે, એમને બધાંને મેં મારો
મહિમા ગાવા માટે સર્જ્યા છે, ઘડ્યા છે, નિર્માણ કર્યા છે.”
8 યહોવા કહે છે, “આ પ્રજા, જે આંખો હોવા છતાં દેખતી
નથી, કાનો હોવા છતાં સાંભળતી નથી, તેને સામે લાવો.
9 બધી પ્રજાઓ ભેગી થઇ જાઓ. તેમના દેવોમાંથી આ
બધું પહેલેથી કહ્યું હતું, અથવા જે ઘટનાઓ બની ચૂકી છે તેની
આગાહી કરી હતી! તેઓ પોતાનો દાવો પૂરવાર કરવા સાક્ષીઓ
રજૂ કરે છે, જેઓ એમની વાત સાંભળીને કહે કે, આ સત્ય છે.”
10 યહોવા કહે છે, “તું મારો સાક્ષી છે, તું મારો સેવક છે,
હું જેને મેં પસંદ કર્યો છે, જેથી તું જાણી શકે અને મારા પર
વિશ્વાસ મૂકી શકે અને સમજી શકે કે ફકત હું જ દેવ છું.
11 હું, હું જ યહોવા છું; અને મારા સિવાય કોઇ તમારો ઉદ્ધાર
કરી શકે તેમ નથી;
12 આગાહી કરનાર હું જ છું, ઉદ્ધારક હું જ છું, નહિ કે
તમારામાંનો કોઇ વિધમીર્ દેવ, તમે મારા સાક્ષી છો અને હું જ
દેવ છું” યહોવા કહે છે,
13 “હું જ દેવ છું, છેક સૃષ્ટિના સર્જન પહેલાના કાળથી હું જ
દેવ છું. મારા હાથમાંથી કોઇ છોડાવી શકે તેમ નથી; હું જે કાઇં
કરું છું તેને કોઇ રોકી શકતું નથી.”
14 યહોવા, તમારો તારક, ઇસ્રાએલનો પવિત્ર દેવ કહે છે:
“તમારી માટે હું બાબિલ સામે લશ્કર મોકલીશ, તેના કારાવાસના
સળિયાઓને હું ભોંય પર ઢાળી દઇશ અને તેમનો વિજયનાદ
આક્રંદમાં ફેરવાઇ જશે.
15 હું યહોવા છું, તમારો પરમપવિત્ર દેવ છું, ઇસ્રાએલનો
સર્જનહાર અને તમારો રાજા છું.”

## યહોવા ફરી પોતાના લોકોને બચાવશે

16 ભૂતકાળમાં યહોવાએ સમુદ્રમાં થઇને માર્ગ કર્યો હતો,
ધસમસતા જળમાં રસ્તો કર્યો હતો;
17 "તે રથને અને ઘોડાને, અને સમગ્ર યોદ્ધાઓના સૈન્યને બહાર
દોરી ગયો. બધાજ ઢળી પડ્યા, પાછા બેઠા થવા પામ્યા નહિ,
તેઓ સૌ ઓલવાઇ ગયા, તેઓ વાટની જેમ ઓલવાઇ ગયા.
18 પરંતુ હવે તે સર્વ ભૂતકાળનું સ્મરણ કરવાની જરૂર નથી.
પહેલાં મેં જે કર્યુ હતું તેનો વિચાર ન કરો.
19 કારણ કે હું એક નવું કામ કરવાનો છું. જુઓ, મેં તેમની
શરૂઆત કરી દીધી છે! શું તમે જોઇ શકતા નથી? મારા લોકો
માટે અરણ્યમાં હું માર્ગ તૈયાર કરીશ અને રાનમાં તેઓને માટે
નદીઓ ઉત્પન્ન કરીશ!
20 જંગલી પ્રાણીઓ, વરુઓ અને શાહમૃગો સુદ્ધાં મને માન
આપશે, કારણ, હું મરુભૂમિમાં પાણી પૂરું પાડીશ. સૂકા રણમાં
નદીઓ વહેવડાવીશ, જેથી મારા પસંદ કરેલા લોકો પાણી પીવા
પામે.
21 એ લોકોને મેં મારે માટે બનાવ્યા છે, તેથી તેઓ મારી સ્તુતિ
જાહેર કરશે."

22 યહોવા કહે છે, "હે ઇસ્રાએલીઓ, તમે મને વિનંતી કરતાં
નથી, તમે તો મારાથી કંટાળી ગયા છો!
23 તમે મને દહનાર્પણ તરીકે ઘેટાંને અર્પણ કર્યા નથી; તમે
યજ્ઞોથી મારો આદર કર્યો નથી. મેં કંઇ બહુ ભારરુંપ યજ્ઞો માગ્યા
નહોતા કે તમને મારા માટે ધૂપ પેટાવવા માટે દબાણ કર્યું નહોતું.
24 તમે કઇ મારે માટે ધૂપસળી પાછળ પૈસા ર્ખચ્યા નથી કે
મને બલિદાનોની ચરબીથી તૃપ્ત કર્યો, તમે તો કેવળ પાપ અર્પણ
કર્યા છે, અને તમારા એ અન્યાયોથી હું થાકી ગયો છું.

25 "હા, હું એ જ છું, હું એકલો જ મારા પોતાના નામની માટે
તમારાં સર્વ પાપ ભૂંસી નાખું છું અને ફરીથી કદી હું તેનું સ્મરણ
કરતો નથી.

26 ઓ ઇસ્રાએલીઓ, આપણે સાથે ન્યાયાલયમાં જઇએ, મારા
પરનો તમારો આરોપ રજૂ કરો, તમારી દલીલો રજૂ કરીને તમારી
નિદોર્ષતા સાબિત કરો.
27 તમારા આદી પુરુષે મારી વિરુદ્ધ પાપ કર્યુ હતું. તમારા
પ્રબોધકો અને યાજકોએ મારી સામે બળવો કર્યો હતો,
28 આ કારણે જ મેં તમારા અભિષિકત સરદારોને ષ્ટ કર્યા છે,
ને યાકૂબ શાપરૂપ તથા ઇસ્રાએલને નિંદાપાત્ર કર્યા છે, અને તેમને
વિનાશને માગેર્ મોકલ્યા છે."

# 44

## મૂર્તિપૂજા પર પ્રહાર - દેવ માત્ર એક

1 યહોવા કહે છે, "હે યાકૂબ, મારા સેવક, ઇસ્રાએલ, મારા
પસંદ કરેલા, મને સાંભળ.
2 હું જ તારો સર્જનહાર છું, જ્યારથી તું જનમ્યો હતો ત્યારથી
હું તને મદદ કરી રહ્યો છું. હે યાકૂબ, મારા સેવક, મારા પસંદ
કરાયેલા યશુરૂન, હું તને આ કહું છું તું ભયભીત થઇશ નહિ.
3 "હું તમારી તરસ છીપાવવા ભૂમિ પર પુષ્કળ પાણી વરસાવીશ.
સૂકી ધરતી પર ઝરણાં વહાવીશ. તારી સંતતિ ઉપર હું મારી
શકિત ઉતારીશ. તારા વંશજો પર મારા આશીર્વાદ વરસાવીશ.
4 તેઓ વહેતાં ઝરણાંની ધારે પાણીમાં ઊગી નીકળતા ઘાસની
જેમ તથા નદી કાંઠે ઊગી નીકળતા નેતરના ઝાડોની જેમ વૃદ્ધિ
પામશે,
5 "તેથી તેઓ બધા પોતાને યહોવાના સેવક અને યાકૂબના
વંશજો તરીકે ઓળખાવવામાં ગૌરવ લેશે. તેઓ કહેશે કે તેઓ
યહોવાની માલિકીના છે અને 'ઇસ્રાએલીઓ' તરીકે ઓળખાય."
6 ઇસ્રાએલનો રાજા અને તેના ઉદ્ધારક સૈન્યોના દેવ યહોવા
આ પ્રમાણે કહે છે: "હું જ આદિ છું અને હું જ અંત છું; મારા
સિવાય કોઇ બીજો દેવ નથી.
7 આવનાર ભવિષ્યમાં શું બનશે તે વિષે તમને મારા સિવાય
કોણ કહી શકે છે? જો કોઇ કહી શકે તેમ હોય તો તેઓને

કહેવા દો અને તેઓનું પરાક્રમ સાબિત કરવા દો. પ્રાચીનકાળથી
જે પ્રમાણે મેં કર્યુ છે તેમ તેઓને કરવા દો.
8 “ઓ મારા લોકો, ગભરાશો નહિ, ડરશો નહિ, પ્રાચીનકાળથી
મેં એ બધું કહ્યું નથી? મેં જાહેર નથી કર્યુ? તમે મારા સાક્ષી
છો. મારા સિવાય અન્ય કોઇ દેવ છે? મારા સિવાય બીજો કોઇ
ખડક નથી.”

## ખોટાં દેવો નકામાં છે

9 જેઓ મૂર્તિ બનાવે છે તે બધા કેવા તુચ્છ છે? તેઓ જેને
મોંઘીમૂલી ગણે છે તે મૂર્તિઓ કશા કામની નથી, તેમના સાક્ષીઓ
કંઇ દેખતા નથી અને જાણતાં કંઇ નથી કે સાક્ષી આપી શકે.
એટલે આખરે એમની ફજેતી થાય છે.
10 કોણ દેવની મૂર્તિ બનાવશે જે તેને સહેજ પણ સહાય કરી
શકતી નથી?
11 જરા થોભો અને જુઓ આ સર્વ મૂર્તિઓની પૂજા કરનારા
ભેગા થશે અને તેમની ફજેતી થશે. અને મૂર્તિઓને ઘડનારા સર્વ
કારીગરો પણ માણસો જ છે. તેમને ભેગા થઇને મારી સામે
ઊભા તો રહેવા દો; બધા ધ્રુજી ઊઠશે અને ફજેત થશે.
12 લુહાર ધાતુને અગ્નિમાં તપાવીને હથોડાથી ટીપી ટીપીને ઘાટ
આપે છે. પોતાના બળવાન બાહુ વડે ઘડતાં ઘડતાં તે ભૂખ્યો થાય
છે અને થાકી જાય છે. ને તરસથી પાણી પીધા વિના નબળો
અને નિર્ગત થઇ જાય છે.
13 સુથાર લાકડા પર દોરી છાંટે છે, ચાકથી રૂપરેખા દોરે છે,
ફરસીથી કોતરી કાઢે છે, કંપાસથી માપ લે છે, તેને માણસોનો
આકાર આપે છે, પછી સુંદર મૂર્તિ બનાવી મંદિરમાં સ્થાપે છે.
14 માણસ જઇને એરેજવૃક્ષને કાપે છે, અથવા જંગલમાંથી
બીજું કોઇ વૃક્ષ પસંદ કરે છે, અથવા દેવદારનો રોપો રોપે છે જે
વરસાદ પડતાં મોટો થાય છે.
15 પછી તે લાકડાનો કેટલોક ભાગ બળતણ તરીકે પોતાને
હૂંફાળા બનાવવા માટે વાપરે છે અને તેના પર રોટલી શેકે છે.
બાકી રહેલા લાકડામાંથી તે પોતાને માટે દેવ બનાવે છે-લોકો ભકિત

કરી શકે માટે દેવ બનાવે છે! પગે લાગવા માટે તે મૂર્તિઓ ઘડે
છે.
16 અડધાં લાકડાને તે ઇંધણ તરીકે વાપરે છે, તેના પર તે માંસ
શેકે છે અને તૃપ્ત થાય ત્યાં સુધી ખાય છે, પોતાની જાતને તપાવે
છે અને કહે છે, "વાહ! કેવું સરસ તાપણું છે! હવે હૂંફ વળી."
17 બાકીના ભાગમાંથી તે કોઇ દેવની મૂર્તિ બનાવે છે, તેને પગે
લાગીને તેની પૂજા કરે છે, તે તેની પ્રાર્થના કરે છે અને કહે છે,
"મારો ઉદ્ધાર કરો, કારણ તમે મારા દેવ છો!"
18 એ લોકો કશું જાણતા નથી કે સમજતા નથી. એમની
આંખો પર અને ચિત્ત પર અજ્ઞાનના પડ જામ્યા છે એટલે એ
લોકો નથી કશું જોઇ શકતા કે, નથી કશું સમજી શકતા.
19 એવો માણસ કદી વિચાર કરતો નથી, "આ તો લાકડાંનો
ટુકડો છે! મેં તેને અગ્નિમાં બાળીને તાપણી કરી છે. અને રોટલી
તથા માંસ શેકવા તેનો ઉપયોગ કર્યો છે, તો પછી બાકી રહેલું
લાકડું તેનો દેવ કેવી રીતે બની શકે? તો શું મારે ફકત આ
લાકડાના ટુકડા આગળ નમવું જોઇએ?"
20 પોતાને મૂર્ખ બનાવનાર મનુષ્ય રાખ ખાવાનું ચાલુ રાખે છે;
તેના મિત ચિત્તે તેને ભમાવ્યો છે; તેનો ઉદ્ધાર થાય એમ નથી,
કારણ, તે એટલું પણ સમજતો નથી કે, "મારા જમણા હાથમાં
છે એ તો જૂઠી વસ્તુ છે."

### સાચા યહોવા દેવ ઇસ્રાએલના મદદગાર છે

21 યહોવા કહે છે, "હે યાકૂબ, આટલી વાતનું ધ્યાન રાખજે,
હે ઇસ્રાએલ, તું મારો સેવક છે.
મેં તને ઉત્પન્ન કર્યો છે,
અને હું તને મદદ કરવાનું ક્યારેય ભૂલી જઇશ નહિ.
22 મેં તારા અપરાધોને વાદળની
જેમ હઠાવી દીધા છે.
તારા પાપોને ધુમ્મસની
જેમ વિખેરી નાખ્યાં છે.
તું મારી પાસે પાછો આવ,

કારણ હું તારો ઉપાસક છું."

23 ઓ આકાશ, હર્ષના પોકાર કરો, કારણ, આ કાર્ય યહોવાનું છે!
આનંદના લલકાર કરો, ઓ પૃથ્વીના ઊંડાણો!
આનંદના ગીત ગાઓ, હે પર્વતો,
જંગલો અને જંગલના વૃક્ષો!
કારણ, યહોવાએ યાકૂબનો ઉદ્ધાર કરીને
ઇસ્રાએલ દ્વારા પોતાનો મહિમા પ્રગટ કર્યો છે!
24 તને ઘડનારા, તારા મુક્તિદાતા યહોવા એમ કહે છે,
"સર્વનો સર્જનહાર હું યહોવા છું;
મેં એકલાએ આકાશોને વિસ્તાર્યા છે.
મેં જ્યારે આ પૃથ્વીને પાથરી
ત્યારે મારી મદદમાં કોણ હતું?"

25 હું દંભી પ્રબોધકોને જુઠ્ઠા પાડું છું અને તેઓ જે બનાવો
વિષે કહે છે તેના કરતાં જુદા જ બનાવો દઇને હું તેઓને ખોટા
પાડું છું. હું જ્ઞાનીઓના વચન પાછા ખેંચાવું છું અને તેમના જ્ઞાનને
મૂર્ખાઇ ઠરાવું છું.
26 પણ મારા સેવકોનાં વચનને હું સાચાં ઠરાવું છું. અને મારા
સંદેશાવાહકો મારફતે પ્રગટકરેલા ઉદ્દેશો પાર પાડું છું.

યરૂશાલેમને હું કહું છું, "તારે ત્યાં ફરી વસ્તી થશે,"
યહૂદાના શહેરોને હું કહું છું,
"તમે ફરી બંધાશો, તમારાં ખંડેરો હું ફરી ઉભા કરીશ."
27 સાગરને હું કહું છું, "તું સુકાઇ જા,
તારી નદીઓને હું સૂકવી નાખીશ."
28 હું કોરેશને કહું છું, "તું તો મારો મોકલેલો પ્રજાનો પાલક છે,
અને તું મારા બધા મનોરથો પૂર્ણ કરશે;
અને તું યરૂશાલેમને ફરી બાંધવાનો

અને મંદિરનો પાયો નાખવાનો આદેશ આપશે."

# 45

## યહોવા- એક માત્ર સાચા દેવ

1 પોતાના અભિષિકત કોરેશને યહોવા આ મુજબ કહે છે:

"મેં તારો જમણો હાથ પકડ્યો છે; દેશદેશના લોકોને હું તારી
આગળ નમાવીશ.
રાજાઓને તેમનો રાજવી ઝભ્ભો ઉતરાવી દઇશ;
તારી આગળ બધાં નગરોના દરવાજા ખૂલી જશે, કોઇ
દરવાજો બંધ નહિ રહે."
2 "કોરેશ, હું તારી આગળ જઇને
પર્વતોને સપાટ કરીશ
અને પિત્તળના દરવાજાઓને
તથા લોખંડની ભૂંગળોને ભાંગી નાખીશ.
3 અને હું તને અંધારા ભોંયરામાં ભંડારી
રાખેલા ગુપ્ત ખજાના આપીશ:
ત્યારે તને ખાતરી થશે કે તને નામ દઇને બોલાવનાર
હું યહોવા છું. ઇસ્રાએલનો દેવ છું.
4 મારા સેવક યાકૂબને લીધે
અને મારા પસંદ કરાયેલ સેવક ઇસ્રાએલ માટે,
મેં તને નામ દઇને બોલાવ્યો છે
અને તું મને ઓળખતો નથી છતાં મેં તને અટક આપી છે.
5 હું જ યહોવા છું,
મારા સિવાય બીજો દેવ નથી.
તું મને ઓળખતો નથી,
છતાં હું તને શસ્રોથી સજ્જ કરીશ.
6 અને પૂર્વથી પશ્ચિમ સુધી સર્વ પ્રજાઓ જાણશે
કે બીજો કોઇ દેવ નથી.
હું યહોવા છું,
હું એકલો જ દેવ છું.

7 હું જ પ્રકાશનો સર્જક છું અને અંધકારનો ઉત્પાદક છું.
સુખદુ:ખ એ મારું સર્જન છે,
હું યહોવા આ બધું કરું છું.

8 “હે આકાશો, તમે ઉપરથી વરસો,
હે વાદળાંઓ, તમે ન્યાયીપણાની વૃષ્ટિ કરો;
ધરતી ઊઘડી જાય,
ને તેમાંથી તારણ ઉદ્ભવો;
ન્યાયના ફૂલો ખીલી ઊઠો!
હું યહોવા આ બધું કરું છું.

## દેવ સૃષ્ટિનું નિયંત્રણ કરે છે

9 “જે માણસ પોતાના સર્જનહારની સામે દલીલ કરે છે તેને
અફસોસ! શું માટીના ઠીંકરાં જેવો માણસ પોતાના ઘડનારની
સાથે દલીલમાં ઊતરે?
10 શું માટી કુંભારને કહી શકે, ‘તું શું બનાવે છે?’ અથવા
‘તારા બનાવેલા કૂંજાને હાથા નથી?’ જે બાપને પૂછે કે, તેં કોને
જન્મ આપ્યો છે? અને સ્ત્રીને કહે કે, ‘તું કોને જન્મ આપવા
કષ્ટાય છે, તેને અફસોસ!’ ”
11 યહોવા, ઇસ્રાએલના પવિત્રતમ સૃષ્ટા કહે છે:

“મારા બાળકો વિષે પ્રશ્ર્ન પૂછવાનો તને શો અધિકાર છે?
મારા પોતાના હાથે કરેલા કાર્યો વિષે મને પ્રશ્ર્ન કરનાર તમે કોણ?
12 મેં એકલાએ જ આ પૃથ્વીનું સર્જન કર્યુ છે.
અને પૃથ્વી પર માનવનું સર્જન કર્યુ છે.
મેં મારા પોતાને હાથે જ આકાશને ફેલાવ્યું છે
અને મારી આજ્ઞાથી જ નક્ષત્રમંડળ ચાલે છે.
13 મેં જ કોરેશને વિજયને માટે ઊભો કર્યો છે,
અને હું એની આગળ માગોર્ સીધા અને સપાટ કરીશ.

એ મારું નગર પુન:સ્થાપિત કરશે અને બંદીવાન થયેલા મારા
લોકોને છોડાવશે,
એમ કરવામાં સારો બદલો મેળવવાની તે ઇચ્છા રાખશે
નહિ.”
આ સૈન્યોના દેવ યહોવાના વચન છે.

14 યહોવા ઇસ્રાએલને આ પ્રમાણે કહે છે:
“મિસરની સંપતિ અને કૂશના વેપારીઓ
તેમજ સબાના કદાવર માણસો
તારે શરણે આવશે અને તારા દાસ બનશે.
તેઓ આવીને સાંકળે જકડાઇને તારી પાછળ પાછળ ચાલશે.
તેઓ તને પ્રણામ કરીને તારી આગળ અરજ કરશે.
અને કહેશે, ‘દેવ તારી સાથે જ છે,
એના સિવાય બીજો કોઇ દેવ નથી.’ ”

15 હે ઇસ્રાએલના દેવ, હે તારક, તમે સાચે જ રહસ્યમય
અને અકળ રીતે કાર્ય કરો છો.
16 મૂર્તિઓની પૂજા કરનારાઓ
અને બનાવનારાઓ સર્વ નિરાશ
અને લજ્જિત થશે.
17 પરંતુ ઇસ્રાએલને યહોવાએ ઉગારી લીધું છે.
સદાને માટે ઉગારી લીધું છે, તેનો ફજેતો કદી નહિ થાય,
તેને કદી શરમાવું નહિ પડે.
18 યહોવા આકાશનો સર્જનહાર છે.
તે દેવ છે.
તેણે આ પૃથ્વીની રચના કરી છે.
ઘડી છે અને સ્થિર કરીને સ્થાપી છે
એને સૂની રહેવા માટે નહિ,
પણ વસવા માટે તેણે બનાવી છે.
યહોવા કહે છે, “હું યહોવા છું.
મારા સિવાય બીજું કોઇ નથી.”
19 હું કંઇ અંધકારના પ્રદેશના કોઇ
ખૂણામાંથી ગુપ્ત રીતે બોલ્યો નથી;

હું જાહેરમાં કહું છું:
"મેં ઇસ્રાએલના લોકોને એમ નહોતું કહ્યું કે,
'મને શૂન્યમાં શોધજો.'
હું યહોવા સાચું અને ચોખ્ખેચોખ્ખું બોલું છું."

### યહોવા સિદ્ધ કરે છે કે તેઓ જ દેવ છે

20 યહોવા કહે છે, "યુદ્ધમાંથી બચી ગયેલી તમે દેશવિદેશની
સર્વ પ્રજાઓ એકઠી થઇને આવો. જેઓ લાકડાની મૂર્તિઓને
ઉપાડીને ફેરવે છે, તારી શકે એમ નથી એવા દેવની જેઓ પૂજા
કરે છે તેઓ મૂરખ છે.
21 આગળ આવો અને તમારો દાવો રજૂ કરો; ભેગા મળીને
નક્કી કરો.
"ભૂતકાળમાં કોણે આ ભવિષ્ય ભાખ્યું હતું? કોણે આ પહેલાથી
કહ્યું હતું? શું હું એ યહોવા નહોતો? મારા સિવાય બીજો કોઇ
દેવ નથી, જે વિજયવંત અને ઉદ્ધાર કરવા માટે સમર્થ હોય.
22 ઉદ્ધારને માટે પૃથ્વીની સર્વ પ્રજાઓને મારા તરફ જોવા દો!
કારણ કે હું દેવ છું: અને મારા સિવાય બીજો કોઇ નથી.
23 "મેં મારી જાત પર સમ લીધાં છે, મેં વચન આપ્યું છે, હું તેને
તોડીશ નહિ. કારણ કે તે સત્ય છે કે પૃથ્વીની સર્વ પ્રજાઓ મારી
સમક્ષ ઘૂંટણિયે પડશે અને મારા નામ પ્રત્યેની વફાદારી પોતાની
જીભેજ કબૂલ કરશે.
24 મારા વિષે લોકો જાહેર કરશે, યહોવા મારું સાર્મથ્ય અને
ન્યાયીપણું છે."
અને જેઓ તેમના પ્રત્યે ક્રોધિત થયેલા છે, તેઓ બધા તેમની
પાસે આવશે અને ફજેત થશે.
25 ઇસ્રાએલની સર્વ પેઢીઓ યહોવામાં ન્યાયી ઠરશે અને વિજય
પામી જયજયકાર કરશે.

# 46

### બાબિલના જૂઠા દેવો

1 યહોવા કહે છે, "બેલને નમાવી દીધું છે,નબો વિરોધ કરે છે,
તેમની મૂર્તિઓ ઢોરો પર લાદવામાં આવી છે, જે મૂર્તિઓને તમે
માથે લઇને ફરતા હતા તે અત્યારે થાકેલાં જનાવરો પર ભારરૂપે
લદાઇ છે.
2 "શું આથી ઉત્તમ તેઓ કશું જ કરી શકતા નથી? તેઓ
બધા વાંકા વળે છે, તેઓ નમી જાય છે; તેઓ ભારથી પોતાને
બચાવી શકતા નથી. વળી તેઓ પોતે બંદીવાન થયા છે.
3 "હે યાકૂબના વંશજો, ઇસ્રાએલના બાકી રહેલા સર્વ લોકો
મારું કહ્યું સાંભળો: મેં તમારું સર્જન કર્યુ છે અને તમારો જન્મ
થયો ત્યારથી મેં તમારી સંભાળ રાખી છે.
4 તમે વૃદ્ધ થશો ત્યારે પણ હું એ જ રહેવાનો છું. તમારા
વાળ ધોળા થતા સુધી હું તમને ઉપાડીશ. મેં તમને ઉત્પન્ન કર્યા
છે અને હું તમારી સંભાળ રાખીશ. હું તમને ઊંચકી રાખીશ અને
હું તમારો ઉદ્ધારક થઇશ.
5 "આ કોની સાથે તમે મારી તુલના કરશો? કોણ મારો
બરોબરિયો છે? મારા જેવો બીજો કોણ છે?
6 એવા પણ કેટલાક લોકો છે, જેઓ કોથળીમાંથી સોનું ઠાલવે
છે અને ચાંદી ત્રાજવે તોળે છે અને સોનીને રોકે છે, તે તેમાંથી
મૂર્તિ ઘડે છે અને એ લોકો તેને પગે લાગી તેની પૂજા કરે છે.
7 તેઓ તેને પોતાના ખભે ઉપાડીને ફેરવે છે અને તેને સ્થાને
તેની સ્થાપના કરે છે. તે ત્યાં જ ઊભી રહે છે, ત્યાંથી તે કદી
ખસી શકતી નથી. કોઇ તેને ઘા નાખે તો એ ઉત્તર આપતી નથી,
કે નથી તેને સંકટમાંથી ઉગારી શકતી.
8 "હે પાપી લોકો, આ યાદ કરો! ફરી વિચાર કરો અને તમારી
સ્મૃતિ તાજી કરો!
9 ભૂતકાળની જુની વાતોનું સ્મરણ કરો! એક માત્ર હું જ દેવ
છું, બીજો કોઇ નથી, એક માત્ર હું જ દેવ છું, મારા સમાન કોઇ
નથી.
10 "ભવિષ્યમાં જે બનવાનું છે તે વિષે તમને કોણ કહી શકે?
મારી ઇચ્છા પ્રમાણે જ બધું બનશે કારણ કે મને જેમ ગમે તેમ
હું કરું છું.

11 હું પૂર્વમાંથી એક શકરાબાજને- દૂરદૂરના દેશમાંથી એક
માણસને બોલાવું છું, જે મારી યોજના પાર ઉતારશે. આજે હું
જે બોલ્યો છું તે બનશે, મારી ઇચ્છાઓને હું પાર પાડીશ.
12 "હે દુષ્ટ હઠીલા માણસો, મારું કહ્યું ધ્યાનથી સાંભળો!
13 તમે માનો છો કે વિજય દૂર છે, પણ હું વિજય નજીક
લાવી રહ્યો છું. એ દૂર નથી. હું જે મુકિત લાવનાર છું તેમા
હવે વિલંબ થાય એમ નથી. હું સિયોનને મુકત કરીશ, અને મારા
ગૌરવ સમા યરૂશાલેમ તથા ઇસ્રાએલને હું પુન:સ્થાપિત કરીશ."

# 47

## બાબિલ વિષે ચુકાદો

1 યહોવા કહે છે, "હે અપરાજીત બાબિલ નગરી,
તું નીચે ઉતર અને ધૂળમાં બેસ.
રાજ્યાસન ઉપરથી ઊતરીને ભોંય પર બેસ.
તું કુંવારી કન્યા જેવી વણજીતાયેલી નગરી હતી, પણ હવે
તું સુંવાળી કે કોમળ રહી નથી.
2 ઘંટી લઇને તારે લોટ દળવો પડશે;
બુરખો કાઢી નાખી,
ઘાઘરો ઊંચો ખોસી,
પગ ઉઘાડા કરીને નદીનહેરો ઓળંગવી પડશે.
3 તારું શરીર ઉઘાડું થશે
અને તું લજવાશે.
હું તારા ઉપર વૈર લઇશ
અને હું કોઇને પણ છોડીશ નહિ.

4 " 'ઇસ્રાએલના પવિત્ર દેવ,' જેમનું નામ સૈન્યોના દેવ યહોવા છે,
તે આપણને બંધનાવસ્થામાંથી છોડાવશે."

5 "હે બાબિલની પ્રજા, અંધારા ખૂણામાં મૂંગી બેસી રહે,
કારણ 'હવે કોઇ તને રાષ્ટોની મહારાણી કહેનાર નથી.'

6 "કારણ કે બાબિલ, હું મારા ઇસ્રાએલી
લોકો ઉપર રોષે ભરાયો હતો.
તેં તેમનું અપમાન કર્યુ હતું,
મેં તેમને તારા હાથમાં સોંપ્યા હતા.
પરંતુ તેં તેમના પ્રત્યે દયા ન બતાવી,
તેં વૃદ્ધો ઉપર પણ તારી ઝૂંસરીનો ભાર નાખ્યો.
7 તેં કહ્યું, 'હું સદાસર્વદા સમ્રાજ્ઞી રહીશ.'
તેં કદી આ બધું ધ્યાનમાં ન લીધું
અને એનું પરિણામ શું આવશે
એનો કદી વિચાર ન કર્યો.
8 તું, એશઆરામની પ્રેમી, જે સુરક્ષામાં વસે છે,
અને સર્વ પ્રજાઓમાં પરાક્રમી હોવાની મોટાઇ કરનાર,
તારા પાપ સંબંધી મારો ન્યાયચુકાદો સાંભળ;
તું કહે છે, 'મારાથી વધારે મહાન કોઇ નથી!
મને કદી વૈધવ્ય આવવાનું નથી;
કે હું કદી સંતાનોના નુકશાન સહન કરવાનો નથી.'
9 સારું, હવે આ સાંભળીલે, એ બે આફતો એક દિવસે એક ક્ષણમાં તારે માથે આવી પડશે,
તારા બધા કામણટૂમણ અને બધા જાદુમંત્રો છતાં સંતાનનો વિયોગ
અને વૈધવ્ય પૂરેપૂરાં તારે વેઠવા પડશે.
10 તારી દુષ્ટતામાં સુરક્ષિત રહીને
તેં માન્યું હતું, 'કોઇ જોનાર નથી.'
તારી હોશિયારી અને તારી લુચ્ચાઇ તને ગેરરસ્તે દોરી ગઇ
અને તેં માન્યું કે, 'હું જ માત્ર છું
અને મારા સિવાય બીજું કોઇ નથી.'

11 "તેથી અચાનક જ તારા પર એવી આફત આવી પડશે જેને તું નિવારી નહિ શકે,

તારા પર એવી વિપત્તિ આવશે જેને તું કોઇ મંત્રતંત્રથી દૂર નહિ કરી શકે,
તારી કલ્પનામાં પણ નહિ હોય એટલી ખરાબ તે હશે.
12 બાળપણથી જાદુમંત્ર અને કામણટૂમણ
તું વાપરતી આવી છે
તેને વળગી રહે,
કદાચ તે કામ આવી શકે
અને તું શત્રુઓને ડરાવી શકે.
13 તને જાતજાતની સલાહો મળશે છતાં
તારું કશું ચાલે તેમ નથી.
તારા ભવિષ્યવેત્તાઓ અને જ્યોતિષીઓ,
જેઓ તારા ભવિષ્યની આગાહી કરે છે,
ભલે તને મદદ કરે.
14 જુઓ, તેઓ અગ્નિમાં બાળી નાખવામાં આવતા સૂકા ઘાસ જેવા નકામા છે.
તેઓ પોતાનો પણ બચાવ કરી શકે તેમ નથી!
તેઓ તાપવા લાયક અંગારા કે પાસે બેસવા લાયક સગડી નહિ થશે.
તેઓ તરફથી તને સહેજ પણ સહાય મળશે નહિ.
15 બાળપણથી તારી સાથે વહેવાર રાખતા જ્યોતિષીઓ
અને સલાહકારો પોતપોતાના રસ્તે ચાલ્યા જશે,
કોઇ તને બચાવવા કે સહાય કરવા રહેશે નહિં."

# 48

## યહોવાના હાથમાં ભાવિ

1 યહોવા કહે છે, "હે યાકૂબના વંશજો.
તમે સાંભળો, તમે ઇસ્રાએલને નામે ઓળખાઓ છો,
તમે યહૂદાના ફરજંદો છો:
તમે યહોવાના નામે સમ ખાઓ છો
અને ઇસ્રાએલના દેવની ભકિત કરવાનો દાવો કરો છો,
પણ સાચેસાચ કે સાચી શ્રદ્ધાથી નહિ.

2 "અને છતાં તમે પોતાને પવિત્ર નગરીના નાગરિક કહેવડાવો છો
અને જેનું નામ સૈન્યોના દેવ યહોવા છે
એવા ઇસ્રાએલના દેવ પર આધાર રાખો છો."

3 યહોવા કહે છે, "ભૂતકાળના બનાવોની મેં અગાઉથી આગાહી
કરી હતી,
મારે પોતાને મોઢે મેં એ જાહેર કર્યુ હતું,
અને પછી એકાએક મેં અમલ કર્યો અને એ સાચું પડ્યું.
4 મને ખબર હતી કે તમે હઠીલા હતા,
તારા ડોકના સ્નાયુઓ લોખંડ જેવા હતા,
અને તારું કપાળ પિત્તળ જેવું હતું.
5 તેથી મેં તમને લાંબા સમય પહેલાંથી
એ બધું કહી રાખ્યું હતું,
જેથી તમે એમ ન કહી શકો કે,
'આ તો મારી મૂર્તિએ કર્યુ છે,
મારી કોતરેલી અને ઢાળેલી મૂર્તિઓના હુકમથી એ બન્યું
છે.' "

## ઇસ્રાએલને સ્વચ્છ કરવા માટે દેવ સજા કરે છે

6 "તમે મારા ભવિષ્યકથનો વિષે સાંભળ્યું છે
અને તેમને પરિપૂર્ણ થતાં પણ જોયા છે.
છતાં તેની સાથે સહમત થવાની તેં સંમત્તિ દર્શાવી નથી.
હવે હું તને નવી બાબતો વિષે કહું છું જે મેં અગાઉ કહ્યું નથી,
હું તને એક ગુપ્ત બાબત કહું છું જે તેં પહેલા સાંભળી
નથી.
7 એ ઘટનાઓ પહેલાં બની નહોતી, અત્યારે જ મારી ઇચ્છાથી
બને છે,
એને વિષે તમે અત્યાર સુધી કશું સાંભળ્યું નથી,
જેથી તમે એમ ન કહો કે, 'અરે! આ તો અમે જાણતા
હતા.'
8 હા, હું તને સંપૂર્ણ નવી બાબતો કહેવાનો છું,
કારણ કે હું સારી રીતે જાણું છું

કે તું દગાબાજ
અને બાળપણથી જ તું બંડખોર છે,
તું ષ્ટતાથી ભરેલો છે.

9 “મારા નામની માટે
મેં મારા ક્રોધને રોકી રાખ્યો હતો,
મારી પ્રતિષ્ઠાને માટે મેં સંયમ રાખ્યો હતો,
તમારો નાશ નહોતો કર્યો.

10 “મેં તને વિશુદ્ધ કર્યો,
પણ ચાંદી જેવો નહિ.
મેં તને મુશ્કેલીઓની ભઠ્ઠીમાં તાપ્યો.
11 કેવળ મારા પોતાના માટે, હા,
મારા પોતાના માટે, હું કાર્ય કરીશ, જેથી મારું નામ ષ્ટ થાય નહિ,
હું મારું ગૌરવ બીજા કોઇને આપીશ નહિ.”

12 યહોવા કહે છે, “હે યાકૂબના વંશજો,
મારા પસંદ કરેલા ઇસ્રાએલીઓ,
મને સાંભળો! હું જ દેવ છું.
હું જ આદી છું
અને હું જ અંત છું.
13 મેં મારે પોતાને હાથે આ પૃથ્વીનો પાયો નાખ્યો હતો,
અને આ આકાશને પાથર્યું હતું.
હું જ્યારે તેમને બોલાવું છું
ત્યારે તેઓ ઉભા થાય છે.

14 “તમે બધા એકઠા થાઓ અને સાંભળો,
તમારી સર્વ મૂર્તિઓમાંથી કોણે તમને આ પ્રમાણે કહ્યું,
યહોવા કોરેશ ઉપર પ્રેમ કરે છે.
બાબિલનાં સામ્રાજ્યનો અંત લાવવા યહોવા તેનો ઉપયોગ કરશે.

તે ખાલદીઓના સૈન્યનો વિનાશ કરશે.

15 “મેં મારી જાતે જ આ આગાહી કરી હતી
અને કોરેશને હાંક મારીને બોલાવ્યો છે;
હું તેને અહીં લઇ આવ્યો છું અને તેને સફળ બનાવીશ.
16 મારી નજીક આવો, અને આ સાંભળો, શરુઆતથી જ
હું જાહેરમાં જે થવાનું છે તે સ્પષ્ટ શબ્દોમાં કહેતો આવ્યો છું
અને આ બધું બન્યું
તે બધો સમય હું હાજર હતો.”

અને હવે મારા માલિક યહોવાએ મને પોતાના આત્મા સાથે
મોકલ્યો છે.
17 ઇસ્રાએલના પરમપવિત્ર દેવ યહોવા, તમારા તારક એમ કહે
છે કે,

“હું યહોવા તારો દેવ છું,
હું તારા હિત માટે તને શીખવું છું,
તારે જે માગેર્ જવું જોઇએ તે માગેર્ હું તને લઇ જાઉં છું.
18 તેં જો મારી આજ્ઞાઓ કાને ધરી હોત તો કેવું સારું થાત!
તારી સુખસમૃદ્ધિ સદા
સરિતા સમી વહેતી હોત
અને વિજય પામીને
તું સાગરના તરંગો જેમ ઊછળતો રહ્યો હોત.
19 તારી સંતતિની સંખ્યા રેતી જેટલી
અને તારા વંશજો તેના કણ જેટલા થયા હોત
અને તેમનાં નામ મારી નજર
આગળથી ભૂંસાઇ ગયા ન હોત.”

20 છતાં હજી બાબિલમાંથી બહાર ચાલ્યા જાઓ.
ખાલદીઓ પાસેથી ભાગી જાઓ,
અને ત્યાંથી પાછા ફરતાં હર્ષનાદ સાથે પોકાર કરો,
ઘોષણા કરો, અને પૃથ્વીના છેડા સુધી

એના સમાચાર મોકલો કે,
"યહોવાએ પોતાના સેવક યાકૂબના વંશજોનો ઉદ્ધાર કર્યો છે."
21 તેમણે તેઓને અરણ્યમાંથી દોર્યા ત્યારે તેઓને તરસ વેઠવી પડી નહોતી.
કારણ કે તેણે તેમને માટે ખડકમાંથી પાણી કાઢયું હતું;
તેણે ખડકને તોડી નાખ્યો
અને પાણી ખળખળ કરતું વહેવા લાગ્યું.

22 પરંતુ યહોવા કહે છે,
"દુષ્ટોને કદી સુખશાંતિ હોતી નથી."

# 49

## યહોવાનું પોતાના લોકોને આશ્વાસન

1 હે દૂર દેશાવરના લોકો, ધ્યાન દઇને સાંભળો!
હું જન્મ્યો તે પહેલાથી યહોવાએ મને બોલાવ્યો હતો,
જ્યારે હું મારી માતાના ગર્ભમાં હતો ત્યારે જ
તેણે મને નામ આપ્યું હતું.
2 તેમણે મારી વાણીને મર્મભેદી તરવાર બનાવી,
અને મને પોતાના હાથની છાયામાં છુપાવી દીધો.
તેણે મને તીક્ષ્ણ બાણ બનાવી
અને ભાથામાં સંતાડી દીધો.

3 તેમણે મને કહ્યું, "તું, ઇસ્રાએલ, મારો સેવક છે,
તું મારો મહિમા વધારનાર છે."

4 પરંતુ હું તો એમ વિચારતો હતો કે, "મારી મહેનત પાણીમાં ગઇ,
મેં મારી શકિત નકામી,
વ્યર્થ વાપરી. તેમ છતાં,
મને ખાતરી છે કે,

યહોવા મને ન્યાય આપશે
અને તે મને બદલો આપશે."
5 "હું માતાના ગર્ભમાં હતો ત્યારથી યહોવાએ મને પોતાનો સેવક નીમ્યો હતો,
જેથી હું યાકૂબના વંશજોને, ઇસ્રાએલના લોકોને,
પાછા એને ચરણે લાવું.
તેણે મારો મહિમા કર્યો
અને મને બળ આપ્યું." આ યહોવા કહે છે:

6 "ઇસ્રાએલને મારા માટે પુનઃસ્થાપિત કરવા ઉપરાંત
તું વધારે કામ કરીશ,
પૃથ્વીની સર્વ પ્રજાઓમાં તારણ પહોંચાડવા
હું તને તેઓ માટેનો પ્રકાશ બનાવીશ."

7 જેને લોકો ધૃણાની નજરે જુએ છે,
જેનો તિરસ્કાર સર્વ પ્રજાઓ કરે છે,
જે અન્યાયી શાસકોનો ગુલામ છે,
તેને ઇસ્રાએલનો ઉદ્ધારક પવિત્ર દેવ કહે છે,
"તને જોઇને રાજામહારાજાઓ માનપૂર્વક ઊભા થઇ જશે,
અને સરદારો પગે પડશે,"

એકવચની, અને તને પસંદ કરનારા ઇસ્રાએલના પવિત્ર દેવને પ્રતાપે આ થશે.

## મુકિતનો દિવસ

8 યહોવા કહે છે,
"તમારો બચાવ કરવાનો સમય આવશે
ત્યારે હું તમારા પ્રત્યે ભલાઇ દેખાડીશ
અને તમારા સહાય માટેના પોકારો હું સાંભળીશ,
હું તમારું રક્ષણ કરીશ અને સર્વ લોકો સાથેના
મારા કરારના મધ્યસ્થ તમને બનાવીશ,
ઉજ્જડ થયેલી જગામાં

હું તમને ફરીથી વસાવીશ.
9 હું બંદીવાનોને કહીશ,
‘જાઓ તમે મુકત છો!’
અને જેઓ અંધકારમાં છે તેઓને કહીશ,
‘બહાર પ્રકાશમાં આવો!’
તેઓ પર્વત પર ચરનારા ઘેટાં જેવા થશે.
10 તેઓને ભૂખ કે તરસ લાગશે નહિ;
તેઓને લૂ તથા તાપ વેઠવા પડશે નહિ.
કારણ કે યહોવા પોતાની ભલાઇથી તેઓને દોરતા રહેશે
અને તેમને પાણીના ઝરા આગળ લઇ જશે.
11 હું દરેક પર્વતને સપાટ
રસ્તો બનાવી દઇશ
અને દરેક માર્ગને પૂરીને સરખો કરીશ,

12 “જુઓ, મારા લોકો ઉત્તરના
તથા પશ્ચિમના તેમજ દક્ષિણના પ્રદેશોમાંથી પાછા ફરશે.”

13 હે આકાશો, હર્ષનાદ કરો; અને હે પૃથ્વી, તું આનંદ કર;
હે પર્વતો, તમે જયઘોશ કરવા માંડો,
કારણ કે યહોવાએ પોતાના લોકોને દિલાસો આપ્યો છે,
અને પોતાની દુ:ખી પ્રજા પર કરુણા દર્શાવી છે.

14 છતાં સિયોનના લોકો કહે છે, “યહોવાએ અમારો ત્યાગ કર્યો છે,
અમારો નાથ અમને ભૂલી ગયો છે.”

15 પરંતુ યહોવા કહે છે,
“કોઇ માતા પોતાના બાળકને કઇં રીતે ભૂલી જઇ શકે?
પોતાના પેટના સંતાનને હેત કરવાનું કઇ રીતે ભૂલી જઇ શકે?
કદાચ માતા ભૂલી જાય,
પણ હું તને નહિ ભૂલું.

16 જો, મેં તને મારી હથેલી પર કોતરી છે,
અને યરૂશાલેમ નગરના કોટકાંગરાને હું સતત સંભાર્યા કરું છું.
17 તને ફરી બાંધનારાઓ થોડા જ સમયમાં આવી પહોંચશે.
અને તારો નાશ કરનારા સર્વને ભગાડી મૂકશે."
18 જરા ઊંચી નજર કરીને ચારે બાજુ જો!
તારા લોકો કેવા ભેગા મળીને તારી પાસે પાછા આવે છે!
હું યહોવા, મારા પ્રાણનાં સમ ખાઇને પ્રતિજ્ઞા કરું છું કે,
"તું તેમને આભૂષણની જેમ ધારણ કરશે,
અને નવવધૂની જેમ તેમના વડે તારી જાતને શણગારશે.

19 "તું ખેદાન-મેદાન થઇ ગઇ હતી,
તું ખંડેરની ભૂમિ બની ગઇ હતી એ સાચું,
પણ હવે તારા વતનીઓ માટે તારી સરહદ અત્યંત સાંકડી પડશે.
અને તને ખેદાન-મેદાન કરી નાખનારાઓ તો દૂર ચાલ્યા ગયા હશે.
20 દેશવટાના દિવસોમાં જન્મ ધારણ કરનારાં બાળકો પાછાં આવશે અને તેને કહેશે,
'અમારે વધારે જગાની જરૂર છે!
કેમ કે આ જગા તો ખીચોખીચ ભરાઇ ગઇ છે!'
21 પછી તું મનમાં વિચાર કરશે,
હું તો સંતાન વિહોણી ત્યકતા હતી,
આ બધા બાળકો મને થયા શી રીતે?
'હું તો એકલીઅટૂલી હતી,
ત્યારે એમને ઉછેર્યા કોણે?
એ આવ્યાં ક્યાંથી?' "

22 યહોવા મારા દેવ કહે છે,
"જુઓ, હું વિદેશીઓ તરફ મારો હાથ ઊંચો કરીશ,
અને લોકો તરફ મારો ધ્વજ રાખીશ.
અને તેઓ તારા પુત્રોને પોતાના ખોળામાં ઊંચકીને

અને તારી પુત્રીઓને ખભા પર
બેસાડીને તારી પાસે પાછા લાવશે.
23 રાજાઓ તેમના પાલકપિતા થશે
અને તેમની રાણીઓ તેમની ધાવ થશે.
તેઓ તને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરશે
અને તમારા ચરણની રજ ચાટશે;
ત્યારે તું જાણશે કે, હું યહોવા છું, જેઓ મારી વાટ જુએ છે
તેઓ કદી જ નિરાશ થશે નહિં."

24 શકિતશાળી માણસના હાથમાંથી શિકારને
કોણ પાછો ઝૂંટવી શકે?
અત્યાચારી રાજવી પાસે બંદીવાનોને મુકત
કરાવવાની માગણી કોણ કરી શકે?
25 પણ યહોવા કહે છે કે,
"જોરાવરના હાથમાંથી લૂંટનો માલ ઝૂંટવી લેવાશે જ,
અને દુષ્ટના હાથમાંથી કેદીને છોડાવાશે જ.
તારી સામે જેઓ લડતા હશે તે બધાની સાથે
હું લડીશ અને તારાં બાળકોને હું પોતે બચાવીશ.
26 હું તારા દુશ્મનોને તેમનું પોતાનું માંસ ખવડાવીશ
અને જાણે દ્રાક્ષારસ પીધો હોય એમ તેઓ પોતાનું જ લોહી
પીને છાકટા બનશે,
અને આખી માનવજાતને ખાતરી થશે કે હું,
યહોવા તારો તારક અને ઉદ્ધારક
અને યાકૂબનો મહાન પરાક્રમી દેવ છું."

# 50

## યહોવાનો આજ્ઞાધીન સેવક

1 યહોવા પૂછે છે,
"શુ મેં તમને મારા લેણદારોને વેચી દીધા છે?
તેને લીધે શું તમે અહીં આવ્યા નથી?

મેં તમારી માતાને છૂટાછેડા આપીને કાઢી મૂક્યાનું ફારગતીપત્ર ક્યાં
છે?
ના, તમારા અપરાધોને લીધે જ તમે પોતાને વેંચી દીધા હતા
અને તમારું દેવું ચૂકવવાને માટે જ તમારી માતાને
પણ કાઢી મૂકવામાં આવીં હતી.
2 હું તમારો ઉદ્ધાર કરવા આવ્યો,
ત્યારે અહીં કેમ કોઇ હતું નહિ?
મેં બૂમ પાડી ત્યારે કેમ કોઇએ જવાબ ન આપ્યો?
શું તમને એમ લાગ્યું કે,
મારો હાથ તમારો ઉદ્ધાર કરવા સમર્થ નથી!
શું મારામાં તમને બચાવવાની શકિત નથી?
જુઓ, મારી આજ્ઞાથી સાગર સૂકાઇ જાય છે,
અને ઝરણા રણ બની જાય છે.
તેમાંની માછલીઓ પાણી વિના ગંધાઇ ઊઠે છે
અને તરસે મરી જાય છે.
3 આકાશ જાણે શોક પાળતું હોય તેમ,
હું તેને અંધકારથી આચ્છાદિત કરુ છું."

### દેવના સેવક દેવના ભરોસે

4 યહોવા મારા દેવે મને શું કહેવું તે શીખવીને મોકલ્યો છે,
તેથી હું થાકેલાને ઉત્સાહના વેણ કહી શકું. પ્રતિ પ્રભાતે તે મને
ઊંઘમાંથી ઊઠાડે છે અને તેમની ઇચ્છાને સમજવાનું સાર્મથ્ય મને
આપે છે.
5 યહોવા મારા દેવે મારા કાન ઉઘાડ્યા છે, મેં નથી આજ્ઞાભંગ
કર્યો કે, નથી પાછા પગલા ભર્યા.
6 મારનાર તરફ મેં પીઠ ધરી છે અને વાળ ખેંચી કાઢનારની
આગળ મારા ગાલ ધર્યા છે. અપમાન કરનાર અને થૂંકનારથી મેં
મારુ મુખ સંતાડ્યું નથી.
7 પરંતુ યહોવા મારા માલિક મારી સહાયમાં ઊભા છે, તેથી
કોઇ અપમાન મને નડતું નથી. મેં મારું મુખ પથ્થર જેવું દ્રઢ અને
મજબૂત કર્યું છે; મને ખાતરી છે કે મારી લાજ નહિ જાય.

8 મને ન્યાય આપનાર નજીકમાં છે; હવે મારી સામે યુદ્ધ કરવાની
હિંમત કોણ કરી શકે? ક્યાં છે મારા દુશ્મનો? તેમને મારી સામે
આવવા દો!
9 જુઓ, યહોવા મારા દેવ મને સહાય કરશે, પછી મને અપરાધી
ઠરાવી શકે એવો કોણ છે? જેમ જીવાત જૂના કપડાંને ખાઇ
જાય છે, તેમ મારા સર્વ શત્રુઓનો નાશ થશે!
10 તમારામાંથી એવો કોઇ છે જે યહોવાનો ડર રાખતો હોય?
તેના સેવકની આજ્ઞા પાળતો હોય? જે અંધારામાં દીવા વગર
ચાલતો હોય તોતે યહોવાના નામ પર શ્રદ્ધા રાખે, અને તેનો
આધાર લે.
11 "પણ તમે બધા તો અગ્નિ પેટાવો છો અને ઝાડના કૂંઠા
બાળો છો. તો જાઓ, અગ્નિની જવાળાની વચ્ચે અને તમે જાતે
સળગાવેલાં ઝાડના ઠૂંઠા વચ્ચે ચાલો. યહોવાને હાથે તમારી આ
દશા થવાની છે. તમે દુઃખમાં જ સબડવાનાં છો અને વિપત્તિમાં
જ પડ્યા રહેવાના છો."

# 51

## યહોવાના લોકો અને દેવનો ભય

1 યહોવા કહે છે, "હે ન્યાયની અપેક્ષા રાખનારાઓ, મને પ્રાપ્ત
કરવા ઇચ્છનારાઓ. મારુ કહ્યું સાંભળો! જે ખડકમાંથી તમને
તોડી નાખવામાં આવ્યા છે તેનો ખ્યાલ કરો, જે ખાણમાંથી તમને
ખોદી કાઢવામાં આવ્યા છે, તેનો વિચાર કરો.
2 અને હા, તમારા પૂર્વજો ઇબ્રાહિમ અને સારાનો વિચાર કરો.
મેં જ્યારે તેને બોલાવ્યો ત્યારે તેને એકે સંતાન નહોતું. મેં તેને
આશીર્વાદ આપ્યા અને તે એકના અનેક થયા."
3 યહોવા સિયોનને-એના ખંડેરમાં વસતા બધા લોકોને સાંત્વના
આપવા માગે છે. તે તેની ઉજ્જડ થઇ ગયેલી ભૂમિને એદન
જેવા ઉપવનમાં ફેરવી નાખશે. ત્યાં આનંદોત્સવ વ્યાપી જશે અને
સ્તુતિનાં ગીતો સંભળાશે.

4 "હે મારા લોકો, મારી વાત ધ્યાનથી સાંભળો! હે મારી પ્રજા,

મારી વાત કાને ધરો! કારણકે, હું મારો નિયમ પ્રજાઓને
સંભળાવું છું, અને મારો ન્યાયચુકાદો તેમને પ્રકાશ આપશે.
5 હું તમને મુકિત આપવા આવી રહ્યો છું;
મારો વિજય હાથવેંતમાં છે, હું પ્રજાઓ પર શાસન કરીશ;
તે દરિયા કિનારાના દેશો મારી વાટ જોશે,
અને મારા આગમનની તેઓ આતુરતાપૂર્વક પ્રતિક્ષા કરશે.
6 ઊંચે આકાશ તરફ જુઓ
અને નીચે પૃથ્વી તરફ નજર કરો!
આકાશ ધુમાડાની જેમ અલોપ થઇ જશે,
અને પૃથ્વી વસ્ત્રની જેમ જીંણ થઇ જશે,
અને તેના લોકો મચ્છરની જેમ મરી જશે.
પરંતુ મારું તારણ સદાકાળ રહેશે,
મારા ન્યાયનો ક્યારેય અંત નહિ આવે;
7 ધર્મને ઓળખનારાઓ, મારા નિયમોને હૈયે રાખનારાઓ,
મારું કહ્યું સાંભળો!
લોકોના મહેણાં ટોણાંથી ગભરાશો નહિ,
લોકનિંદાથી ડરશો નહિ,
8 માટે જેમ જીવાત કપડાંનો નાશ કરે છે
અને કંસારી ઊનને કોતરી કાઢે છે.
તેમ તેઓનો નાશ થશે, પણ મારો ન્યાય સદાકાળ ટકી રહેશે
અને મારું તારણ પેઢી દર પેઢી રહેશે."

## દેવનું સાર્મથ્ય તેના લોકોની રક્ષા કરે છે

9 હે યહોવાના બાહુ, જાગૃત થાઓ!
ઊઠો અને સાર્મથ્યના વસ્ત્રો ધારણ કરો, પ્રાચીન કાળનાં,
સમયો પૂર્વે જેમ જાગ્યા હતા તેમ જાગો.
જેણે રાહાબને વીંધી નાખી તેના ટુકડા કરી નાખ્યા,
અને જેણે અજગરને વીંધ્યો,
તે જ તું નથી?
10 જેણે સાગરને, તેનાં અગાધ જળને સૂકવી નાખ્યાં,
જેણે તારણ પામેલાઓને પાર ઉતારવા માટે સાગરનાં

ઊંડાણોમાં થઇને માર્ગ કરી આપ્યો, તે જ તું નથી?
11 હવે એવો સમય આવશે જ્યારે
યહોવા દ્વારા ઉગારાયેલા સર્વ લોકો ફરીથી ગાતાં ગાતાં
સિયોન પાછા આવશે.
તેઓ અનંત આનંદ તથા હર્ષથી ભરપૂર થશે;
દુ:ખ તથા શોક સર્વ જતાં રહેશે.

12 યહોવા કહે છે, "તમને હિંમત આપનાર હું પોતે બેઠો છું.
મર્ત્ય માણસથી, તરણા જેવા માણસથી
ભયભીત થવાનું શું કારણ છે?"

13 તમે તમારા સર્જનહાર યહોવાને ભૂલી ગયા છો,
જેણે આ આકાશનો વિસ્તાર કર્યો છે
અને પૃથ્વીનો પાયો નાખ્યો છે!
હજી તમે આખો વખત તમારો નાશ કરવા તૈયાર
થયેલા જુલમગારના રોષથી શા માટે ફફડ્યા કરો છો?
એ જુલમગારનો રોષ
તમને શું કરવાનો હતો?

14 જેઓ બંધનમાં છે તેઓ જલદીથી મુકત થશે,
તેઓ કબરમાં મરવા નહિ પામે.
તેમ તેમને કદી રોટલાની ખોટ નહિ પડે.

15 "હું તમારો દેવ યહોવા છું,
હું સાગરને ખળભળાવીને ગર્જના કરતા મોજાં પેદાં કરું છું."
મારું નામ સૈન્યોના દેવ યહોવા છે.

16 "મેં આકાશને વિસ્તાર્યું છે અને પૃથ્વીનો પાયો નાખ્યો છે
અને સિયોનના લોકોને કહ્યું છે કે, તમે મારી પ્રજા છો. મેં તમારા
મોઢામાં મારી વાણી મૂકી છે અને મારા બાહુની છાયામાં તમને
આશ્રય આપ્યો છે."

દેવે ઇસ્રાએલને સજા કરી

17 હે યરૂશાલેમ જાગૃત થા, જાગૃત થા,
તેં યહોવાને હાથે તેના રોષનો પ્યાલો પીધો છે,
તું એ પ્યાલો પૂરેપૂરો પી ગયો છે
અને લથડે છે.

18 તારે પેટે જન્મેલા અને તે ઉછરેલા બધા પુત્રોમાંથી એકે
એવો નથી જે તારો હાથ પકડી તને માર્ગ બતાવે.
19 વિનાશ અને પાયમાલી, દુષ્કાળ અને યુદ્ધ આ બે આફતો
તારે માથે આવી છે ત્યારે કોણ તને દિલાસો આપે? કોણ તને
હિંમત આપે?
20 કારણ કે તારા પુત્રો મૂછિર્ત થઇને શેરીઓમાં પડ્યા છે.
તેઓ જાળમાં ફસાયેલા હરણાંની જેમ લાચાર થયેલા છે. તારા
દેવનો પુણ્યપ્રકોપ તેમના પર પૂરેપૂરો ઊતર્યો છે.
21 માટે, તું જે ઘવાયેલી છે અને દ્રાક્ષારસ ન પીધાં છતાં
લથડિયા ખાય છે.
22 પોતાના લોકોનો પક્ષ લેનાર તારા દેવ યહોવા એમ કહે છે
કે, "જો, હું તારા હાથમાંથી મારા રોષનો પ્યાલો, તને લથડિયાં
ખવડાવનારનો પ્યાલો લઇ લઉં છું, હવે તારે એ પીવો નહિ પડે.
23 હું તારા ત્રાસગારોના હાથમાં તે આપીશ, જેઓ તને કહેતાં
હતાં કે, જમીન પર મોઢું નીચે કરીને સૂઇ જા કે, જેથી અમે
તારા ઉપર થઇને જઇએ; તેં તારી પીઠને સપાટ જમીન જેવી અને
તેમને ચાલવાના રસ્તા જેવી બનાવી દીધી હતી."

# 52

## યહોવા પોતાના લોકોને પુન:સ્થાપિત કરશે

1 હે સિયોન, જાગૃત થા, જાગૃત થા,
તારા સાર્મથ્યથી; હે યરૂશાલેમ,
પવિત્ર નગર, તારાં સુંદર વસ્ત્રો તું પહેર;
કારણ કે હવે જે લોકોએ દેવ તરફ પૂંઠ ફેરવી છે,
તે પાપીઓ તારા દરવાજાઓમાં પ્રવેશી શકશે નહિ.

2 હે યરૂશાલેમ નગરી, ઉભી થા અને તારા પરની ધૂળ ખંખેરી નાખ,
હે સિયોનની બંદીવાન પુત્રી,
તારી ડોક પરની ગુલામીની ઝૂંસરી કાઢી નાખ.
3 કારણ કે યહોવા કહે છે કે,
"તમે વિના મૂલ્ય વેચાયા હતા,
અને નાણા વિના તમે પાછા લેવાશો."

4 કારણ કે યહોવા જે દેવ છે તેણે કહ્યું, "આરંભમાં તમે
વસવાટ કરવા માટે મિસર ગયા હતા, પછી આશ્શૂરના લોકોએ
તમારા ઉપર વિના કારણ જુલમ કર્યો."
5 અને હવે યહોવા પૂછે છે, "અત્યારે હું અહીં શું જોઉં છું?
તમને વિના મૂલ્યે ગુલામ બનાવવામાં આવ્યા છે, તમારા પર શાસન
ચલાવનારાઓ ઊંચા સ્વરે બોલે છે અને દિનપ્રતિદિન મારા નામની
સતત નિંદા કરે છે.
6 "પણ એવો દિવસ આવે છે; જ્યારે તમને મારા નામના
પરચાની ખબર પડશે અને તેઓને ખાતરી થશે કે તમારી સાથે
બોલનાર હું જ છું."
7 સુખશાંતિના સંદેશ લાવનારના પગલાં પર્વતો પર કેવાં
શોભાયમાન લાગે છે! તે તારણના શુભ સમાચાર આપે છે
અને વિજયની ઘોષણા કરે છે, "તમારા દેવ શાસન કરે છે, એમ
તે સિયોન પાસે જાહેર કરે છે."

8 નગરના ચોકીદારો ઉંચે સાદે
એકી સાથે હર્ષનાદ કરે છે.
કારણ, તેઓ યહોવાને સિયોનમાં પાછો આવતો નજરો નજર નિહાળે છે.

9 હે યરૂશાલેમનાં ખંડેરો, તમે એકી સાથે પોકાર કરો, હર્ષનાદ કરો!
કારણ, યહોવા પોતાના લોકોને સુખના દહાડા બતાવશે અને યરૂશાલેમને મુક્તિ અપાવશે.

"તમારા દેવ શાસન કરે છે" એમ તે સિયોન પાસે જાહેર કરે છે.
10 સર્વ પ્રજાઓનાં દેખતાં યહોવાએ પોતાનો પવિત્ર ભુજ લંબાવ્યો છે,
પૃથ્વી પરની દરેક વ્યકિત આપણા દેવનું તારણ જોશે.

11 બહાર નીકળો,
બાબિલમાંથી બહાર આવો!
કોઇ અશુદ્ધ વસ્તુને અડકશો નહિ.
હે મંદિરની સાધનસામગ્રી ઉપાડનારાઓ,
તમારી જાતને શુદ્ધ રાખો!
12 તમારે ઉતાવળા થઇને નાસી જવાનું નથી
અને પોતાનો જીવ બચાવવા અધીરા થવાનું નથી;
કારણ કે યહોવા તમારી આગળ છે.
ઇસ્રાએલના દેવ તમારું રક્ષણ કરશે.

### દેવની યાતના સહન કરતો સેવક

13 "જુઓ, મારો સેવક સમૃદ્ધ થશે; તેને ઊંચેને ઊંચે ચડાવવામાં
આવશે, તેની ખૂબ ઉન્નતિ થશે.
14 પહેલાં તેને જોઇને ઘણા હેબતાઇ ગયા હતા; એનું રૂપ એવું
તો વિરૂપ થઇ ગયું હતું કે જાણે માણસ જ ન લાગે.
15 પરંતુ હવે અનેક પ્રજાઓ તેને જોઇને આશ્ચર્યચકિત થઇ
જશે. અને રાજાઓ આશ્ચર્ય પામીને સ્તબ્ધ થઇ જશે. કારણ કે
અગાઉ કોઇએ કહ્યું ના હોય એવું તેઓ જોશે, અને પહેલાં કદી
સાંભળ્યું ન હોય એવું નજરે ભાળશે."

# 53

1 આપણે જે સાંભળ્યું તે કોણે માન્યું હોત? એમાં યહોવાનો
હાથ હશે એવું કોણે ઓળખ્યું હોત?
2 તે યહોવાની આગળ છોડની જેમ ઊગી નીકળ્યો. એનામાં
નહોતું રૂપ કે નહોતી આંખોને આકર્ષતી સુંદરતા કે નહોતી મનમોહક
આકૃતિ.

3 લોકોએ તેની અવગણના કરી અને તેનો નકાર કર્યો. તે દુ:ખી
અને વેદના પામેલો માણસ હતો. તે આપણી પાસે આવ્યો ત્યારે
આપણે તેની તરફ પીઠ ફેરવી દીધી અને આપણું મુખ અવળું
ફેરવી લીધું. તે ધિક્કારાયેલો હતો અને આપણે તેની ચિંતા કરી
નહિ.

4 તેમ છતાં તેણે આપણાં વીતકો પોતા પર લઇ લીધાં, આપણી
બિમારીઓ પોતે વહોરી લીધી. આપણે તો એમ માન્યું કે તેને
સજા થઇ છે, દેવે તેને આઘાત કરીને દુ:ખમાં નાંખ્યો છે;

5 પણ તે તો આપણે કરેલા અપરાધો માટે વિંધાયો હતો અને
આપણાં પાપો માટે કચડાયો હતો. એણે ભોગવેલી સજાને કારણે
આપણે સુખશાંતિ ભોગવીએ છીએ અને તેને પડેલા ચાબખાથી
આપણે સાજાસમાં છીએ.

6 આપણે રસ્તો ભૂલી ગયા છીએ, અને ઘેટાંની જેમ રઝળી
ગયા છે. પણ યહોવાએ આપણા બધાનો દોષ તેને માથે નાખ્યો
છે.

7 તેના પર ત્રાસ ગુજારવામાં આવ્યા અને તેને સંકટમાંથી પસાર
થવું પડ્યું; તેમ છતાં તેણે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ. તેને
હલવાનની જેમ વધ કરવા લાવવામાં આવ્યો; અને જેમ ઘેટી
પોતાના કાતરનારની આગળ મૂંગી રહે, તેમ તેણે પોતાને દોષિત
ઠરાવનારની આગળ પોતાનું મોં ખોલ્યું નહિ.

8 તેને જુલમથી પકડવામાં આવ્યો, ને તેનો ન્યાય તોળીને તેને
લઇ ગયા, તેનું શું થયું તેનો વિચાર સરખો કોઇએ કર્યો નહિ,
જીવતાં માણસોની દુનિયામાંથી તેનો વિચ્છેદ કરવામાં આવ્યો, મારા
લોકોના ગુનાઓ માટે તેને ઘાયલ કરી નાખવામાં આવ્યો.

9 દુષ્ટો વચ્ચે તેની કબર બનાવવામાં આવી હતી અને તેનો
મકબરો ધનિકો વચ્ચે મૂકવામાં આવ્યો હતો, જો કે તેણે કોઇ
હિંસા આચરી નહોતી, કે કોઇ કપટ ઉચ્ચાર્યું નહોતું.

10 તેમ છતાં તેને કચરવાની અને વિપત્તિઓમાંથી પસાર કરવાની
યહોવાની યોજના હતી. પણ જ્યારે તેના આત્માનું દોષાર્થાર્પણ

થશે ત્યારે તે પોતાનાં વંશજોને જોવા પામશે, તે લાંબુ જીવન
જીવશે અને યહોવાની યોજના તેના દ્વારા સફળ થશે.
11 તેની બધી વેદનાઓને અંતે તે પ્રકાશ જોવા પામશે અને
પરમ તૃપ્તિ અનુભવશે.

પ્રભુ કહે છે, "આમ મારો નિર્દોર્ષ સેવક અનેકોને નીતિમાન
બનાવશે, અને તેમની સજા પોતાને માથે લઇ લેશે.
12 તેથી હું તેને પરાક્રમી તથા મહાન માણસોની જેમ યુદ્ધની
લૂંટનો ભાગ વહેંચી આપીશ, કારણ, તેણે પોતાનું જીવન આપી
દીધું હતું, અને પોતાની ગણતરી ગુનેગારોમાં થવા દીધી હતી, તેણે
અનેકોનાં પાપો પોતાને માથે લઇ લીધાં હતાં અને ગુનેગારોને માટે
તેણે પ્રાર્થના કરી હતી."

# 54

## ઇસ્રાએલ પ્રત્યે યહોવાનો પ્રેમ

1 "હે સંતાનવિહોણી, વાંઝણી સ્ત્રી સમી યરૂશાલેમ નગરી,
તું મુકત કંઠે ગીત ગા,
આનંદના પોકાર કર;

"કારણ, યહોવાના આશીર્વચન છે કે,
સોહાગણ સ્ત્રી કરતાં ત્યકતાને વધારે સંતાન અવતરશે."

2 "તારો તંબુ વિશાળ બનાવ,
તારા તંબુના પડદા પહોળા કર,
તેની દોરી ઠેઠ સુધી લંબાવ
અને ખીલા બરાબર ઠોકી દે;
3 કારણ કે તું તારી સરહદો ચારે બાજુએ વિસ્તારીશ.
તારા વંશજો બીજી પ્રજાઓના તાબા હેઠળના પ્રદેશો કબજો કરશે
અને વેરાન નગરોને વસતાં કરશે.
4 ગભરાઇશ નહિ;
તારે ફરી શરમાવું નહિ પડે,
તારે શરમાવાનું હવે કોઇ કારણ નહિ રહે.

તારી યુવાવસ્થાની શરમ
અને તારા વૈધવ્યનાં દુ:ખને હવેથી
સંભારવામાં આવશે નહિ.
5 કારણ કે તારા સર્જનહાર જ તારા ‘પતિ’ થશે.
‘સૈન્યોના દેવ યહોવા’ તેમનું નામ છે;
ઇસ્રાએલના પવિત્ર દેવ
અને સમગ્ર પૃથ્વીના યહોવા, તારા ઉદ્ધારક છે.

6 “તું દુ:ખમાં ડૂબેલી ત્યકતા જેવી છે.
તારા દેવ, યહોવા,
તને પાછી બોલાવીને કહે છે કે,
જુવાનીમાં જેનો હાથ પકડ્યો હતો
તેને શી રીતે તજી શકાય?”
7 યહોવા કહે છે, “મેં ક્ષણવાર માટે તારો ત્યાગ કર્યો હતો.
પણ હવે પુષ્કળ સહાનુભૂતિથી હું તને પાછી લાવીશ.
8 ક્રોધના આવેશમાં ક્ષણભર મેં તારાથી મોં ફેરવ્યું હતું.
વ્પણ હવે ચિરંતન કરુણાથી પ્રેરાઇને હું તારા પર દયા કરીશ.”
એમ તારો ઉદ્ધાર કરનાર યહોવા કહે છે.

9 દેવ કહે છે, “આ તો નૂહના વખતના જેવું છે,
જેમ તે વખતે મેં પ્રતિજ્ઞા કરી હતી કે,
હું ફરી કદી પૃથ્વી ઉપર જળપ્રલય નહિ લાવું.
તેમ આજે હું તને વચન આપું છું કે,
ફરી કદી હું તારા પર ગુસ્સો કરીશ નહીં,
કે તને ઠપકો દઇશ નહિ.”

10 યહોવા કહે છે, “ભલે પર્વતો ખસી જાય
અને ડુંગરોનું અસ્તિત્વ નાશ પામે,
પણ મારી ભલાઇ હંમેશા તમારી સાથે રહેશે.
તમારી સાથે કરેલો મારો શાંતિનો કરાર
કદી ખંડિત થશે નહિ.”

એમ તમારા પર દયા કરનાર યહોવા કહે છે.

11 “હે દુ:ખી, ઝંઝાવાતની થપાટો ખાતી
દિલાસા વિહોણી નગરી!
હું તને નીલમના પાયા ઉપર ફરીથી ચણી લઇશ
અને મૂલ્યવાન પથ્થરોમાંથી
તમારા ઘરની ભીંતો બનાવીશ.
12 તારા બુરજો માણેકના બંધાવીશ, તારા દરવાજા લાલ પથ્થરના
અને તારો આખો કોટ રત્નોનો બનાવીશ.
13 તારાં બધાં સંતાનો મારા પોતાના શિષ્યો બનશે,
અને તેઓ સુખશાંતિ અનુભવશે;
14 પ્રામાણિકતાથી તારી પ્રતિષ્ઠા થશે.
ત્રાસ તારાથી દૂર રહેશે
અને તને કશાનો ડર રહેશે નહિ,
તું ત્રાસથી સદંતર મુકત રહેશે.
15 જો કોઇ પ્રજા તારી વિરુદ્ધ યુદ્ધ કરવા આવે, તો તને શિક્ષા
કરવાના હેતુથી હું તેઓને તારી પાસે મોકલીશ નહિ.
જો તેઓ યુદ્ધ કરશે, તો પણ તેઓનો નાશ કરવામાં આવશે
કેમ કે હું તારા પક્ષમાં છું.

16 “ભઠ્ઠીમાં અંગારાને વીંઝણા નાખનાર અને જુદાંજુદાં કામ
માટે હથિયારો ઘડનારા લુહારનો સર્જનહાર હું છું, બધું નાશ
કરનારા ‘સંહારકને’ પેદા કરનાર પણ હું જ છું.
17 “પરંતુ હવે તારી વિરુદ્ધ વાપરવા માટે બનાવેલ કોઇ પણ
હથિયાર કામ આવશે નહિ, અને ન્યાયલયમાં તારી સામેના એકેએક
આરોપને હું ખોટા પાડીશ, તને ન્યાય મળશે.
“મારા સેવકોનો આ વારસો છે, હું તેમને વિજય અપાવીશ,”
આ યહોવાના વચન છે.

# 55

## યહોવાને શોધનારાને આશીર્વાદ

1 યહોવા કહે છે કે, "અરે, શું કોઇ તરસ્યા છે?
તમારી પાસે પૈસા ન હોય તો
પણ આવો અને પીઓ!
આવો, વગર પૈસે અનાજ લઇ જાઓ અને ખાઓ,
અને દૂધ અને દ્રાક્ષારસ વિના
મૂલ્યે લઇ જાઓ.
2 જે ખવાય એવું નથી તેની પાછળ શા માટે પૈસા ખચોર્ છો?
જેનાથી તૃપ્તિ થતી નથી તેની પાછળ તમારી મજૂરી શા માટે
ખચીર્ નાખો છો?
મારું કહ્યું ધ્યાનથી સાંભળો,
અને ઉત્તમ ખોરાક ખાવ.
3 મારી પાસે આવો, હું કહુ છું તે સાંભળો.
મારું સાંભળશો તો જીવન પામશો.
હું તમારી સાથે કાયમનો કરાર કરીશ.
મેં દાઉદને જે ઉપકારો કરવાનું વચન આપ્યું હતું
તે તમારા ઉપર કરીશ.
4 મેં તેને લોકોની આગળ મારો સાક્ષી બનાવ્યો હતો.
તેને મેં પ્રજાઓનો નેતા અને શાસક બનાવ્યો હતો."

5 "તેમે પણ અજાણી પ્રજાઓ પર અધિકાર ચલાવશો.
અને તે પ્રજાઓ તમારી પાસે દોડી આવશે.
કારણ કે ઇસ્રાએલના પરમ પવિત્ર યહોવાએ
તમારું સન્માન કર્યું છે."
6 યહોવા મળે એમ છે
ત્યાં સુધીમાં તેને શોધી કાઢો,
તે નજીક છે
ત્યાં સુધીમાં તેને બોલાવો.
7 દુષ્ટ માણસો પોતાના દુષ્ટ આચરણોનો ત્યાગ કરે;
અને પાપીઓ પોતાના પાપી વિચારો છોડી દે;
તેઓ યહોવા પાસે પાછા ફરે;
તે તેમના પર દયા કરશે;

આપણા દેવને ચરણે પાછા વળો;
તે પૂરી માફી આપશે.

### દેવને લોકો સમજી શકવાના નથી

8 યહોવા કહે છે, “મારા વિચારો એ તમારા વિચારો નથી
અને તમારા રસ્તા એ મારા રસ્તા નથી.
9 કારણ કે જેમ પૃથ્વીથી આકાશ ઊંચું છે,
તેમ મારા માર્ગો તમારા માર્ગોથી
અને મારા વિચારો તમારા વિચારોથી ઊંચા છે.”

10 “જેમ વરસાદ અને બરફ આકાશમાંથી આવે છે,
અને ધરતીને જળથી સીંચ્યા વગર પાછા વળતા નથી;
તેથી જ ધરતી ફૂલેફાલે છે
અને વાવવા માટે બીજ અને ખાવા માટે અનાજ આપે છે.
11 તે જ રીતે મારા વચનો મારા મુખમાંથી નીકળે છે
અને હંમેશ ફળ આપે છે.
મારી ઇચ્છા પ્રમાણે તે કાર્ય પૂરું કર્યા વગર
અને મેં સોંપેલું કાર્ય સિદ્ધ કર્યા વિના એ પાછો ફરતો નથી.”

12 “તમે બાબિલમાંથી આનંદપૂર્વક નીકળી પડશો
અને સુરક્ષિત રીતે તમને દોરી લઇ જવામાં આવશે.
તમારી આગળ પર્વતો અને ડુંગરો આનંદના પોકારો કરીને
અને જંગલના વૃક્ષો તાળીઓ પાડીને તમને આવકારશે.
13 એક વખતે જ્યાં કાંટા-ઝાંખરા હતા,
ત્યાં દેવદાર અને મેંદી ઊગી નીકળશે.
આ પરાક્રમને કારણે યહોવાના નામનો મહિમા અમર થશે.
તે શાશ્વત સ્મારકરૂપ પરાક્રમ અને ક્યારેય ન ભૂંસાય તેવી
નિશાની થશે.”

# 56

### વિદેશીઓનો સમાવેશ અને આશીર્વાદ

1 યહોવા કહે છે કે, "સર્વની સાથે ન્યાય અને પ્રામાણિકતાથી
વર્તોર્. ન્યાયને અનુસરો, કારણ હું મુક્તિ આપવાની તૈયારીમાં
છું, અને ન્યાયને વિજયી બનાવનારો છું."
2 જે માણસ વિશ્રામવારની પવિત્રતા જાળવી તેનું પાલન કરે
અને બધાં દુષ્કર્મોથી દૂર રહે, તે માણસ પરમસુખી છે! જે માણસ
ભૂંડું કરવાથી પોતાને પાછો રાખે છે તે આશીર્વાદિત છે.
3 યહોવાને શરણે આવેલા વિદેશીએ એમ ન કહેવું કે, "યહોવા
મને પોતાના લોકોથી ખરેખર જુદો રાખશે," અને કોઇ ખોજાએ
એમ ન કહેવું કે, "હું તો સુકાઇ ગયેલું ઝાડ છું."
4 કારણ યહોવાના વચન છે, "જે ખોજાઓ વિશ્રામવારનું પાલન
કરશે અને મારા કરારને દ્રઢતાથી વળગી રહેશે.
5 તેના માટે, હું મારા મંદિરમાં, એની ભીંતો વચ્ચે, મારા પુત્રો
અને પુત્રીઓથી પણ ચડિયાતું સ્મારક અને નામ આપીશ. હું તેને
એવું અમર નામ આપીશ જે કદી નાશ ન પામે."
6 વળી જે વિદેશીઓ મારે શરણે આવ્યા છે, જેઓ મારી સેવા
કરે છે, મારા નામ પર પ્રેમ કરે છે, મારા સેવકો છે, અને જે
કોઇ મારા વિશ્રામવારની પવિત્રતા જાળવી તેનું પાલન કરે છે, અને
મારા કરારને દ્રઢતાપૂર્વક વળગી રહે છે.
7 યહોવા કહે છે કે, "તેમને હું મારા પવિત્ર પર્વત પર લઇ
આવી મારા પ્રાર્થનાગૃહમાં આનંદનો અનુભવ કરાવીશ. તેણે
યજ્ઞવેદી પર ચઢાવેલાં દહનાર્પણો અને યજ્ઞોનો હું પ્રસન્નતા પૂર્વક
સ્વીકાર કરીશ. મારું મંદિર બધા લોકો માટે, પ્રાર્થના કરવા માટેનું
સ્થળ બની રહેશે."
8 ઇસ્રાએલના વેરવિખેર થયેલાંઓને એકઠા કરનાર પોતે યહોવા
દેવના મુખના આ વચનો છે, "જેઓને ભેગા કર્યા છે તેમની ભેગા
બીજાઓને પણ હું ભેગા કરતો રહીશ."

9 આવો, વનવગડાંના પશુઓ, જંગલનાં પશુઓ,
આવો અને ખાઓ;
10 કારણ કે ઇસ્રાએલના બધાં ચોકીદારો સર્વ આંધળા છે

અને કંઇ જાણતા નથી;
તેઓ મૂંગા કૂતરા છે કે જે ભસતા નથી, તેના જેવા છે.
તેઓ જમીન પર લાંબા થઇને સૂઇ રહેવાનું,
આરામ કરવાનું તથા સ્વપ્નો જોવાનું પસંદ કરે છે.
11 તેઓ બધા ખાઉધરા કૂતરા છે,
જે કદી ધરાતા નથી,
તેઓ એવા ઘેટાંપાળકો છે કશું સમજતા નથી.
તેઓ ફકત પોતાના જ હિતનો વિચાર કરે છે,
ને શક્ય હોય તેટલું પોતાના
માટે મેળવવાનો પ્રયત્ન કરે છે.
12 પ્રત્યેક વ્યકિત કહે છે,
"ચાલો, હું દ્રાક્ષારસ લઇ આવું
અને આપણે ધરાઇને પીએ અને ઉજાણી કરીએ;
અને આવતીકાલ આજના કરતાં
પણ વધારે સરસ થશે!"

# 57

## દેવનો ડર અને ઉદ્ધારનું વચન

1 સારા માણસો મરી જાય છે,
પણ કોઇ વિચાર કરતું નથી;
ધર્મિષ્ઠ માણસો પોતાના સમય અગાઉ મૃત્યુ પામે છે.
શા માટે આવું બને છે તે કોઇ સમજતું નથી.

ભૂંડા દિવસો અને આફતમાંથી ઉગારવા માટે દેવ તેઓને ઉપાડી લે છે
તે તેઓ સમજતા નથી.
2 દેવનો ડર રાખીને સત્યને માગેર્ ચાલનારાઓ મૃત્યુમાં શાંતિ
અને આરામ પામે છે.

3 "પરંતુ તમે જાદુગરના પુત્રો,
વ્યભિચારી અને વારાંગનાના સંતાનો!

અહીં પાસે આવો.
4 તમે કોની મશ્કરી કરો છો?
તમે કોની સમક્ષ મોં પહોળું કરી,
જીભ કાઢી ચાળા પાડો છો?
શું તમે પાપીઓનાં અને જૂઠાઓના સંતાનો નથી?
5 તમે એકેએક દેવદાર વૃક્ષ
નીચે વિષયભોગ કરો છો,
ખાડીમાં અને ખડકોની ફાટોમાં
બાળકોનો ભોગ આપો છો.
6 ખાડીમાંના સુંવાળા પથ્થરો તમારો વારસો છે,
તમે તેને જ લાયક છો,
તમે તેમને પેયાપર્ણ અને ખાદ્યાર્પણ ચઢાવો છો.
યહોવા કહે છે કે, શું આ બધાને હું નજર અંદાજ કરીશ?
7 તમે ઊંચા ઊંચા પર્વતો પર બલિદાનો અર્પણ કરવા જાઓ છો
અને વિજાતિય વ્યવહાર કરો છો.
8 તમારા ઘરના મુખ્ય બારણા
અને બારસાખ પાછળ
તમે તમારી મૂર્તિઓ ગોઠવી છે.
તમે મારો ત્યાગ કર્યો છે.
હે મારી પ્રજા, તું તો વારાંગના જેવી છે!
મને છોડીને તારી પહોળી પથારી પર નવસ્ત્રી થઇને સૂતી છે,
અને તું મનપસંદ માણસો સાથે સોદા કરી
તારી કામવાસના સંતોષે છે.
9 તેં સુગંધીદાર ધૂપ તથા અત્તર મોલેખ
દેવને ભેટ તરીકે અર્પણ કર્યા છે.
સંદેશવાહકોને દૂર દૂરના
શેઓલમાં મોકલે છે.
10 લાંબી યાત્રાથી તું થાકી જાય છે;
પણ તું અટકતી નથી.
તેં તારી ઇચ્છાઓને બળવત્તર કરી
અને તારી શોધમાં તું આગળ વધતી ગઇ.
11 તું કોનાથી આટલી બધી ગભરાય છે?

કે તું અસત્ય બોલી?
તું મને કેવી રીતે ભૂલી ગઇ
અને મારો સહેજ પણ વિચાર કર્યો નહિ?
શું હું લાંબા સમય સુધી શાંત રહ્યો એટલે
તું મારો ડર રાખતી નથી?
12 પરંતુ હવે હું તારાં એ પુણ્ય કૃત્યો
અને 'ન્યાયીપણું' જાહેર કરીશ;
એ બંનેમાંથી એક
પણ તારો બચાવ કરી નહિ શકે.
13 તું તારા બચાવ માટે ધા નાખીશ
ત્યારે આ તારી ભેગી કરેલી મૂર્તિઓ
તારી મદદે આવવાનાં નથી.
પવન તેમને તાણી જશે,
અરે એક ફૂંક પણ તેમને ઉડાડી મૂકશે,
પણ જે મારું શરણું સ્વીકારશે,
તે ધરતીનો ધણી થશે
અને મારા પવિત્ર પર્વતનો માલિક બનશે."

### યહોવા પોતાના ભકતોને મદદ કરશે

14 વળી તે વખતે હું કહીશઃ સડક બાંધો,
રસ્તાઓ ફરીથી તૈયાર કરો.
મારા લોકોના રસ્તાઓમાંથી ખડકો અને પથ્થરો દૂર કરો.
અને મારા લોકો માટે સરળ માર્ગ તૈયાર કરો.

15 જે અનંતકાળથી ઉચ્ચ
અને ઉન્નત છે,
તેવા પવિત્ર દેવ આ પ્રમાણે કહે છે,
"હું ઉન્નત અને પવિત્રસ્થાનમાં વસું છું,
પણ જેઓ ભાંગી પડ્યા છે અને નમ્ર છે તેમની સાથે
પણ હું રહું છું. નમ્ર લોકોમાં હું નવા પ્રાણ પૂરું છું
અને ભાંગી પડેલાઓને ફરી બેઠા કરું છું.
16 કારણ કે હું સદાકાળ તમારી પર ગુસ્સો કરીશ નહિ,

અને આખો વખત તમને ઠપકો આપ્યા કરીશ નહિ.
કારણ, બધામાં પ્રાણ પૂરનાર, હું જ છું.
જો એમ ન હોય તો મારા જ સર્જેલાં બધાં લોકો મારી
સામે મૂછિર્ત થઇ જશે.
17 તેમનાં લોભ અને પાપને કારણે ગુસ્સે થઇને મેં
તેમને ફટકાર્યાં હતાં
અને મેં તેમનાથી મારી
જાતને છુંપાવી દીધી હતી.
છતાં તેમણે હઠપૂર્વક મનમાન્યા
માગેર્ જવાનું ચાલુ રાખ્યું.
18 તેઓ કયા માગેર્ ગયા છે એ મેં જોયું છે,
તેમ છતાં હું તેઓને સાજા કરીને ઘા રૂઝવીશ.
હું તેઓને સાચો માર્ગ દેખાડીશ,
હિંમત અને દિલાસો આપીશ;
19 હું હોઠોનાં ફળો ઉત્પન્ન કરીશ;
જેઓ દૂર છે તેમજ પાસે છે
તેઓને શાંતિ થાઓ,
કારણ કે હું તે બધાને સાજા કરીશ.”

20 પણ દુષ્ટ માણસો તો તોફાની સાગર જેવા છે,
જે કદી શાંત રહેતા નથી,
જેના જળ ડહોળાઇને કાદવ
અને કચરો ઉપર લાવે છે.
21 “દુષ્ટોને કદી શાંતિ હોતી નથી,
એવું મારા દેવ કહે છે.”

# 58

## સાચો ઉપવાસ

1 યહોવા કહે છે, “કોઇ પણ સંકોચ વિના મોટે સાદે પોકાર કર
કઇ પણ બાકી ન રાખ.

રણશિંગા જેવો તારો સાદ ઊંચો કર.
મારા લોકો યાકૂબના વંશજોને
તેઓના પાપ વિષે જણાવી દે.
2 રોજ રોજ તેઓ મારી ઉપાસના કરવા આવે છે,
તેઓ કહે છે કે, તેમને મારા માગોર્ જાણવાનું ગમે છે,
જો કે તેઓ ન્યાયનું આચરણ કરનારી પ્રજા છે
અને જેમણે પોતાના દેવના શાસનનો અંત લાવ્યો નથી.
તેઓએ મારી પાસે ન્યાયની અને સત્યની માગણી કરી
અને તેઓ દેવની નજીક રહેવા માગે છે."

3 લોકો પૂછે છે કે, "યહોવા, તમે જો જોતા જ ન હોય તો
પછી અમે ઉપવાસ શા માટે કરીએ? તું જો ધ્યાન જ ન આપતો
હોય તો અમે શા માટે અમારી જાતને નમાવીએ?"
પરંતુ યહોવા તેમને કહે છે, "તમે ઉપવાસ કરો છો ત્યારે પણ
તમે તમારી મરજી મુજબ કરો છો અને તમારા મજૂરો ને ત્રાસ
આપો છો.
4 જુઓ, તમે ઉપવાસ કરો છો અને તે જ સમયે તમે લડો-
ઝગડો અને એકબીજા સાથે હિંસક મારામારી કરો છો, પછી
ઉપવાસ કરવાનો અર્થ શો? આ પ્રકારના ઉપવાસથી તમારો સાદ
સ્વગેર્ નહિ પહોંચે.
5 શું હું તમારી પાસેથી આ પ્રકારના ઉપવાસ સ્વીકારું છું?
જેમાં આ પ્રમાણે પ્રાયશ્ચિત કરવું અને હવામાં બરૂની જેમ માથું
નમાવવું અને શોકના વસ્ત્રો પહેરીને પોતાના શરીર ઉપર રાખ
ચોપડવી? શું તમને લાગે છે કે યહોવા આ પ્રકારના ઉપવાસને
સ્વીકારે છે?
6 "ના, હું એવા પ્રકારના ઉપવાસ સ્વીકારીશ જેમાં તમે ન્યાયથી
વતોર્ અને કચડાયેલાને મુકત કરો.
7 તમારે ભૂખ્યા સાથે વહેંચીને ખાવું, ઘર વગરનાને પોતાના
ઘરમાં આશરો આપવો, ઉઘાડાને જોતાં તેને વસ્ત્ર પહેરાવવાં. અને
માનવબંધુઓને ભીડમાં જોઇને આંખ આડા કાન કરવાં નહિ."

8 જો તમે આ બાબતોનો અમલ કરશો, તો દેવ પોતાનો
મહિમાવંત પ્રકાશ તમારા પર પાડશે; અને તમારા ઘા જલદી
રૂઝાઇ જશે; તમારો સદાચાર તમને આગળ દોરી જશે અને
યહોવાનો મહિમા તમને અનુસરશે. અને તમારી પાછળ યહોવાનો
મહિમા પણ આવતો હશે.
9 ત્યારબાદ તમે યહોવાને વિનંતી કરશો, તો તે તમને અવશ્ય
પ્રત્યુત્તર આપશે, તે ઝડપથી પ્રત્યુત્તર આપતાં કહેશે; “હા હું આ
રહ્યો.”

તમારે કેવળ આટલું કરવાનું છે: નિર્બળ પર ત્રાસ આપવાનું
બંધ કરો. કોઇના તરફ આંગળી ચીંધીને ખોટા આક્ષેપો કરવાનું
છોડી દો;
10 જો ભૂખ્યાઓને તમે તમારો રોટલો આપો અને દીન
દુઃખીજનની આંતરડી ઠારો, તો પ્રકાશ અંધકારમાં પ્રકાશી ઊઠશે
અને સંધ્યાકાળ તમારે માટે બપોરની જેમ ઝળાંહળાં થશે.
11 હું સતત તમને દોરતો રહીશ, અને મરુભૂમિમાં પણ તમને
કશાની ખોટ નહિ પડવા દઉં. હું તમારા અંગોમાં બળ પૂરીશ.
અને તમે જળ સીંચેલી વાડી જેવા, સદા વહેતાં ઝરા જેવા બની
જશો.
12 ઘણા સમયથી ખંડેર પડેલા તમારા નગરોને તમારાં સંતાનો
ફરીથી બાંધશે, અને “ભીતો અને ધોરી માર્ગોને બાંધનારા લોકો”
એવા નામથી તમે ઓળખાશો.
13 જો તમે પવિત્ર વિશ્રામવારને પાળશો અને તે દિવસે તમારો
પોતાનો ધંધો તથા મોજમજા કરશો નહિ, પણ તમે વિશ્રામવારને
આનંદોત્સવનો યહોવાનો પવિત્ર દિવસ જાણીને, તે વિષે આનંદથી
બોલશો અને તમારાં કાર્યો બંધ રાખીને યહોવાનો આદર કરશો,
તેમ જ તમારી પોતાની ઇચ્છાઓને અને આનંદપ્રમોદને અનુસરસો
નહિ અને કૂથલી નહિ કરતાં, તેને માન આપશો.
14 તો પછી તમે યહોવામાં ઉત્સવ કરશો અને યહોવા તમને
ધરતીનાં ઊંચા શિખરો પર સ્થાપિત કરશે, અને તમને તમારા
પૂર્વજ યાકૂબનો વારસો ભોગવવા મળે એવું કરશે. આ યહોવાના
પોતાના વચન છે.

# 59

## પાપ સંબંધી ચેતવણી ને યહોવાની સહાય

1 જુઓ, યહોવાનો હાથ કઇં એવો નિર્બળ નથી કે તે તમારો
બચાવ ન કરી શકે અથવા તેનો કાન એવો બહેરો નથી કે સાંભળી
ન શકે.
2 પણ તમારા પાપોએ તમારી અને દેવની વચ્ચે આડ ઊભી
કરી છે; તમારાં પાપને કારણે તે તેમને દર્શન આપતો નથી કે નથી
સાંભળતો.
3 તમારા હાથ લોહીથી, ને અપરાધોથી ખરડાયેલા છે; ને તમારી
જીભ જૂઠું બોલે છે અને દગાફટકાથી વાત કરે છે.
4 અદાલતમાં સાચી ફરિયાદ કરવાં કોઇ જતું નથી. સૌ પોકળ
દલીલો પર આશા બાંધે છે, ને સૌ કોઇ જૂઠાણું ચલાવે છે. દુષ્ટ
મનસૂબા ઘડે છે અને અધર્મ આચરે છે.
5 તેઓ સાપનાં ઇંડા સેવે છે અને કરોળિયાનાં જાળાં ગૂંથે છે;
જે એ ઇંડા ખાય છે તે મોતને ભેટે છે, ને જે ઈંડુ ફૂટે છે તેમાંથી
સાપ નીકળે છે.
6 તેમનાં જાળાં કઇં વસ્ત્ર તરીકે કામ આવવાનાં નથી, કોઇ તેને
પહેરી શકવાનું નથી.

તેમનાં કમોર્ કુકમોર્ છે અને તેમના હાથ હિંસા આચરે છે.
7 દુષ્ટ કૃત્યો કરવા તેમના પગ દોડી જાય છે, ને નિદોર્ષનું
લોહી રેડવા તેઓ ઉતાવળા થાય છે, તેઓ હંમેશા કાવાદાવાના
જ વિચાર કરતા હોય છે, અને પોતાની પાછળ વિનાશ અને
પાયમાલી મુકતા જાય છે,
8 તેઓ શાંતિનો માર્ગ જાણતા નથી. તેમના માર્ગમાં કોઇ ન્યાય
નથી. તેમના માગોર્ છેતરામણા છે અને એ માગેર્ જનારા કોઇને
શાંતિ મળતી નથી.

## ઇસાએલના પાપોથી મુશ્કેલીઓનું આવવું

9 તેથી આપણને ન્યાય મળતો નથી,
આપણી મુકિત હજી દૂર છે.
અમે અજવાળાની આશા રાખીએ છીએ,

પણ જુઓ અંધકારમાં; તેજ ઝંખીએ છીએ
અને અંધકારમાં અટવાઇએ છીએ.
10 આપણે અંધજનની જેમ ભીંતે
હાથ દઇને ફાંફા મારીએ છીએ,
આપણે ભરબપોરે જાણે અંધારી
રાત્રિ હોય એમ ઠોકર ખાઇએ છીએ;
જાણે આપણે ભટકતાં મૃત લોકો ના હોઇએ!
11 આપણે બધા રીંછની જેમ ઘૂરકીએ છીએ,
ને હોલાની જેમ કણીએ છીએ.
આપણે ન્યાયને ઝંખીએ છીએ,
પણ ન્યાય મળતો નથી,
તારણની આશા રાખીએ છીએ,
પણ તે અમારાથી દૂર રહે છે.
12 હે યહોવા, અમે તારા અનેક અપરાધો કર્યા છે
અને અમારાં પાપ અમારી વિરુદ્ધ સાક્ષી પૂરે છે.
અમને અમારા પાપોનું ભાન છે,
અમારા પાપ અમે જાણીએ છીએ.
13 તારી સામે અમે બળવો કર્યો છે
અને તારો નકાર કર્યો છે,
અમે તમને,
અમારા દેવને અનુસરવાનું છોડી દીધું છે,
અમે ઘોર ત્રાસ
અને બળવાની વાતો કરીએ છીએ,
અમે જૂઠાણાંઓ વિચારીએ છીએ
અને તેને જ ઉચ્ચારીએ છીએ.
14 અમે ન્યાયને પાછો કાઢીએ છીએ
અને ધર્મને આઘો રાખીએ છીએ.
ન્યાયીપણું નગરનાં ચોકમાં ઠોકર ખાય છે,
અને પ્રામાણિકતાને પ્રવેશવા દેવામાં આવતી નથી.
15 હા, સત્યનો સદંતર અભાવ છે,
અને જે સત્યને વળગી રહેવા પ્રયત્ન કરે છે તેના ઉપર આક્રમણ થાય છે.

યહોવાએ સર્વ દુષ્ટતા નિહાળી છે
અને પાપની વિરુદ્ધ કોઇ પગલું લેવામાં આવ્યું નથી તેથી તે નારાજ થાય છે.
16 યહોવાએ આ જોયું છે અને તે ન્યાયના અભાવથી અપ્રસન્ન થયા છે.
દીનદલિતોની સાથે થવા કોઇ તૈયાર નથી,
એ જોઇને તે નવાઇ પામ્યા છે.
આથી તે પોતાના જ બાહુબળથી અને ન્યાયીપણાથી વિજય પ્રાપ્ત કરશે.
17 તે મુકિતનું બખતર ચઢાવશે
અને માથે વિજયનો ટોપ ધારણ કરશે,
વેરના વાઘા પહેરશે
અને ઉપર ક્રોધનો ઝભ્ભો ઓઢશે.
18 તે દરેકને તેના કર્મ પ્રમાણે બદલો આપશે.
શત્રુઓ પર રોષ ઉતારશે,
દુશ્મનોને દંડ દેશે
અને દૂર દેશાવરના લોકોને પણ સજા કરશે.
19 ત્યારબાદ પૂર્વથી પશ્ચિમ સુધી લોકો યહોવાના નામથી ડરશે
અને તેના પ્રતાપથી થરથર ધ્રુજશે;
કારણ તે ધસમસતા પૂરની
અને પ્રચંડ વાયુની જેમ ધસી આવશે.
20 પણ સિયોનને માટે, પોતાના લોકોમાંથી જેઓ પાપથી પાછા ફર્યા હશે
તેમને માટે તો તે ઉદ્ધારકરૂપે આવશે. આ યહોવાના પોતાના વચન છે.

21 યહોવા કહે છે કે, “આ મારો તમારી સાથેનો કરાર છે; મેં મારો આત્મા જે તારા પર છે, ને મારાં વચનો જે તારા મુખમાં મૂક્યાં છે તે તારા મુખમાંથી તારા સંતાનના મુખમાંથી, તથા તારા સંતાનના સંતાનનાં મુખમાંથી હમણાંથી તે સર્વકાળપર્યંત અલોપ થનાર નથી.”

# 60

## દેવના લોકો માટે ભાવિ મહિમા

1 “હે યરૂશાલેમ, પ્રકાશી ઊઠ! તારા પર
યહોવાનો મહિમા ઉદય પામ્યો છે
ને તે ઝળહળી રહ્યો છે.
2 જુઓ, પૃથ્વી પર હજી અંધકાર છવાયેલો છે
અને લોકો હજી ઘોર તિમિરમાં છે,
પણ તારા પર યહોવા ઉદય પામે છે
અને તેનો મહિમા તારા પર પ્રગટે છે.
3 પ્રજાઓ તમારા પ્રકાશ તરફ આવશે;
તેમના પરાક્રમી રાજાઓ પણ તમારા ચળકતા ઉજાસને
નિહાળવા આવશે.
4 તું જરા ઊંચી નજર કરીને ચારે તરફ જો;
બધા ભેગા થઇને તારા તરફ આવે છે.
દૂર દૂરથી તારા પુત્રો આવશે
અને તારી પુત્રીઓને તેમની આયાઓ તેડીને લાવશે,

5 “એ જોઇને તમારી આંખો ખુશીથી ચળકશે
અને તમારાં હૃદયો પ્રફુલ્લિત થશે,
સમુદ્રની સંપત્તિ તમારી પાસે આવશે,
દૂર દેશાવરોની સમૃદ્ધિ તમને અપાશે.
6 ઊંટોના ટોળાથી તમારો દેશ છવાઇ જશે.
તેઓ મિદ્યાન અને એફાહમાંના પ્રદેશમાંથી આવશે,
શેબાથી પણ બધાં આવશે;
સોનું અને લોબાન લઇને આવશે,
યહોવાનાં સ્તોત્ર ગાતાં ગાતાં આવશે.
7 કેદારના અને નબાયોથનાં બધાં ઘેટાંબકરાં
તારા વિધિવત યજ્ઞ માટે લાવવામાં આવશે
અને યહોવાની યજ્ઞ વેદી પર
તેને પ્રસન્ન કરવા બલિ તરીકે હોમાશે
અને તે એના મહિમાવંતા
મંદિરનો મહિમા વધારશે.

8 વાદળની જેમ
અને પોતાના માળા તરફ જતાં કબૂતરોની
જેમ ઊડતાં આ શું જાય છે?
9 હા, એ તો દૂર દેશાવરના વહાણ ભેગાં થઇને આવે છે
અને તાર્શીશના વહાણો એમાં આગળ છે.
તેઓ તમારા દેવ યહોવાને નામે,
તને મહિમાવંત બનાવનાર ઇસ્રાએલના પરમપવિત્ર દેવને નામે,
તારા સંતાનોને સોનાચાંદી સાથે
દૂર દૂરથી પાછાં આવે છે.”
10 યહોવા યરૂશાલેમને કહે છે,
“વિદેશીઓ આવશે અને તારા નગરોના કોટને ફરી બાંધશે.
અને તેમના રાજાઓ તારા ગુલામ બનશે.
કારણ ક્રોધ ચઢતાં મેં તને પ્રહાર કર્યો હતો.
પણ હવે હું મારી કૃપામાં
તારા પર દયા કરીશ.
11 તારા દરવાજા સદાય ખુલ્લા રહેશે,
રાતે કે દિવસે કદી બંધ થશે નહિ,
જેથી તેમાં થઇને વિદેશી રાજાઓ પોતાની સમૃદ્ધિ લઇને આવે.
12 પરંતુ જે પ્રજા કે રાજ્ય તારી તાબેદારી સ્વીકારવાની ના પાડશે તેનો નાશ થશે,
તે ખેદાનમેદાન થઇ જશે.
13 લબાનોનનાં ગૌરવરૂપ ચિનાર,
સરળ અને સરુનું કિમતી લાકડું મારા પવિત્રસ્થાનની શોભા વધારવા,
મારી પાદપીઠનો મહિમા કરવા
તારી પાસે લાવવામાં આવશે.
14 જેઓએ તારા પર ત્રાસ કર્યો તેઓના પુત્રો તારી પાસે નમતા આવશે;
અને જેઓએ તને તુચ્છ માન્યું તેઓ સર્વ
તારા પગનાં તળિયાં સુધી નમશે;
અને તેઓ તને ‘યહોવાનું નગર’,

‘ઇસ્રાએલના પવિત્ર દેવનો મહિમાવંત
પર્વત એવા નામથી તેઓ સંબોધશે.’

15 “તું એક નગરી હતી જે ત્યકતા અને તિરસ્કૃત હતી,
કોઇ તારામાંથી પસાર થતું નહોતું;
પણ હું તને કાયમ માટે માનવંતી
અને આનંદના ધામરૂપ બનાવીશ.
16 વિદેશી ભૂમિઓ અને તેના રાજામહારાજાઓ
તારું પોતાની માતાની જેમ પાલન કરશે,
ત્યારે તને ખબર પડશે કે હું,
યહોવા તારો તારક છું,
હું યાકૂબનો મહાબળવાન દેવ, તારો રક્ષક છું.

17 “હું તમને કાંસાને બદલે સોનું
અને લોખંડને બદલે ચાંદી
તેમજ લાકડાને બદલે કાંસુ
અને પથ્થરને બદલે લોઢું આપીશ.
તારા પ્રશાસક શાંતિ
અને ન્યાયપૂર્વક શાસન ચલાવે એમ હું કરીશ,
18 તારી ભૂમિમાં હિંસાનું, વિનાશનું
કે પાયમાલીનું નામ સાંભળવા નહિ મળે.
તમારી ભીતો ‘તારણ’ કહેવાશે
અને તમારા દરવાજાઓ ‘સ્તુતિ’ કહેવાશે.

19 “હવે પછી તને દિવસ દરમ્યાન પ્રકાશ માટે સૂર્યની કે રાત્રે
પ્રકાશ માટે ચંદ્રની જરૂર નહિ રહે,
કારણ, હું તારો દેવ યહોવા,
તારો શાશ્વત પ્રકાશ બની રહીશ,
અને તારો દેવ તારો મહિમા હશે.
20 તારો સૂર્ય હવે કદી આથમશે નહિ
કે તારો ચંદ્ર છુપાશે નહિ,

કારણ, હું યહોવા તારો શાશ્વત પ્રકાશ બની રહીશ
અને તારા દુ:ખના દિવસોનો અંત આવશે.

21 "વળી તમારા સર્વ લોકો ધાર્મિક થશે.
તેઓ સદાકાળ પોતાના દેશનું વતન પામશે,
કારણ કે હું મારા પોતાના હાથે
તેઓને ત્યાં સ્થાપીશ;
અને એમ મારો મહિમા થશે.
22 છેક નાનું કુટુંબ પણ સંખ્યામાં વૃદ્ધિ પામીને કુળસમૂહ બનશે.
ને જે નાનકડું ટોળું છે
તે વૃદ્ધિ પામીને પરાક્રમી પ્રજા બનશે.
હું યહોવા, સમયની સંપૂર્ણતાએ
તે સર્વ પૂર્ણ કરીશ."

# 61

## મુકિતનું સ્વાગત

1 યહોવા મારા માલિકે, તેનો આત્મા મારામાં મૂક્યો છે, કારણ,
તેણે મારો અભિષેક કર્યો છે. તેણે મને દીનદુ:ખીઓને શુભસમાચાર
સંભળાવવા, ભાંગેલા હૈયાના ઘા રૂઝાવવા, કેદીઓને છુટકારાની,
ને બંદીવાનોને મુકિતની જાહેરાત કરવા મોકલ્યો છે.
2 જે લોકો શોક કરે છે તેઓને એમ કહેવા મને મોકલ્યો છે
કે, તમારા માટે યહોવાની કૃપાનો દિવસ આવી પહોંચ્યો છે. અને
તમારા શત્રુઓ માટે યહોવાના કોપનો દિવસ આવી પહોંચ્યો છે.
3 તેણે મને સૌ દુ:ખીઓને સાંત્વના આપવા, તેમનો શોક હર્ષમાં
ફેરવવા, એમનાં ભારે હૈયાને સ્તુતિનાં ગીતો ગાતાં કરવા મોકલ્યો
છે. એ લોકો યહોવાએ પોતાના મહિમા માટે રોપેલાં "ધર્મનાં વૃક્ષો
કહેવાશે."
4 "પ્રાચીન ખંડેરોનો તેઓ જીણોદ્ધાર કરશે, અગાઉ ભોંયભેગા
થઇ ગયેલાં મકાનોને ફરી ઊભા કરશે, પેઢીઓથી ઉજ્જડ પડી
રહેલાં નગરોને નવેસરથી બાંધશે.

5 “હે મારા લોકો, વિદેશીઓ તમારી સેવા કરશે, તેઓ તમારા
ઘેટાંબકરાંને ચારશે અને તમારાં ખેતરોમાં મજૂરી કરશે.
6 પરંતુ તમે લોકો ‘યહોવાના યાજકો’ તથા આપણા ‘દેવના
સેવકો’ ગણાશો. તમે બીજી પ્રજાઓની સમૃદ્ધિ ભોગવશો અને
તેમની સંપત્તિથી શોભશો.
7 “તમારે બેવડી શરમ અનુભવવી પડી હતી, અપમાન અને
તિરસ્કાર વેઠવાં પડ્યા હતાં; તેથી હવે તમને તમારા પોતાના દેશમાં
બમણી સંપત્તિ પ્રાપ્ત થશે, અને તમે શાશ્વત આનંદ ભોગવશો.
8 યહોવા કહે છે, હું યહોવા ન્યાયને ચાહું છું, હું લૂંટ અને
અયોગ્ય કાર્યને ધિક્કારું છું. હું દુ:ખ સહન કરતા મારા લોકોને
વિશ્વાસુપણે બદલો આપીશ અને તેઓની સાથે સદાકાળનો કરાર
કરીશ.
9 તેઓના વંશજો સર્વ પ્રજાઓમાં ખ્યાતિ પામશે; અને સર્વ
લોકો જાણશે કે, દેવે જેઓને ખૂબ આશીર્વાદિત કર્યા છે તે આ
લોકો છે.”

### દેવનો સેવક વિનાશમાંથી બચાવ લાવ્યો

10 “યહોવાના ઉપકારોનું સ્મરણ થતાં મારા હૈયામાં આનંદ શમાતો
નથી.
મારા દેવને સંભારતાં મારું હૈયું હર્ષથી ઊભરાય છે; કારણ,
તેણે મને તારણનાં વસ્ત્રો પહેરાવ્યા છે
અને મને ન્યાયીપણાંનો ઝભ્ભો પહેરાવ્યો છે.
લગ્નનાં વસ્ત્રોમાં સજ્જ થયેલા વરરાજા જેવો
અથવા રત્નાલંકારોથી શણગારાયેલી જાણે વધૂ જેવો હું છું.
11 જેવી રીતે પૃથ્વી તેની વનસ્પતિઓનું નવ સર્જન કરે છે,
અથવા એક બગીચો તેમાં રોપેલા બીજાને ઉગાડે છે,
યહોવા જગતની પ્રજાઓને પોતાનો ન્યાય
અને મહિમા બતાવશે.”

# 62

### યરૂશાલેમ ઉદ્ધાર માટે પ્રાર્થના

1 હું સિયોન પર પ્રેમ કરું છું.
યરૂશાલેમનો ઉદ્ધાર ન થાય
ત્યાં સુધી હું મૂંગો નહિ રહું.
તેનો વિજય મશાલની જેમ ભભૂકી ન ઊઠે
ત્યાં સુધી હું દેવને પોકારવાનું બંધ નહિ કરું,
અને હું વિશ્રામ લઇશ નહિ.
2 સર્વ પ્રજાઓ તારું ન્યાયીપણું જોશે.
તારા મહિમાથી તે રાજાઓની આંખો અંજાઇ જશે;
અને યહોવા તને
એક નવું નામ આપશે.
3 તું યહોવાના હાથમાં ઝળહળતો તાજ,
તારા દેવના હાથમાં રાજમુગટ બની રહેશે.
4 પછી તને કોઇ "ત્યકતા" નહિ કહે,
તારી ભૂમિને કોઇ "વેરાન" નહિ કહે.
પણ તને સૌ "યહોવાની પ્રિયતમા" કહેશે,
અને તારી ભૂમિ "વિવાહિત" કહેવાશે,
કારણ, યહોવા તારા ઉપર પ્રેમ રાખે છે
અને તારી ભૂમિનો તે માલિક થશે.
5 હે યરૂશાલેમ, તારો નિર્માતા (શિલ્પી) જેમ એક યુવાન એક યુવતી સાથે લગ્ન કરે છે,
તેમ તારી સાથે લગ્ન કરશે,
અને જેમ કોઇ વર કન્યાથી હર્ષ પામે છે,
તેમ તારો દેવ તારાથી આનંદ પામશે.

6 હે યરૂશાલેમ, મેં તારા કોટ પર
પહેરેગીરો ગોઠવ્યા છે,
તેઓ રાતે કે દિવસે કદી મૂંગા નહિ રહે.

હે યહોવાને યાદ કરાવનારાઓ,
તમે પોતે જંપશો નહિ,

7 અને જ્યાં સુધી યહોવા યરૂશાલેમની ફરી પ્રતિષ્ઠા કરી તેને પૃથ્વી
પર પ્રશંસાનું પાત્ર ન બનાવે,
ત્યાં સુધી તેને જંપવા દેશો નહિ.

8 યહોવા પોતાના સાર્મથ્યથી વચન આપે છે કે,
"હવે કદી હું તારું ધાન્ય શત્રુઓને ખાવા નહિ આપું.
અથવા વિદેશીઓને તારી મહેનતથી
બનેલો દ્રાક્ષારસ નહિ પીવાં દઉં.
9 પરંતુ ધાન્ય લણનારા જ તે ખાઇને મારી સ્તુતિ કરશે,
અને દ્રાક્ષને ભેગી કરનારા જ મારા મંદિરના ચોકમાં તેનો
દ્રાક્ષારસ પીશે."

10 દરવાજામાંથી જાઓ
અને લોકો માટે રસ્તો તૈયાર કરો.
રાજમાર્ગ બાંધો,
ને પથ્થરો હઠાવી દો.
પ્રજાઓ પર ઊંચે ધ્વજ ફરકાવો.

11 જુઓ, પૃથ્વીના છેડા સુધી
યહોવા ઘોષણા કરે છે,
"યરૂશાલેમના લોકોને જણાવો કે,
આ તમારો મુકિતદાતા આવે છે,
પોતે મુકત કરેલા
લોકોને સાથે લઇને આવે છે."
12 હું તેમને ઘણા ઉપહારો આપીશ,
અને તેઓ "પવિત્ર પ્રજા" "યહોવાએ મુકત કરેલા લોકો"
કહેવાશે.
અને યરૂશાલેમ "ઇપ્સિતા" "અત્યકતા નગરી"
દેવથી આશીર્વાદિત શોધી કાઢેલી ભૂમિ કહેવાશે.

# 63

## યહોવાનો પ્રજાઓ પર વિજય

1 અદોમના નગર બોસ્રાહથી આ કોણ આવે છે?
કિરમજી રંગના શોભાયમાન વસ્ત્રોમાં સજ્જ
થઇને વીરત્વ ભરી ચાલે આ કોણ આવે છે?
એ તો હું યહોવા છું. "તમારું તારણ પ્રગટ કરું છું.
તમારો ઉદ્ધાર કરવાને શકિતમાન
અને સમર્થ એવો હું યહોવા છું."

2 "કૂંડીમાં દ્રાક્ષ ગુંદનારા વસ્ત્રની જેમ
તારાં વસ્ત્રો લાલ કેમ છે?"

3 "મેં એકલાએ દ્રાક્ષ ગૂંદી છે.
મને મદદ કરવા માટે ત્યાં કોઇ ન હતું.
મારા ક્રોધમાં મેં મારા શત્રુઓને દ્રાક્ષાની જેમ ગૂંદી નાખ્યા,
રોષે ભરાઇને મેં તેમને રોળી નાખ્યા અને તેમના લોહીની પિચકારી
મારાં વસ્ત્રો ઉપર ઊડી અને મારાં વસ્ત્રો બધાં ખરડાઇ ગયા.
4 કારણ, શત્રુઓને સજા કરી મારા પોતાના લોકોને મુકત કરવાનો
મેં નક્કી કરેલો સમય આવી ચૂક્યો છે.
5 મેં આજુબાજુ નજર નાખી પણ કોઇ મારી મદદે આવ્યું નહિ.
મારી સાથે આવનાર કોઇ નથી એ જોઇને હું અચંબામાં પડી ગયો.
6 તેમ છતાં મારા બાહુએ મને વિજય અપાવ્યો,
મારા ક્રોધમાં મેં વિદેશી પ્રજાઓને કચડી નાખી અને તે સર્વ લથડિયાં ખાઇને જમીન પર પડી ગઇ."

## યહોવા પોતાના લોકો પર દયાળુ રહ્યાં

7 યહોવાના ઉપકારો હું સંભારીશ
અને આપણે માટે એણે જે કાંઇ કર્યું છે
તે માટે હું તેના ગુણગાન ગાઇશ.
પોતાની અપાર કરુણા

અને દયાથી પ્રેરાઇને
તેણે ઇસ્રાએલના લોકોનું ભારે મોટું કલ્યાણ કર્યું છે.
8 તેણે કહ્યું, "ખરેખર તેઓ મારી પ્રજા છે,
મારા સંતાન છે;
તેઓ મને દગો નહિ દે."
9 અને તેણે તેઓને બધાં સંકટોમાંથી ઉગારી લીધા.
તેઓને બચાવવા માટે
તેણે કોઇ દૂત નહોતો મોકલ્યો,
તે જાતે આવ્યા હતા.
તેણે ઊંચકીને ભૂતકાળમાં બધો સમય
તેઓને ઉપાડ્યા કર્યા.
10 આમ છતાં તેઓએ દગો કરીને
તેમની વિરુદ્ધ બળવો કરી તેમના પવિત્ર આત્માને દુભાવ્યો.
એ પછી તે તેમના દુશ્મન બન્યા
અને જાતે તેમની સામે યુદ્ધે ચડ્યા.

11 પછી તેમણે તેમના સેવક મૂસાના જૂના
દિવસો યાદ કર્યા અને કહેવા લાગ્યા,
પોતાના લોકોના આગેવાનને સમુદ્રમાંથી
પાર ઉતારનાર યહોવા ક્યાં છે?
તેમનામાં પોતાના આત્માનો
સંચાર કરનાર એ ક્યાં છે?
12 પોતાના સંપૂર્ણ સાર્મથ્યથી મૂસાની સાથે રહેનાર ક્યાં છે?
પોતાના લોકોને માટે જળના બે ભાગ કરી
તેમને સમુદ્રમાંથી દોરી લાવી અમર કીતિર્ પ્રાપ્ત કરનાર ક્યાં
છે?
13 જેણે અમને જાણે મેદાન પર ઘોડો ચાલતો હોય
તેમ ઊંડાણમાં એવી રીતે ચલાવ્યા
કે અમે ઠોકર ખાધી નહિ, તે ક્યાં છે?
14 ખીણમાં ઊતરી જનારાં ઢોરની જેમ
તેઓ યહોવાના આત્માથી વિશ્રામ પામ્યા;
તે મુજબ તે પોતાને માટે મહિમાવંત નામ કરવા
માટે તમારા લોકોને દોર્યા.

15 હે યહોવા, ઉપર સ્વર્ગમાંથી નીચે ષ્ટિ કર,
તારા ભવ્ય અને પવિત્રસ્થાનમાંથી ષ્ટિપાત કર.
ક્યાં છે તારી શક્તિ?
ક્યાં છે તારી અમારા પ્રત્યેની હૃદયની ઘેલછા?
ક્યાં છે તારો ઊભરાતો પ્રેમ અને તારી દયા?
એને તું અટકવતો લાગે છે!
16 હજુ પણ સાચે જ તમે અમારા પિતા છો!
જો ઇબ્રાહિમ અને ઇસ્રાએલ (યાકૂબ)
અમારો અસ્વીકાર કરે તોયે,
હે યહોવા, તું અમારો પિતા છે,
પ્રાચીન સમયથી તું "અમારો ઉદ્ધારક" એ નામથી ઓળખાતો આવ્યો છે.
17 હે યહોવા, શા માટે તમે અમારાં હૃદયો કઠણ કર્યા
અને અમને તમારા માર્ગોથી વાળ્યાં છે?
પાછા આવો, તમારા સેવકોને ખાતર,
જે કુળો તમારા જ છે.
18 થોડા સમય માટે, તમારા પવિત્ર લોકો તમારા પવિત્ર ધામને ધરાવતા હતાં,
પણ હવે અમારા શત્રુઓએ તમારા મંદિરને રોળી નાખ્યું છે.
19 અમારા પર તું રાજ્ય
ન કરતો હોય તે રીતે,
અમે તારી પ્રજા ન હોઇએ તે રીતે,
અમે ઘણો સમય વિતાવ્યો!

# 64

### યહોવા અમારા પ્રજાપતિ

1 તમે આકાશ ફાડીને નીચે ઉતરી આવો!
જેથી પર્વતો તમારી હાજરીમાં કંપી ઊઠે!
2 તમારા મહિમાનો અગ્નિ જંગલોને બાળી નાખે
અને મહાસાગરોના પાણીને ઉકાળીને સૂકવી નાખે;
પ્રજાઓ તમારી સમક્ષ ધ્રૂજી ઊઠે,

ત્યાર પછી જ તમારા શત્રુઓ તમારી કીતિર્ અને સાર્મથ્યને
સમજી શકશે.
3 અમારી કલ્પનામાં ન આવે તેવાં પ્રભાવિત ભયંકર કામો જ્યારે
કરતાં હતાં,
તેવા એક સમયે તમે જ્યારે નીચે અવતરણ કર્યું,
અને પર્વતોએ તમને નિહાળ્યા ત્યારે તેઓ ભયથી કંપી
ઊઠયા!
4 કારણ કે પ્રાચીન સમયથી આજ સુધી કોઇપણ વ્યકિતએ બીજા
કોઇ
પણ વિષે જોયુ કે સાંભળ્યું નથી,
સિવાય કે આપણા દેવ,
જેણે તેઓની પ્રતિક્ષા કરનારાઓના હિતમાં કાર્ય કર્યા છે.

5 આનંદથી ભલાં કાર્યો કરનારાઓને તથા દેવના માગેર્ ચાલનારા
સૌને તમે આવકારો છો.
પરંતુ અમે દેવનો ભય રાખનારા નથી;
અમે સતત પાપ કર્યા કરીએ છીએ
અને અમારા સમગ્ર જીવન દરમ્યાન પાપી જ રહ્યા છીએ.
તેથી અમારા પર તમારો રોષ ભારે છે,
અમે કઇ રીતે બચી શકીએ?
6 અમે બધા અપવિત્ર થઇ ગયા છીએ,
અમારાં ધર્મકાર્યો સુદ્ધાં મેલા વસ્ત્રો જેવા છે.
અમે બધાં પાંદડાની જેમ ચીમળાઇ ગયા છીએ
અને અમારાં પાપ પવનની
જેમ અમને તાણી જાય છે.
7 કોઇ તમારા નામે વિનંતી કરતા નથી,
કે કોઇ તમને વળગી રહેવા પ્રયત્ન કરતું નથી.
તેં તારું મુખ અમારાથી ફેરવી લીધું છે
અને અમને અમારાં દુષ્કમોર્ને
હવાલે કરી દીધા છે.
8 હે યહોવા, હવે તમે અમારા પિતા છો;
અમે માટી અને તમે કુંભાર છો.
અમે સર્વ તમારા હાથોની કૃતિઓ છીએ.

9 હે યહોવા, વધારે કોપ કરશો નહિ,
અમારાં પાપ સદા સંભારશો નહિ!
જરા અમારા સામું જુઓ!
અમે બધા તમારી પ્રજા છીએ.
10 તમારાં પવિત્ર નગરો અત્યારે નિર્જન પ્રદેશ જેવા થઇ ગયા છે,
સિયોન વેરાન થઇ ગયું છે.
યરૂશાલેમ ઉજ્જડ અરણ્ય થઇ ગયું છે.
11 અમારું પવિત્ર અને ભવ્ય મંદિર,
જ્યાં અમારા પિતૃઓ તમારી સ્તુતિ કરતા હતા,
તે બળીને ખાખ થઇ ગયું છે;
જે જોઇને અમે આનંદ પામતા હતા,
તે બધું ખંડેર બની ગયું છે.
12 આમ છતાં, હે યહોવા, શું તમે સહાય કરવાની ના કરશો!
શું તમારું હૃદય નહિ દ્રવે?
શું હજુ પણ તમે શાંત રહેશો અને અમને અપાર વેદના આપતા રહેશો?

# 65

## ધર્મદ્રોહીની સજા

1 યહોવા કહે છે; "પહેલા કદી મારા વિષે જાણવાની કાળજી
કરી નહોતી એવા લોકો હવે મને શોધી રહ્યા છે. પહેલા કદી
મને તેઓ શોધતા નહોતા, છતાં હું તેમને મળવા તૈયાર હતો. એ
પ્રજા મને નામ દઇને પોકારતી નહોતી છતાં મેં તેમને કહ્યું કે, 'આ
રહ્યો હું. આ રહ્યો હું.'
2 "એ બળવાખોર લોકોને વધાવી લેવા મેં આખો દિવસ હાથ
પહોળા કર્યા, પણ તેઓ સ્વછંદી બની ખોટે માર્ગે ચાલે છે,
3 સતત મારા મોઢા આગળ મને ગુસ્સો ચડે એવું કરે છે. તેઓ
ઉપવનોમાં જઇને બીજા દેવોને બલિદાન આપે છે, અને તેમની
વેદી પર ધૂપ ચઢાવે છે

4 અને રાત્રે તેઓ કબ્રસ્તાનમાં અને ગુફાઓમાં જાય છે; તેઓ
ડુક્કરનું માંસ ખાય છે અને તેમના પાત્રો અશુદ્ધ પ્રાણીઓમાંથી
બનેલા રસાથી ભરેલા હોય છે,
5 તેમ છતાં તેઓ એકબીજાને કહે છે, 'મારી વધારે નજીક ન
આવશો, નહિ. તો હું તમને પવિત્ર બનાવી દઇશ!' તેઓ મને
ગૂંગળાવે છે; તેઓ મને સતત ક્રોધિત કરે છે."

## ઇસ્રાએલને સજા મળવી જોઇએ

6 "જુઓ, આ સત્ય મારી આગળ નોધેલું છે: એનો બદલો
આપ્યા વગર હું જંપીશ નહિ.
7 હું તેઓના પાપોનો જ નહિ પરંતુ તેઓના પિતૃઓના પાપોનો
પણ બદલો તેઓને આપીશ. કારણ કે તેઓએ પણ પર્વતો પર
ધૂપ બાળ્યો છે અને ટેકરીઓ પર મારું અપમાન કર્યું છે. હું
તેઓના અપરાધોનો પૂરો બદલો વાળી આપીશ."
8 યહોવા કહે છે, "જેમ ઝૂમખામા નવો દ્રાક્ષારસ મળે છે ત્યારે,
તેનો નાશ કરશો માં, કારણ કે તેમાં આશીર્વાદ છે, એમ લોકો
કહે છે; તેમ હું મારા સેવકોને માટે કરીશ, જેથી તે સર્વ લોકોનો
નાશ ન થાય.
9 હું યાકૂબના વંશજો અને યહૂદાના લોકોને આશીર્વાદ આપીશ
અને તેમને મારા આ પર્વતીય પ્રદેશના વારસો બનાવીશ. મારા
પસંદ કરેલા લોકો, મારા સેવકો ત્યાં વાસો કરશે.
10 જેઓએ મારી શોધ કરી છે તેવા મારા લોકોને માટે શારોનના
મેદાનોને ફરીથી ઘેટાં-બકરાં અને ઢોર-ઢાંખરથી ભરી દેવામાં આવશે
અને આખોરની ખીણ તેઓનું ગોચર બની રહેશે.
11 "પરંતુ તમે મારો ત્યાગ કરનારા છો, મારા પવિત્ર પર્વત
સિયોનને ભૂલી ગયા છો, ભાગ્યદેવતાઓને થાળ ધરાવો છો અને
એમને જાતજાતનાં દ્રાક્ષારસની પ્યાલીનું નૈવેદ્ય ચઢાવો છો;
12 તેથી તમને તો હું તરવારને ઘાટ ઉતારીશ. તમારા બધાની
હત્યા કરવામાં આવશે, કારણ, મેં તમને બોલાવ્યા પણ તમે જવાબ
ન આપ્યો; હું બોલ્યો, પણ તમે કાને ન ધર્યું. મારી નજરમાં જે

ખોટું હતું તે તમે કર્યું અને મને જે પસંદ નહોતું તે તમે પસંદ
કર્યું."

13 આથી યહોવા મારા માલિક કહે છે કે,
"મારા સેવકો ખાવા પામશે
પણ તમે ભૂખ્યા રહેશો,
મારા સેવકો પીશે
પણ તમે તરસ્યા રહેશો.
મારા સેવકો ખુશી થશે
પણ તમે ફજેત થશો.
14 મારા સેવકો આનંદથી ગીતો ગાશે
પણ તમે ભગ્નહૃદય થઇને રડશો,
અને અંતરના સંતાપને
લીધે આક્રંદ કરશો.
15 મારા અપનાવેલા સેવકો શાપ આપવામાં તમારા નામનો ઉપયોગ
કરશે.
હું મારા માલિક, યહોવા તમારું મોત નીપજાવીશ.
પણ હું મારા સેવકોને નવું નામ આપીશ.
16 છતાં દેશમાં જે કોઇ વ્યકિત બીજા કોઇને આશીર્વાદ આપશે,
તે તે વ્યકિતને સત્ય દેવને નામે આશીર્વાદ આપશે.
જે કોઇ દેશમાં સમ ખાશે તે,
વિશ્વાસપાત્ર દેવના નામના સમ ખાશે.
કારણ પહેલાની મુશ્કેલીઓ ભૂલાઇ ગઇ હશે
અને મારી આંખથી સંતાઇ ગઇ હશે."

### એક નવો સમય આવી રહ્યો છે

17 યહોવા કહે છે, "જુઓ, હું નવું આકાશ અને નવી પૃથ્વી સર્જુ
છું.
પહેલાની સૃષ્ટિને કોઇ સંભારશે નહિ,
તેનું કોઇને સ્મરણ પણ નહિ થાય.
18 પરંતુ હું જે સર્જું છું, તેથી તમે ખુશ થઇને સદા આનંદોત્સવ
કરો, કારણ,
હું એક યરૂશાલેમનું સર્જન કરીશ,

જે મારા માટે આનંદ લાવશે
અને જેના લોકો મારાથી ખુશખુશાલ હશે.

19 “હું યરૂશાલેમમાં આનંદ પામીશ
અને ત્યાં રહેતા લોકોથી ખુશ રહીશ.
ત્યાં ફરીથી રૂદન
તથા આક્રંદનો અવાજ સંભળાશે નહિ.
20 ત્યાં નવાં જન્મેલા બાળકો થોડા
દિવસ જીવીને મૃત્યુ પામશે નહિ;
પૂરું આયુષ્ય ભોગવ્યા વિના કોઇ વૃદ્ધ મૃત્યુ પામશે નહિ;
અને સો વરસ પૂરાં ન જીવવું એ શાપરૂપ મનાશે.

21 “લોકો જે ઘર બાંધશે તેમાં રહેવા પામશે,
જે દ્રાક્ષની વાડીઓ રોપશે તેના ફળ ખાવા પામશે.
22 કોઇ ઘર બાંધે ને કોઇ વસે,
કોઇ વાડી રોપે ને કોઇ
ખાય એવું નહિ બને.
વૃક્ષની જેમ મારા લોકો લાંબું જીવશે.
મારા અપનાવેલા લોકો
પોતાના પરિશ્રમના ફળ ભોગવવા પામશે.
23 તેઓની મહેનત વ્યર્થ નહિ જાય,
અને તેમણે ઉછેરેલા બાળકો
આફતનો ભોગ નહિ બને,
કારણ, હું યહોવા, તેમને અને તેમના સંતાનોને આશીર્વાદ આપીશ.
24 તેઓ મને પોકારે તે પહેલાં જ હું જવાબ આપીશ,
તેઓ બોલે ના બોલે ત્યાં તો મેં સાંભળી લીધું હશે.
25 વરૂ તથા ઘેટાનું બચ્ચું સાથે ચરશે,
સિંહ બળદની જેમ કડબ ખાશે,
અને ઝેરી સપોર્ કદી ડંખ મારશે નહિ!
મારા આખા પવિત્ર પર્વતમાં તેઓ ઉપદ્રવ કરશે નહિ ને વિનાશ કરશે નહિ.”

એમ યહોવા કહે છે.

# 66

## યહોવાનો મહિમા અવશ્ય પ્રગટ થશે

1 યહોવા કહે છે,
"આકાશો મારું રાજ્યાસન છે,
અને પૃથ્વી મારી પાદપીઠ છે;
તમે મારું ઘર ક્યાં બાંધશો?
મારું નિવાસસ્થાન ક્યાં ઊભું કરશો?
2 આ આખું વિશ્વ તો મેં જ બનાવેલું છે
અને એ બધું તો મારું જ છે.
હું એવા લોકોનું સન્માન કરીશ, જેઓ દીનદુ:ખી હોય, કચડાયેલા
અને ભાંગી પડેલા હોય,
અને જે મારી આજ્ઞા માથે ચડાવતો હોય અને જે મારા
વચન સમક્ષ ધ્રૂજતો હોય.
3 પરંતુ જે લોકો પોતાની જાતે પોતાના માર્ગની પસંદગી કરીને
પોતાનાં પાપોમાં આનંદ માને છે
અને જૂઠા દેવોને ધૂપ અર્પણ કરે છે,
તેમને હું શ્રાપ આપીશ.
દેવ તેમના અર્પણોને માન્ય રાખશે નહિ,
આવા માણસો દેવની વેદી પર બળદનું બલિદાન આપે
તે મનુષ્યના બલિદાન સમાન ગણાશે અને તેનો સ્વીકાર થશે નહિ.
પણ જો તેઓ ઘેટાંનું ખાદ્યાર્પણ લાવે તો
તે દેવની ષ્ટિમાં કૂતરાં અથવા ડુક્કરના
રકતનું અર્પણ કરવા જેવું ધિક્કારપાત્ર ગણાશે!
4 હું તેઓ જેનાથી ડરે છે
એવી આફતો જ પસંદ કરીને એમને માથે ઉતારીશ.
કારણ કે મેં હાંક મારી ત્યારે તેઓએ પ્રત્યુત્તર ન આપ્યો.
મેં તેઓને સંબોધ્યા
ત્યારે તેઓએ સાંભળ્યું નહિ;

મારી નજરે જે ખોટું હતું તે તેઓએ કર્યું.
અને મને ન ગમે તેવું
તેઓએ પસંદ કર્યું."

5 યહોવાના વચનથી ધ્રૂજનારા,
અને જેઓ દેવનો ભય રાખે છે
તેઓ આ વચન સાંભળો:
"તમારા ભાઇઓ તમારો દ્વેષ કરે છે
અને મારા નામ પ્રત્યેના વિશ્વાસુપણાને લીધે તમને કાઢી મૂકે છે,
તમારો બહિષ્કાર કરી મહેણાં મારે છે;
'અમે જોઇએ તો ખરાં કે યહોવા પોતાનો મહિમા કેવો પ્રગટ કરે છે
અને તમે કેવા ખુશ થાઓ છો!'
પરંતુ તેઓ પોતે જ ફજેત થશે."

### સજા અને નવી પ્રજા

6 સાંભળો, નગરમાં આ સર્વ કોલાહલ ઊઠે છે, મંદિરમાંથી
અવાજ સંભળાય છે! એ પોતાના દુશ્મનો પર વૈર વાળતા
યહોવાનો અવાજ છે.
7 "પ્રસવવેદના થતાં પહેલાં બાળકને જન્મ આપનારી સ્ત્રી જેવી
આ મારી પવિત્ર નગરી છે.
8 આવું કદી કોઇએ જોયું છે કે સાંભળ્યું છે? શું એક જ
દિવસમાં કદી કોઇ દેશ અસ્તિત્વમાં આવે ખરો? સિયોનને પ્રસવ
વેદના વેઠવી પડશે નહિ, અને તે પહેલાં એ દેશને જન્મ આપશે."
9 યહોવા તમારા દેવ પૂછે છે કે, "પ્રસૂતિકાળ પાસે લાવીને પછી
પ્રસવ ન થાય એવું શું હું કરીશ? ના, એમ હું કદી નહિ કરું."

10 યહોવા કહે છે, "યરૂશાલેમ પર પ્રેમ રાખનારાઓ, તેની સાથે તમે પણ આનંદો,
હર્ષોલ્લાસ માણો! એને માટે આક્રંદ કરનારાઓ, હવે તેના આનંદમાં આનંદ માનો;
11 માતાની શાતાદાયક છાતીએ ધાવીને
બાળક જેમ ધરપત અનુભવે છે

તેમ તમે એની ભરી ભરી
સમૃદ્ધિ ભોગવીને તૃપ્તિ પામશો."

12 યહોવા કહે છે,
"હું એના પર સરિતાની જેમ સુખશાંતિ વહાવીશ
અને ઊભરાતા વહેણાની જેમ પ્રજાઓની સમૃદ્ધિ રેલાવીશ.
તમે ધાવશો; કેડે ઊંચકી લેવાશો,
ખોળામાં તમને ખૂબ લાડ લડાવાશે.
13 નાનાં બાળકોને જેમ તેની મા દિલાસો આપે છે,
તે પ્રમાણે હું તમને દિલાસો આપીશ;
અને યરૂશાલેમમાં તમે સૌ દિલાસો પામશો."

14 તમે જ્યારે યરૂશાલેમને જોશો ત્યારે તમારા હૃદયમાં આનંદ થશે;
તમારી તંદુરસ્તી લીલોતરીની જેમ ઉગશે.
યહોવાનો ભલાઇનો હાથ તેમના લોકો પર છે,
અને તેમનો કોપ તેમના શત્રુઓ પર છે,
તે સર્વ પ્રજાઓ જોઇ શકશે.
15 યહોવા અગ્નિની જેમ,
વાવંટોળ જેવા રથો સાથે પ્રખર રોષથી
અને ભભૂકતા ક્રોધાગ્નિથી
આઘાત કરવાને આવી રહ્યા છે.
16 યહોવા આગ અને તરવારથી આખી
માનવજાતનો ન્યાય તોળશે,
અને ઘણા યહોવાને હાથે માર્યા જશે.

17 જેઓ દેહશુદ્ધિ કરી, સરઘસ કાઢી બીજા દેવોનાં ઉપવનમાં
પૂજા કરવા પ્રવેશ કરે છે, "જેઓ ભૂંડનું માંસ, ઊંદર અને
સાપોલિયાનાં મના કરાયેલા માંસની ઉજાણી કરે છે, તે બધાનો
તેમના કૃત્યો અને વિચારો સાથે દુ:ખદ અંત આવશે.

18 “તેઓ શું કરી રહ્યા છે અને તેઓ શું વિચારી રહ્યા છે તે
સર્વ હું જોઇ શકું છું. તેથી હું સર્વ પ્રજાઓને યરૂશાલેમમાં એકઠી
કરીશ અને ત્યાં તેઓ મારો મહિમા જોશે.
19 હું તેમને એક એંધાણી આપીશ અને તેમનામાંના બચી
ગયેલાઓને જુદી જુદી પ્રજાઓમાં મોકલીશ. હું તેમને લીબિયા
અને લ્યુડ તેમના કાર્યકુશળ ધર્નુધારીઓ સાથે, અને તાશીર્શ, (પુટ
અને બુદમા,) અને તુબાલ અને ગ્રીસ તથા દૂર દૂરના દરિયાપારના
દેશોમાં, જ્યાંના લોકોએ મારા ઉપદેશો સાંભળ્યાં નથી કે મારો
મહિમા જોયો નથી, અને મારા મોકલેલા એ લોકો ત્યાંની પ્રજાઓમાં
મારો મહિમા પ્રગટ કરશે.
20 અને યહોવાને માટે ઉપહાર તરીકે દરેક પ્રજાઓમાંથી તારા
સર્વ ભાઇઓને પાછા લાવશે. ત્યાંથી તેઓને મારા પવિત્ર પર્વત
યરૂશાલેમમાં ઘોડાઓ પર, રથોમાં, પાલખીઓમાં, ખચ્ચરો પર
તથા ઊંટડીઓ પર બેસાડીને કાળ જીપૂર્વક લાવવામાં આવશે,
એમ યહોવા કહે છે. કાપણીના સમયમાં જેમ અર્પણોને યહોવાના
શુદ્ધ પાત્રોમાં મંદિરમાં લાવવામાં આવે તેમ તેઓ યહોવાની સમક્ષ
અર્પણ રૂપ થશે.
21 તેઓમાંના કેટલાકને હું મારા યાજકો અને લેવીઓ બનાવીશ”
એમ યહોવા કહે છે.

## નવું આકાશ અને નવી પૃથ્વી

22 “હું જે નવું આકાશ અને નવી પૃથ્વી બનાવવાનો છું તે મારી
નજર સમક્ષ કાયમ રહેશે, તેમ તમારા વંશજો અને તમારું નામ
પણ કાયમ રહેશે.
23 વળી યહોવા કહે છે કે, દર મહિને ચદ્રદર્શનને દિવસે અને દર
અઠવાડિયે વિશ્રામવારને દિવસે આખી માનવજાત મારી આગળ
ઉપાસના કરવા આવશે.
24 “અને તેઓ બહાર જશે ત્યારે મારી સામે બળવો કરનારાંના
મુડદાં તેઓ જોશે; કારણ કે તેઓનો કીડો કદી મરનાર નથી;
તેઓનો અગ્નિ ઓલવાશે નહિ; અને તેઓ સમગ્ર માણસજાતને
ધિક્કારપાત્ર થઇ પડશે.”

# પવિત્ર બાઇબલ

## The Holy Bible in Gujarati, Easy Reading Version

copyright © 1997-2009 World Bible Translation Center

Language: ગુજરાતી (Gujarati)

Translation by: World Bible Translation Center

License Agreement for Bible Texts World Bible Translation Center Last Updated: September 21, 2006 Copyright © 2006 by World Bible Translation Center All rights reserved. These Scriptures:  Are copyrighted by World Bible Translation Center.  Are not public domain.  May not be altered or modified in any form.  May not be sold or offered for sale in any form.  May not be used for commercial purposes (including, but not limited to, use in advertising or Web banners used for the purpose of selling online add space).  May be distributed without modification in electronic form for non-commercial use. However, they may not be hosted on any kind of server (including a Web or ftp server) without written permission. A copy of this license (without modification) must also be included.  May be quoted for any purpose, up to 1,000 verses, without written permission. However, the extent of quotation must not comprise a complete book nor should it amount to more than 50% of the work in which it is quoted. A copyright notice must appear on the title or copyright page using this pattern: "Taken from the HOLY BIBLE: EASY-TO-READ VERSIONTM © 2006 by World Bible Translation Center, Inc. and used by permission." If the text quoted is from one of WBTC's non-English versions, the printed title of the actual text quoted will be substituted for "HOLY BIBLE: EASY-TO-READ VERSIONTM." The copyright notice must appear in English or be translated into another language. When quotations from WBTC's text are used in non-saleable media, such as church bulletins, orders of service, posters, transparencies or similar media, a complete copyright notice is not required, but the initials of the version (such as "ERV" for the Easy-to-Read VersionTM in English) must appear at the end of each quotation. Any use of these Scriptures other than those listed above is prohibited. For additional rights and permission for usage, such as the use of WBTC's text on a Web site, or for clarification of any of the above, please contact World Bible Translation Center in writing or by email at distribution@wbtc.com. World Bible Translation Center P.O. Box 820648 Fort Worth, Texas 76182, USA Telephone: 1-817-595-1664 Toll-

Free in US: 1-888-54-BIBLE E-mail: info@wbtc.com WBTC's web site – World Bible Translation Center's web site: http://www.wbtc.org

2013-11-04

PDF generated using Haiola and XeLaTeX on 18 Apr 2025 from source files dated 31 Aug 2023
e7105d68-9195-5020-a313-7baf29791a07